

આવૃત્તિ પહેલી : પ્રત ૧૦૦૦ : સને ૧૯૪૦ જાન્યુઆરી

ગૃહપુસ્તકાલય ગ્રંથમાળા : વર્ષ ત્રીજું : પુ. પહેલું

અપ્સરા અને બીજાં નાટકો

લેખક

ઈન્દુલાલ ગાંધી

કિં. એક રૂપિયો

સંપાદક અને પ્રકાશક

ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ, વકીલ

લાઠી : કાઠિયાવાડ

ગુર્જર સાહિત્ય ભંડાર : લાઠી : કાઠિયાવાડ

મુદ્રક : મનુભાઈ અમૃતલાલ શેઠ : સ્વાધીન મુદ્રણાલય : રાણપુર

ગૂર્જર પુસ્તકાલય ગ્રંથમાળા

[લવાજમ પોસ્ટ સાથે]

દેશમાં રૂપિયા પાંચ પરદેશ શિલીંગ દસ

નિયમો

૧ ગ્રાહક વર્ષ ૧૯૪૧ જાન્યુ.થી શરૂ થાય છે. ગ્રાહક વર્ષના કોઈ પણ માસથી થઈ શકાય છે, અને વર્ષની શરૂઆત પછીના પ્રકાશનો મળી શકે છે. [પાંચ રૂપિયામાં બારસો પેજના આઠ રૂપિયાની કિંમતના પુસ્તકો મળે છે]

૨ કુંટુબના જુદી જુદી રસવૃતિ ધરાવતાં દરેકને સંતોષ મળે તેવું સાહિત્ય પીરસાય છે.

૩ ગ્રાહક ન રહેવા ઇચ્છનારે નવેમ્બરમાં કાર્યાલયને જણાવી દેવું જોઈએ.

૪ સરનામું બદલાતું હોય ત્યારે ગ્રાહક નંબર સાથે જણાવવું.

૫ લવાજમ [આફ્રિકા સિવાય] ગમે ત્યાં ભરાય છતાં નાણાં કાર્યાલયને મળ્યા બાદ જવાબદારી સ્વીકારાશે.

૬ ‘ નામ તેનો નાશ ’ એ નિયમાનુસાર ગ્રંથમાળા અધવચ્ચે અટકી પડશે, તો પણ અન્ય શિષ્ટ પ્રકાશનો ખરીદીને રૂા. ૮)ની કિંમત અને બારસો પેજનો સરવાળો મેળવી દેવામાં આવશે. ગ્રાહકોનો વિશ્વાસ ભંગ ન થાય એ ઉદ્દેશે આ નિયમ અમોએ ખાસ નક્કી કર્યો છે. એ અમારી ગ્રંથમાળાની વિશિષ્ટતા છે.

સંચાલક

ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ

ગૂર્જર સાહિત્ય ભંડાર : લાઠી · [કાઠિયાવાડ]

નિવેદન

'ગૃહપુસ્તકાલય ગ્રંથમાળા'ના ત્રીજા વર્ષના પહેલાં પુસ્તક તરીકે જાણીતા લેખકની કૃતિ જેનું કવરચિત્ર જાણીતા કલાકાર શ્રી. કનુ દેસાઇએ કલામય બનાવી આપ્યું છે તે પુસ્તક અમારા ગ્રાહકો, વાચકો અને ચાહકો સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે.

લેખકની શકિત, ભાવનાઓ અને ભાષાની હૃદયસ્પર્શી શૈલી આપણને મુગ્ધ કરે છે. શ્રી. ઇન્દુભાઇએ અમોને જે લાગણીથી પ્રેરાઈ આ પ્રકાશન પ્રકટ કરવાની તક આપી છે તે બદલ અમો તેમના ઋણી છીએ.

આ પુસ્તક આપને મળે છે ત્યારબાદ લગભગ બે માસમાં શ્રી. ડો. કદમકૃત 'બાળકોની માવજત' અને બાલગીતોનું 'ગુંજન' એમ બન્ને પુસ્તકો એક સાથે મળી જશે. ત્યારબાદ 'આપણાં લગ્નગીતો' 'છૂપા આંસુ' અને છેલ્લા 'કલાપી સ્મારક ગ્રંથ' એમ પ્રકટ થશે.

આપ ગ્રંથમાળાને વધુ સમૃદ્ધ બનાવવા આપના સ્નેહી મિત્રોને ગ્રંથમાળાના નિયમો વંચાવી ગ્રાહક થવા ભલામણ કરશો અને ગ્રંથમાળા પ્રત્યે અમિનજર રાખી સંપૂર્ણ સાથ આપશો એવી શ્રદ્ધા સાથે.

સાહિત્ય સેવક

ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ

સંચાલક

ગુર્જર સાહિત્ય ભંડાર : લાઠી · [કાઠિયાવાડ]

આ જ લેખકનાં વધુ બીજાં

નાટકો

નારાયણી અને બીજાં નાટકો

પલટાતાં તેજ અને બીજાં નાટકો

અંધકાર વચ્ચે અને બીજાં નાટકો

કાવ્યો

તેજ રેખા

જીવનનાં જળ

ખંડિત મૂર્તિઓ

શતદલ

ગોરસી

નવલિકા

કીર્તિદા

હું કહું છું–

અહીં રજૂ કરેલાં પાંચ નાટકોમાં ચારેકનો રચનાકાળ ૧૯૩૫ની પહેલાંનો છે; એક હમણાંનું છે. પોતાને જાતે યોગી કે મુનિ, બ્રહ્મચારી કે વેદાન્તી, સૂરી કે ભક્ત કે કવિ કહેવડાવનારામાંથી નામાનુરૂપ ગુણવાળા બહુ જ થોડા હોય છે, તેવું 'અપ્સરા'ના નાયક શકુન્તલાલના સંબંધમાં પણ બને છે. નવયૌવનિયાં ઘણાં ઘણાં સ્ત્રીપુરુષો આત્મનિરીક્ષણરહિત, પોતાને અમુક અરસા દરમિયાન જે ભાવના આકર્ષક લાગી તેને માટે પોતાના આકર્ષણની ઉત્કટતા ઉપરથી જ માની બેસનારાં કે એ ભાવના, પોતે પોતાના ચારિત્ર્યમાં અને પોતાની બોલી ચાલી, આચાર વ્યવહારમાં જાતે સિદ્ધ કરી નાખેલી જ છે. 'મોતીવિનાની છીપ'માં કેટલાકને નાટ્યતત્ત્વ નહિ જેવું જ દેખાશે. 'અમુક વિચારણા કે મંતવ્ય અગર અમુક દૃષ્ટિબિંદુના આકર્ષક તેમ અસરકારક નિરૂપણ માટે નિબંધ શુષ્ક પડી જાય અને ટુંકી વાર્તા રચવી અઘરી પડી જાય ત્યારે આવી યોજના સરલ પડે છે.' આવું પણ કોઈ ધારી બેસે તો નવાઈ નહિ છતાં એની તખ્તાલાયકી માટે મારા મનમાં જરાય અશ્રદ્ધા નથી.

નવાં નાટકોની તખ્તાલાયકી માટે કેટલીક અવનવીન માન્યતા પ્રચાર પામી છે: માત્ર પ્રચાર નહિ, ધીમેધીમે દૃઢીભૂત પણ થઇ છે. નાટકની તખ્તાલાયકીનો હક્ક કઇ રીતે સાબિત કરવો એ ભારે અઘરૂં કામ છે. 'આ નાટકોને તમે તખ્તા પર મૂકી જોયાં છે ? એ ભજવવામાં સફળ થયાં છે ખરાં ?' આવી શુભેચ્છાપૂર્વક, મિત્રભાવે મળેલી સૂચનાઓમાં સર્જકે કડવાશનો અંશ શોધવાનો યત્ન કરવો જોઈએ નહિ એમ હું માનું છું છતાં ઊંડે ઊંડે એમ તો થયા કરે છે કે, સૂચન કરનાર પોતે જે વિશે લખે છે તેનું પૂર્ણ કે સાધારણ જ્ઞાન એને હશે ખરૂં ? મતભેદ હોય એ સવાલ મહત્ત્વનો નથી, માત્ર ખબર ન હોય એ સવાલને જ અહીં મહત્ત્વ આપું છું, સાચી સંગીન માહિતીના ખામી, કે વસ્તુ રજૂ કરવાની મન-

સ્વી રીત જ દુઃખરૂપ છે. મારો પક્ષ સબળ કરવાના પ્રયત્નરૂપે આ મેં લખ્યું નથી તેમ આવડતનો જુસ્સો અનુભવની કઠોરતાએ કાઢવા માંડયો છે. એમ પણ નથી માત્ર મેં મારી ફરિયાદ પૂરી મમતાથી અને વિશ્રબ્ધતાથી અહીં રજૂ કરી છે.

—ને એ તખ્તા ઉપર શું મૂકી શકાય ને શું ન મૂકી શકાય એ પણ અનુભવનો જ વિષય છે. એકાદ કથાકાવ્યને બે ચાર દર્શનોમાં વહેંચીને, સમજણપૂર્વક રંગભૂમિ પર રજૂ કરાય તો લોકહૈયાંને આનંદસુગ્ધ કરવામાં એ બીજાં કોઇ પણ નાટક કરતાં ઓછી શક્તિ ધરાવતું હોય એમ હું માનતો નથી. એના સબળ અને સફળ પુરાવા તરીકે, તેરમા સાહિત્યસંમેલન પ્રસંગે કરાચીમાં ભજવાયેલું 'મામેરૂ' ગણાવી શકાય. તે પછી તો બીજાં અનેક ભજવાયાં છે: અહીં ને બીજે પણ.

'અજાણ્યાં મોહકત' માં ગેરસમજના ગુલાબી વંટોળિયે ચડેલા મધુર દામ્પત્યકલહનું ચિત્રણ છે. બાકીનાં બે 'પતનના 'પાડોશીઓ' અને 'અનામિકા'માં માત્ર શ્રીમંત–મજૂર પ્રશ્ન નથી પણ કમલબીજોની જેમ નિજમાંથી ઊંચે જવાની, પોતામાંથી જ પાંગરવાની ને સ્વમાનપૂર્વક જીવવાની ભાવવાને આગળ કરી છે. એને 'પ્રચારવેડા'નું બિરુદ મળશે તો તો ખૂબ કરી કહેવાશે; કારણકે નિરંતર સુકોમલ તરંગલીલામાં રાચનાર મેટરલિંકનું આ કથન મને તો ખુબજ ગમે છે કે, 'સૌન્દર્ય દર્શન–પછી તે તખ્તા–ઉપરનું હોય, ભૂલોકનું હોય કે ગોલોકનું હોય, એજ અપૂર્વ દૃષ્ટિઉત્સવ છે. સુચિંતનનું કે ઇશ્વર સમાધિ–ભક્તિનું ફળ એ વિનાનું જે કાંઈ મળે એ મારે મન મિથ્યા છે. ઊડી ગયેલા સ્વપ્નને પકડવાના ફીફાંમાંથી જ ઊભી થયેલી એ અભિનવ શોભા, વાણીપટુતા–રંગ વાર્તા નાટક વેશે પણ નજર સામે આવતી હોય તો ભલે આવે, ભલે આવે.'

અમુક પાનામાં રહી ગયેલી જોડણી ભૂલો ને અનુસ્વાર દોષો માટે બીજો તો કશો જ બચાવ થઇ શકે તેમ નથી પણ લાઠી અને કરાચી વચ્ચેનું અંતર જેમની નજરમાં હશે એમને એ ગુનો અક્ષમ્ય નહિ લાગે.

સમરસેટ સ્ટ્રીટ,
કેમ્પ કરાચી ૧૧ 'ઓકટોબર '૪૦

ઇન્દુલાલ ગાંધી

શ્રી. હરિલાલ રાચ્છને

ગૂંથણી

અપ્સરા

પાત્રો

અન્નપૂર્ણા શકુન્ત

જયા

[એક જુનું પણ છબીઓ અને તોરણોથી શણ-ગારેલું ઘર. જમણા હાથ પર ખુણામાં એક સગડી પડી છે. તેના લાલ ટમેટા જેવા અંગા-રાએ ઘરને પ્રકાશથી ભરી દીધું છે. અહીંથી બરોબર જોઇ શકાય એમ સામેજ નાનકડું રસોડું છે: તેમાં ગોઠવેલાં એલ્યુમિનિયમ અને પિત્તળનાં વાસણો પર પણ સગડીનો પ્રકાશ પડતો હોય છે, ઓરડામાં ટેબલ કે ખુરશીઓ જેવું કશું દેખાતું નથી. નીચે માત્ર રંગીત ચટાઇ પાથરી છે. સુરજનાં છેલ્લાં કિરણો બારીમાં થઇને અહીં ઝાંખો ભુરો પ્રકાશ ફેંકતાં હોય છે. વાતાવરણ અત્યંત શાંત છે.

થોડી વાર પછી સામેનું બારણું ઉઘડે છે ને અન્નપૂર્ણા વિજળીની ઝડપે પ્રવેશ કરે છે. તેની ઉમર અઢાર વર્ષથી વધારે નથી. અતિશય ઠંડીને લઇને તેનું આખું અંગ સ્પષ્ટ રીતે ધ્રૂજતું હોય છે. આવીને તે સગડી નજીક બેસી જાય છે. સગડીના રાતા પ્રકાશમાં તેનું મોં વધારે રૂપાળું લાગે છે. આંખો આડે પથરાયેલી લટોને દૂર કરી તે ખૂબ પ્રસન્નતાથી અંગારાને જોઇ રહે છે. તેના મોં પર કોઇ અકલ્પ્ય હિંમત પથરાઇ પથરાઇ ભુંસાઇ જતી હોય છે. ફરી અચાનક બારણું ઉઘડે છે. શકુન્તલાલ ધીમેથી દાખલ થાય છે. તેની ઉમર પચીસેક વર્ષની હશે. ગરમ કપડાં પહેર્યાં છે છતાં તેનું આખું

શરીર ધ્રૂજતું હોય છે. આવીને તે અન્નપૂર્ણા સામે તાપવા બેસી જાય છે.]

શકુન્ત : (જરા કંપીને) તમે અત્યાર સુધી અહીંજ છો ?

અન્નપૂર્ણા : (ઠંડીથી સીસકારા કરતી) ત્યારે જાઉં ક્યાં ? તમે તો ઉતાવળા ઉતાવળા ભાષણમાં ચાલ્યા ગયા. (ઉડાવતી) ભલા માણસ ! મને 'આવવું છે' એમ પૂછવું તો હતું !

શકુન્ત : (ડઘાઇ) તમને કહેવાનો ઠીક લાગ મળ્યો. (હળવેથી) કેમ જાણે બાઇસાહેબ મારી સાથે રોજ ફરવા આવતા હોય !

અન્નપૂર્ણા : રોજ નથી આવતી પણ આજ તો જરૂર આવત. (ચીપી ચીપી) ને તમે ભાષણ આપવાના હો ત્યાં આવ્યા વિના મારાથી ચાલે ?

શકુન્ત : બોલવું હોય તેટલું બોલો, હું નિરાંતે સાંભળ્યા કરીશ. (ઉંચે સાદે) પૂર્ણાબહેન તમે આજે આવ્યા હોત તો પુરુષો પ્રત્યેનો તમારો રોષ તમારે હંમેશ ને માટે ગળી જવો પડત. (આડું જોઈ) આટલી ઠંડી છે છતાં સાંભળનારાની એટલી જબ્બર સંખ્યા હતી ! અને બોલનારાં બધાં મહાભારતના યુધ્ધે ચઢયાં હતાં !

અન્નપૂર્ણા : પણ તમને આવતાં કંઇક વાર લાગી.

શકુન્ત : (ઉતાવળે) આજની સભાએ ભારે કરી. બોલનારાં બધાં કેળવાયેલાં અને એક જ વિષય ઉપર બોલવાનું. ભારે ગમ્મત પડી.

અન્નપૂર્ણા : હું જયા બહેનને એજ પૂછવા ગઈ હતી. એમણે કહ્યું કે સ્ત્રીઓ વિરૂદ્ધની કાપડિયાની દલીલોનો શકુન્તભાઈએ બહુ સચોટ જવાબ આપ્યો. (ભારપૂર્વક) પણ તમને આવતાં આટલી બધી વાર કેમ લાગી ?

શકુન્ત: જયા બ્હેન આવ્યા હતા ત્યારે તમારે આવવું હતું ને ! સ્ત્રીઓની સંખ્યા પણ પુષ્કળ હતી. અને ઘોંઘાટ પણ એટલો થતો હતો !

અન્નપૂર્ણા : (અંગારાને ચીપિયા વતી ફેરવતી) સ્ત્રીઓ હોય ત્યાં ઘોંઘાટનું પૂછવું નહિ. (ફરી ફરી) પણ તમે મારી વાતને કેમ ઉડાવો છો ? તમને મોડું કેમ થયું તે તો કહો.

શકુન્ત : (અકળાઇ) પહેલા મને કૉફી પાઓ પછી હું એ વાતનું મંગલાચરણ કરું. (હસી) પૂર્ણા બ્હેન ! એ ઇતિહાસ અત્યંત સુંદર છે.

અન્નપૂર્ણા : (ઉઠતી) હું કૉફી મૂકું છું (રસોડામાં જઈ અન્નપૂર્ણા તપેલી લઇને પાછી આવે છે) મને એ 'સુંદર ઇતિહાસ'ની પ્રસ્તાવના તો જયા બ્હેને કહી છે, હવે કથા સાંભળવી બાકી છે.

> [તપેલી સગડી પર મૂકી અંદર ચોખ્ખું પાણી રેડે છે ને ફરી રસોડામાંથી કૉફીનો ડબો, સાકર, અને કપ લઇ આવે છે. આ વખત દરમિયાન શકુન્ત ચટાઈ નીચે પડેલાં કેટલાંક પુસ્તકો તપાસે છે ને એમાંથી એક ઉંચકી વાંચવા માંડે છે. જરાવાર પછી અન્નપૂર્ણા તેની સામે આવી બેસે છે. જિજ્ઞાસાપૂર્વક તે શકુન્તના મોં સામે જોઈ રહે છે.]

શકુન્ત : (ચોપડીનાં પાનાં ફેરવતો) આ લોકોને એક જાતની કુટેવ પડી છે.

અન્નપૂર્ણા : (આતુર હૃયે) કયા લોકોને કઈ જાતની ?

શકુન્ત : આ નવલકથાકારોને. પહેલું પ્રકરણ જરા માનસશાસ્ત્રના અભ્યાસનું ચીતર્યું, પછી પ્રણય, અને તે પછી પ્રણયકલહ ઉપર ઉતરે છે. (ચીડથી) પ્રેમનો કક્કોય ન જાણતા હોય છતાં !

અન્નપૂર્ણા : (ચીપીને) પ્રેમનો કક્કોય ન જાણતા હોય છતાં! તમને દલીલોથી હું નહિ જીતી શકું પણ ટીકાકારોના લક્ષ્યબિંદુ પ્રમાણે તમારામાંય થોડી ઘણી ઈર્ષા તો છે.

શકુન્ત : (સાશ્ચર્ય) ઈર્ષા ? શી વાત કરો છો ?

અન્નપૂર્ણા : (ભારપૂર્વક) સાચું જ, દરેક લખનાર અને બોલનાર હંમેશા આ ટેવને છાની રીતે પંપાળતા આવ્યા છે. બસ મારા જેવું કોઈથી લખાય નહિ—મારા જેવું કોઈથી બોલાય નહિ!

શકુન્ત : તમે તો મને ઉધડો લેવા માંડયો !

અન્નપૂર્ણા : (ખૂબ હસતી) આડું અવળું, શબ્દોથી ખીચોખીચ, ન સમજાય એવું બોલીને તમે હજાર માણસને આંજી શકશો પણ (કટાક્ષ પૂર્વક) હું એમ અંજાઈ જાઉં એવી નથી સમજ્યા ?

શકુન્ત : (જરા ધીમો પડી) હું લોકોને આંજી નાખવા ખાતરજ બોલું છું ? એવું તમે મારામાં શું જોયું જેમાં હું છાની રીતે અહંને સાચવી રાખતો હોઉં ? (આંખો ઢાળી) હું બોલું છું, બીજા બોલે છે એ કરતાં કંઈક ઉતાવળું ને વેગભર્યું. સાંભળનારા હસે છે. કોઈક તાળીઓ પાડે છે. કેટલાક કચવાય છે પણ ખરા ! હસનારા મારા શબ્દોમાંથી કટાક્ષ તારવે છે, તાળીઓ પાડનારા નક્કર દલીલોથી રીઝે છે. ને કચવાનારા આ બધામાં 'આડકતરી ટીકા'ના દર્શન કરે છે. પણ તમે તો મને એ બધાથી જૂદાજ રૂપે નીરખ્યો. (મોહક અવાજે) પૂર્ણા બહેન, તમે આવું હડહડતું સત્ય ક્યાંથી લઈ આવ્યા ?

અન્નપૂર્ણા : અરે, તમારી લુચ્ચાઈ!

[અન્નપૂર્ણા કિલકિલાટ હસે છે]

શકુન્ત : (ઝબકીને) લુચ્ચાઈ? પૂર્ણા બહેન—

અન્નપૂર્ણા : (વચ્ચે) હવે રહેવા દો મિસ્તર! વાતો રમાડવાની તમારી ટેવથી હું મુદ્દલ અજાણી નથી. (છણકાવતી) તમે ધાર્યું હશે કે આમ આડી અવળી વાતો કરીને હું પૂર્ણા બહેનને પેલા 'સુંદર ઇતિહાસ'ની કથા ભૂલાવી દઈશ પણ હું તમારો કેડો એમ છોડવાની નથી.

શકુન્ત : (યાદ લાવી) અરે, એ વાત ને તો હું ચાવીજ ગયો. સારું ત્યારે (સગડી સામું જોઈ) કૉફી ઉકળી ગઈ છે. ચાલો કપ ભરવા માંડો.

(અન્નપૂર્ણા સાણસીવતી તપેલીને ઉંચકી કૉફીના બે પ્યાલા ભરે છે. એક પ્યાલો શકુન્ત સામે મૂકી બીજો પોતા માટે રાખે છે. સગડીનો તાપ જરા વધારે ફૂંક આપતો હોય છે. બંને ધીમે ધીમે કૉફી પીવા માંડે છે.)

અન્નપૂર્ણા : (કૉફી પીતાં) હવે વાત શરુ કરો.

શકુન્તઃ (કચવાતો હોય તેમ) જવા દોને પૂર્ણા બહેન! એ કથામાં કંઈ માલ જેવું નથી. નાહક તમને પુરુષો ઉપરથી શ્રદ્ધા ઉઠી જશે. ને ખાસ કરીને મારા ઉપરથી તો ચોક્કસ!

અન્નપૂર્ણા : એમ અત્યારથી ઢીલાપોચા શું થાઓ છો! (ખાલી કપ નીચે મૂકીને) પુરુષો પ્રત્યે સ્ત્રીઓને અશ્રદ્ધા રાખવાનાં ઘણાં કારણો છે. પહેલું તો એ કે તમને સ્ત્રીઓ વિશે સાફ સાફ વાત કરતાં જ નથી આવડતી. સ્ત્રીઓને તમે ધુતકારો છો ત્યારે પણ તમારા મોં પર મધુરું સ્મિત રમતું હોય છે. આંખની કીકીઓ નાચતી હોય છે. અને પગ મોરની જેમ 'થનક થનક' ગેલ કરતા હોય છે. શકુન્તભાઈ! આવાં તો હજારો કારણો છે. હવે પેલી વાત શરુ કરો.

શકુન્ત : તમે તો મને અત્યારથી હરાવવો શરુ કર્યો ! મારી જીભ ડગલુંય નહિ ભરે !

અન્નપૂર્ણા : (ડામતી) તમારામાં પણ મેં કહ્યા તેવા પુરુષના દુર્ગુણો પ્રવેશવા માંડયા કે શું ?

શકુન્ત : (હાથ જોડી) માફ કરજો. હવે મારે એવું નથી સાંભળવું.

અન્નપૂર્ણા : (શિક્ષિકાના તોરથી) ત્યારે પેલો 'ઇતિહાસ'—

શકુન્ત : (વચ્ચે) કહું છું. નિરાંતે સાંભળજો. (સ્વસ્થ થઈ બેસે છે) જાણે એમ બન્યું પૂર્ણા બહેન, કે જ્યારે મારું ભાષણ ચાલતું હતું ત્યારે સ્ત્રીઓના જથ્થામાંથી કોઈ અજાણી સ્ત્રીએ ઊભા થઈ મને બોલતો અટકાવ્યો અને પોતે કોમળ પણ અંતરને વીંધીને આરપાર નીકળી જાય એવા તીક્ષ્ણ અવાજે બોલવા માંડયું: 'અમને સ્ત્રીઓને તમારી આ શાબ્દિક સહાનુભૂતિ જરાય માન્ય નથી. બહાર બોલો છો એવું ઘરમાં વર્તન ન રાખો ત્યાં સુધી આવી સભાઓમાં સ્ત્રીઓ વિશે બોલવાનો અધિકાર તમને આપ્યો છે કોણે?'

અન્નપૂર્ણા : (વચ્ચે હસતી) કોઈ માથાની નીકળી ! પછી ?

શકુન્ત : પછી શું ? પુરુષોમાં ઘોંઘાટ ઉઠયો ને એ બીચારીની દલીલ હવામાં ઉડી ગઈ. સભા ખલાસ થયા પછી એને ધારીને નિરખી લેવા હું હૉલના દરવાજા આગળ પાએક કલાક થોભ્યો. પહેલાં તો મને શ્રદ્ધા નહોતી કે હું એને જોઈ શકીશ, પણ થોડીવારે સ્ત્રીઓના જુથ વચ્ચે થઈ ને એ નીકળી. (કોઈ રસવાર્તા કહેતો હોય તેમ) પૂર્ણા બહેન ! મને બીક લાગે છે કે તમે આને મારા મનની નબળાઈ ગણશો, પણ સાચે જ એ વખતે હું સાન ખોઈ બેઠો હતો. અંધકાર સોંસરવો પ્રકાશ નીકળે તેમ તે નીકળી. તેણે તદ્દન સફેદ વસ્ત્રો પહેર્યાં હતાં. વાળ છુટ્ટા હતા એટલે કેટલીક

ઉડતી લટો એના રૂપાળા મોં પર નાચકૂદ કરી રહી હતી. અપ્સરા જેવી તે મારી નજીકમાં થઇને નીકળી. એની ચાલમાં જરાય બાલિશતા નહોતી. એનું પગલું મર્યાદાપૂર્વક ઉપડતું હતું. તેની મોહક આંખો ચારેકોર ફરતી હતી. મને જોયો અને એની આંખમાં નવું તેજ આવ્યું. ખરી રીતે એ તેજ નહોતું, વિજળી હતી. એ વિજળી હું ઘૂંટડે ઘૂંટડે પચાવી ગયો. (ભાન ભૂલતો હોય તેમ) પૂર્ણા બહેન ! તમે મને ગમે તેવો ધૂની માણસ સમજજો. પણ એ જાદુઈ સૃષ્ટિ ભૂલવાના અનેક પ્રયત્ન કરું છું, છતાં ભૂલાતી નથી. અને–(આંખો મીંચી) અને નહિ જ ભૂલી શકાય કદાચ.

અન્નપૂર્ણા : (મનમાં) બિચારો કલ્પનાનો માણસ–(પ્રકટ) શકુન્તભાઈ! પછી ?

[કોઇ મધુર સ્વપ્નમાંથી જાગતો હોય તેમ શકુન્તલાલ અજાણતાં ઝબકી જાય છે, ને ફરી સ્વસ્થ થઇ બેસે છે. તેના આખા શરીરમાં માનસિક વેદના પથરાઇ વળી હોય તેમ તે અપરંપાર ઠંડી છતાં ચારેકોર ઉકળાટ અનુભવે છે. તેની આંખો સામે અનેક કાલ્પનિક સ્ત્રી મૂર્તિઓ ઝૂંટાઝૂંટી પડી પડીને 'ઓ પ્રિયતમ ! ઓ પ્રિયતમ !' એમ પ્રેમની મધુર ભાષામાં તેને સાદ કરી રહી હોય એમ તેને લાગે છે. અન્નપૂર્ણા તેના પળે પળે પલટાતા મુખભાવને આશ્ચર્ય પામ્યા વિના જોઈ રહે છે.]

અન્નપૂર્ણા : (તેને જગાડતી હોય તેમ) પછી શું બન્યું શકુન્તભાઈ!

શકુન્ત : આવી નફ્ટ 'પ્રેમ વાર્તા' તમને સાંભળવાની ગમે છે એ નવાઈભર્યું નથી ?

અન્નપૂર્ણા : તમને લાગ્યું હશે; મને એની મુદ્દલે અસર નથી થવાની.

શકુન્ત : (વાર્તાના પાત્રની જેમ) અન્નપૂર્ણા, તમેય અદ્દભુત છો.

અન્નપૂર્ણા : (વ્યંગમાં) હઇશે કદાચ, પણ પેલી શ્વેતામ્બરી અપ્સરા જેવી તો નહિ !

શકુન્ત : તમે મને ઉડાવવા માંડ્યો.

અન્નપૂર્ણા : ને, તમે મને ! કારણ કે આમ જુદી જુદી વાતો કરીને તમારે પેલી પ્રેમવાર્તાનો ઉપસંહાર ચાવી જવો લાગે છે.

શકુન્ત : (હાવકાઇથી) વાર્તા જેટલો ઉપસંહાર આકર્ષક નથી. અમે મળ્યા, એણે મને જોયો ને મેં એને જોઈ. એ મિલન કહેવાય ? મારે તો એની જોડે કેટલીક ભાવનાસિદ્ધિની વાતો કરવી હતી. પણ ચારેકોર પથરાયેલા ગૂંગળાટ વચ્ચે એવું મનોરમ એકાંત અમને ક્યાંથી મળે ? (ધીમો નિસાસો લઇ) તે છતાં ફરી મેં એને શોધવા પ્રયત્ન કર્યો, પણ લોકોના ધોધમાર પ્રવાહ વચ્ચે એ મૂર્તિ કોણ જાણે ક્યાં અલોપ થઈ ગઈ. હું આંખોના તેજ પાથરી પાથરી આખા જનસમુદાયને જોઈ રહ્યો ! પણ કંઇ વળ્યું નહિ. આખરે હતાશ થઇ ઘર ભણી વળ્યો.

[કોઇ સિદ્ધ વસ્તુ ખોવાઇ ગઇ હોય તેમ શકુન્તલાલ ઉભો થઇ બારી આગળ આવી બહાર આછા પથરાયેલા અંધકાર તરફ જોઇ રહે છે.]

અન્નપૂર્ણા : (ફટકાવતી) એક સ્ત્રી જોઈ છે તેમાં આમ ઘેલા ઘેલા શું થયા છો ? એવાં રૂપ કોઇ બીજીમાં નહિ હોય ?

શકુન્ત : રૂપનો પ્રશ્ન નથી પૂર્ણા બહેન ! એમાં રૂપ સિવાય બીજું પણ ઘણું હતું. શું હતું તે કહેવાને મારી પાસે પુરતા શબ્દોય નથી. (દિવાલને સંભળાવતો હોય તેમ) એ એવું કંઇક હતું જે ચિત્તને બાંધી રાખે, ઊર્મિઓને નચાવે ને કલ્પનાને થંભાવી દે; અરે—અરે–તમે એને જોઇ શકયા હોત !

અન્નપૂર્ણા : (ઉભરો આવે તેમ) તો મને ય તમારી જેમ ગાંડપણ આવત એમ ?

શકુન્ત : તે મારાથી કેમ કહી શકાય ? પણ એટલું ચોક્કસ કે તમારી અર્થદૃષ્ટિમાં એ સ્ત્રી વિશે તમારે જુદું સ્થાન રાખવું પડત.

અન્નપૂર્ણા : તમે મનેય સાથે ઘસડવા માંડી કે શું ? (ઉભી થતી) શકુન્તભાઈ, એ સૃષ્ટિ તમે એકલાએજ ભલે તાબે કરી, મારે એ નથી જોઇતી.

શકુન્ત : હવે આપણી વાતો ખૂટે તો સારું. ચાલો લેમ્પ સળગાવો. અંધારું થવા આવ્યું છે. હું જરા બહાર લટાર મારી આવું.

અન્નપૂર્ણા : (લેમ્પ સળગાવતી) અત્યારે ક્યાં જવું છે ? આટલી કકડતી ઠંડીમાં ?

શકુન્ત : ત્યારે મારાથી અહીં થોડુંજ રહેવાશે ? અજાણ્યું ઘર, એકલી સ્ત્રી, મોહક વાતાવરણ—

અન્નપૂર્ણા : (વચ્ચે નાકે આંગળી મૂકી) ચૂપ.

શકુન્ત : (જતાં જતાં) લ્યો ત્યારે, રામરામ !

અન્નપૂર્ણા : (કમાડને અઢેલી) પાછા જરુર આવજો. હું જયા બહેનને બોલાવી લાવીશ. વાતો કરવાની ગમ્મત પડશે.

શકુન્ત : (જરા અટકી) ચોક્કસ નહિ.

અન્નપૂર્ણા : (કરગરીને) તમે ક્યાં જાઓ છો તેની મને ખબર છે. શકુન્તલાલ મને શંકા છે કે તમે બધું ભૂલી જશો ! પેલા આનંદી દિવસો, સ્વપ્નાઓ...

શકુન્ત : (આડી નજરે) હું કશું જ નહિ ભૂલું. પણ એ બધાં સ્મરણોને તાજાં કરવાનું અત્યારે હોય ! (જવાની ઉતાવળમાં) હું બધાયને તો ઠીક પણ તમને તો નહિ જ ભૂલી શકું.

અન્નપૂર્ણા : (ગળગળી થઇ) મને ખબર છે તમે અત્યારે પેલી અપ્સરાને શોધવા—

શકુન્ત : (ઉમરા બહાર જતાં) ના, હા—કદાચ. (ફરી—અન્નપૂર્ણા સામે જોઇ) તમે અદેખા થશો નહિ. માણસને જીવનમાં અનેક આદર્શો મૂર્તિમંત કરવાના હોય છે.

[તે ઝડપબંધ જતો રહે છે. અન્નપૂર્ણા તેની પીઠ પાછળ એક દયાર્દ્ર નજર ફેંકી બારણું બંધ કરે છે. ને ઓરડામાં આવી ખડખડાટ હસી પડે છે. ફરી તરત જ બારણું ઉઘડે છે. ધીમા ને સાવચેત પગલે જયા પ્રવેશ કરે છે. તેને સત્યાવીશ વર્ષ થયાં છે છતાં જોનારને ભાગ્યે જ વીશ લાગે. રૂપાળું મોં, તેજસ્વી આંખો અને લલિત—કોમલ દેહરચનાથી તે સામાન્ય સ્ત્રી કરતાં વધુ આકર્ષક લાગે છે.]

જયા : (તેને હસતી જોઇ) આજે કંઈ ખૂબ આનંદમાં છો?

અન્નપૂર્ણા : એ આનંદમાં ભાગ લેવા તમને નિમંત્રણ મોકલવું હતું ત્યાં તમે આવ્યા. (પગવની ચટાઇને ઠીક કરતી) અહીં આવો, બેસીને નીરાંતે ગપ્પા હાંકીએ. (હસે છે)

જયા : પણ તમે આટલા હસો છો શું ?

અન્નપૂર્ણા : હસું નહિ ત્યારે રડું? શકુન્તલાલ અપ્સરા શોધવા નીકળે એ ઓછા આનંદની વાત નથી! હવે તમે જ કહો, મારે શું કરવું ?

[ઓરડો ગાજી ઉઠે એવું મોટેથી હસે છે.]

જયા : (સમજીને) અરે, લુચ્ચી! હજી પેલી વાતનો અંત નથી આવ્યો ?

અન્નપૂર્ણા : એમ એક અંકમાં ખેલ પૂરો થતો હશે? (આંખો નચાવતી) છેલ્લો અંક તો હજી અધરાત પછી પુરો થવાનો છે.

જયા : એટલે જ પેલાં આભૂષણો તમે મારે ત્યાં રાખ્યા છે એમ કહોને. (વખાણતી) તમેય વેશ ભજવનારા જબરા નીકળ્યાં!

અન્નપૂર્ણા : (વિચાર કરી) બધું પાધરું ઉતરે તો તો ઠીક નહિતર મારી ફજેતીનો પાર નથી.

જયા : તમારી આ અટપટી યોજનાનું મૂળ તમે મને હજી સમજાવ્યું નહિ. આ બધો ગોટાળો શો છે?

અન્નપૂર્ણા : બધું છે વિચારવા જેવું : તમે એ સાંભળશો ત્યારે આંગળા કરડશો.

જયા : (હોઠે આંગળી મુકી) એવું શું છે!

અન્નપૂર્ણા : શકુન્તલાલ ને હું બંને જૂના મિત્રો છીએ. મેં ધાર્યું હોત તો આ વર્ષે અમે પરણી ગયા હોત. પણ મારા વિચારોને એ બંધબેસતું આવ્યું નહિ. (નિઃશ્વાસ ખેંચી) શકુન્તલાલમાં એક મોટું અપલક્ષણ છે. કોઈ વાને રૂપાળી એવી નવી સ્ત્રી જુએ એટલે એને આંજી નાખવાના પ્રયત્નો માંડે! કપડાંની સફાઈથી, વાણીની છટાથી, કે નટના મોહક હાવભાવથી એ સ્ત્રીને પોતા તરફ આકર્ષી લેવા દોડે. પછી એ સ્ત્રી ધનપતિની પુત્રી હોય, કરોડપતિની પત્ની હોય કે પછી રસ્તે બેસનારી નાચનારી હોય! (અમસ્તું હસીને) આવી કુટેવ છોડાવવા તમે મારે સ્થાને હો તો કયો રસ્તો લો?

જયા : (હાર કબૂલી) મને તો કંઈ ન સૂઝે.

અન્નપૂર્ણા : સાચી વાત છે. પહેલાં તો મનેય કંઈ ઉપાય સૂઝ્યો નહિ. છ મહિના સુધી મેં વિચાર્યા કર્યું ને છેવટે એક નિર્ણય પર આવી, મારે એનો સાથ છોડી દેવો. પણ આમાં મને મિત્રદ્રોહના દર્શન થયા. જેને હું એક વખત પતિ તરીકે સ્વિકારવા તૈયાર થઈ હતી તેને ખાડામાં હડસેલી દેતાં મને શરમ ઉપજી! (ઝીણી

આંખે) કદાચ પરણ્યા પછી એ કુટેવ મારા જાણવામાં આવી હોત તો! તો પણ મારેજ એ કુટેવ સાફ કરવી પડત. (સ્વસ્થ થઈ) આ વિચારે હું એમનો સાથ છોડી શકી નહિ. ને (જરા શરમાઈ) એમની કુટેવને મોહિની પીવડાવવા મારે ભરસભામાં અપ્સરાનો વેશ ભજવવો પડયો!

જયા: વેશપલટાની એ કળામાં તમે મુદ્દલે અસફળ નથી થયા. (નવાઈ પામતી) નવાઈ જેવું તો એ હતું કે એટલી મેદની-માંથી કોઈ તમને ઓળખીજ ન શક્યું. પુરુષો આશ્ચર્યથી જોઈ રહેલાં, સ્ત્રીઓ છાની ઈર્ષાથી: પૂર્ણા બહેન! સાચું કહું? મને પણ જરાક તમારા પ્રત્યે—

અન્નપૂર્ણા: (વચ્ચે) મારે એ નથી સાંભળવું.

જયા: તમારા આ કાર્યમાં મારી ભાગીદારી છે એટલે મારા તરફથી વખાણ અને નિંદા સાંભળવા તમે બંધાયેલા છો.

અન્નપૂર્ણા: (ફીક્કી પડી) તેની હું ક્યાં ના કહું છું? [ભૂતકાળમાં ઉતરતી] સારું થયું જયા બહેન! કે બરોબર આ વખતે જ મારા બા—બાપુજી અમદાવાદ ગયા! નહિતર આપણી આ યોજના અને બધા તરંગમિનારાનો ભાંગી ભુક્કો થઈ જાત. ને મારી વર્ષોની સાધના—

[વાકય પૂરું કરે તે પહેલાં અચાનક એક અત્યંત ધીમો નિસાસો તેના હૃદયમાંથી નીકળી જાય છે. ને મોં પર વિષા-દની છાયા પથરાય છે. જયા એ જુએ છે ને પામી જાય છે.]

જયા: તમે અચાનક રડવા જેવા કેમ બની ગયા?

અન્નપૂર્ણા: (વાત ઉડાવતી) ભલા થઇ એવું ખોટું આળ મૂકશો નહિ! હું કદિ રડીજ નથી. અમસ્થો, એક નકામો વિચાર આવી ચાલ્યો ગયો.

જયા : (તેને પામી જઈ) છૂપાવો છો શા માટે? હું તમારા હૃદયને પૂરેપૂરું વાંચી ગઈ છું. (આશ્વાસનની રીતે) પૂર્ણા બહેન! તમે કંઈક અકથ્ય દુઃખ અનુભવી રહ્યા હો એવું મને લાગે છે.

અન્નપૂર્ણા : એવું કશું વિચારશો જ નહિ! અને (પરાણે હસતી) મને દુઃખ શું હોય? જ્યાં તમારા જેવી બહેનપણી છે. શકુન્તલાલ જેવો મિત્ર છે, પથ્થરથીયે કઠોર એવું મારું હૃદય છે!

જયા : પથ્થરથીયે કઠોર હૃદય લઇને તમે જીવી શકો છો!

અન્નપૂર્ણા : (અકથ્ય વેદનાથી) હૃદયને પથ્થર જેવું ન કર્યું હોત તો કયારનુંએ કચડાઈ છિન્નભિન્ન થઈ ગયું હોત.

જયા : માફ કરજો પણ તમે આ બધું શકુન્તલાલને ઉદ્દેશીને કહેતા હો એવું લાગે છે.

અન્નપૂર્ણા : મારે બીજા કોને ઉદ્દેશીને કહેવાનું હોય? (ગળગળી થઈ) મેં એમને મિત્ર તરીકે સ્વિકાર્યા ત્યારે મારી આંખમાં મોહ નહોતો. એની તેજોમય કાંતિને જોઇને કંઈ હું તેની પાછળ પાછળ નહોતી ગઈ. મને એની વિદ્વતાએ છેતરી, બોલવાની ટેવે મુગ્ધ કરી. (નિસાસો નાખી) એવો પ્રતાપી પુરુષ સુંદરતાની મોજડીઓ સાફ કરનારો નીકળશે એવી મને કલ્પનાયે તે વખતે ક્યાંથી આવે?

જયા : (પંપાળતી) મારી ભોળી બહેન!

અન્નપૂર્ણા : (ઉકળી) મારા ભોળપણ ઉપર પગ મૂકીને ચાલનારા પ્રત્યે મને દ્રોહ નથી. અંતર જેના તરફ ધસડાયું હોય તેના માટે જીવન સર્વસ્વનું બલિદાન વિસાતમાં નથી. શકુન્તલાલનું રુંવાડે રુંવાડું હું પિછાનું છું. એના શરીરના અણુએ અણુમાં હું પ્રવેશી ચૂકી છું, છતાં હું તેના અંતરને પામી શકી નથી. કોઈવાર તે અત્યંત દુઃખી હોય તેમ દેખાય છે તો કોઈવાર કારણ વગર એકલા એકલા

હસ્યાજ કરે છે. (હતાશ થઈ) આવું હોય ત્યાં તેમના સંતોષ અસંતોષને ઓળખવાનું કેમ જ બની શકે? તમે આને પ્રેમની ઘેલછા કહો તો તે પણ સાચું નથી. પ્રેમ કે સૌંદર્ય તરફ ધસડાતા માણસના વિચારોમાં ને ક્રિયાઓમાં જે સ્વાભાવિક ફેરફારો જાણ્યે અજાણ્યે થવા પામે છે તેનાથી તેઓ તદ્દન અજ્ઞાત છે.

જયા : તમારે ઘણું સહન કરવું પડયું છે.

અન્નપૂર્ણા : તેમાં આજનો ઉમેરો અસહ્ય છે. હું એ યાદ કરું છું ને શરમાઉં છું. સાધારણ રીતે સ્ત્રીઓને પ્રસન્ન રાખવા પુરુષો મથતા દેખાય છે. મારે ત્યાં એથી ઊલટો ક્રમ છે. (અચકાતી) કોઈ બજારુ સ્ત્રી પણ જે કામ કરવા તૈયાર ન થાય એવું પગલું મેં ભર્યુ છે. છતાં સિદ્ધિ છેલ્લા પ્રવેશ પર લટકી રહી છે. અરે, જયા બહેન! એ કલ્પના કેટલી ભયંકર છે?

[જયા ઉત્તર આપે તે પહેલાં પગરખાંનો અવાજ સંભળાય છે ને તરતજ બારણા પર કોઇ ધીમે ધીમે આંગળા પછાડતું હોય તેમ લાગે છે. અન્નપૂર્ણાના સંકેતથી જયા હળવેથી ઉઠી ઊભી થાય છે ને દરવાજેથી બહાર જતી રહે છે. અન્નપૂર્ણા બત્તીના પ્રકાશને જરા વધારી ઝડપથી બારણું ઉઘાડવા દોડી જાય છે.]

અન્નપૂર્ણા : (બારણું ખેંચતી) મને ખાત્રી છે કે તમેજ હશો.

[અત્યંત ધીમે પગલે શકુન્તલાલ પ્રવેશ કરે છે. બત્તીના ઝાંખા પ્રકાશમાં પણ તેના મોંની ફિક્કાશ સ્પષ્ટ દેખાઇ આવે છે.]

શકુન્ત : (પડેલા અવાજે) મને ઓઢવા એક કામળી આપો.

અન્નપૂર્ણા : (કામળી આપતી) મેં નહોતું કહ્યું કે આટલી ઠંડીમાં બહાર રખડવા જશો નહિ!

શકુન્ત : ઠંડી લાગવી હશે તો લાગશે, (હતાશ થઈ) ને હું મરી જાઉં તેમાં કોઈને શું? (હાથ લંબાવી) તમે નીચે બેસો એક નવાઈની વાત સંભળાવું.

[અન્નપૂર્ણા નીચે બેસે છે.]

શકુન્ત : (સ્થિર નેત્રે) અન્નપૂર્ણા ! અમે નિશાળમાં ભણતા ત્યારે મહેતાજીએ એક વાર્તા કહેલી. એક રાજકુંવર હતો. એક દિવસ મૃગયા રમતાં રમતાં તેણે કોઈ અજાણ્યા સરોવરકાંઠે નહાવા બેઠેલી અપ્સરા જોઈ. ચંદ્રના કિરણમાંથી ઘડી હોય એવું એનું રૂપ હતું. રાજકુંવરને તેને જોઈને મૂર્છા આવી. પેલી અપ્સરા તો બીકની મારી નાસવા લાગી. કુંવર મૂર્છામાંથી ઉઠયો ત્યારે પેલી અપ્સરા અલોપ થયેલી લાગી. કુંવરે તેની શોધ લેવા ચારેકોર રખડવા માંડયું. અંતે સંધ્યાની કિરણવેલ પર ચઢીને આકાશ માર્ગે દોડી જતી એણે દીઠી. કુંવરે વગડો જાગી ઉઠે એવા સાદે તેને બોલાવવા માંડી, પણ અપ્સરા નીચે ઊતરે તોને! (ભયંકર હસીને) જતાં જતાં અપ્સરાએ કહ્યું કે 'મને નીચે ઉતારવી હોય તો આખા વગડામાં ગુલાબનાં ફૂલ પાથરજે ને આકાશ સુધી તેજ દોરીની નિસરણી ગૂંથજે.' કુંવરે ગુલાબનાં ફૂલ તો પાથર્યાં પણ એટલે ઉંચે નિસરણી કેમ કરીને પહોંચે? કુંવરે પંડિતોની સભા બોલાવી. દેશ દેશના બુદ્ધિવાનોને પૂછાવ્યું, પણ તેજદોરીની નિસરણીનો તોડ કોઈથી થઇ શકયો નહિ. આખરે કુંવર થાકયો. તેણે અપ્સરાનું મોં જોવાની આશા છોડી ! સંસાર તેને કડવો ઝેર થઈ પડયો. રાજપાટ ત્યાગી તે વગડા ભણી ચાલી નીકળ્યો. આખો વગડો ફૂલથી મ્હેક મ્હેક થતો હતો. કુંવર પત્થરનું ઓશીકું કરી ધરતી પર સૂતો. મધ્યાહ્નનો સુરજ ક્રૂર નજરે તેને જોઈ રહ્યો. કુંવરની આંખોના તેજ ઠેઠ સુરજની કીકીઓ સુધી પહોંચ્યા

ને તેજની એક અદ્‌ભૂત નિઃસરણી ગુંથાઈ ગઈ (આંખોમાં તેજ લાવી) તે નિસરણી પર થઇ ને પેલી અપ્સરા ઉતરી. રાજકુંવર તેને જોઈ હરખઘેલો થઈ ગયો. બંને પ્રસન્નવદને રાજધાનીમાં આવ્યાં.

અન્નપૂર્ણા : (કંટાળી) પણ તમારે કહેવું છે શું ?

શકુન્ત : (આમ તેમ જોઇ) તમે સમજ્યા નહિ ? મને પણ પેલી અપ્સરા મળી હતી ! તેણે કહ્યું કે આંખોના તેજની શાહીને પાંપણની પીંછીએ જે કોઈ મારું ચિત્ર દોરી આપે તેને હું પરણવાની છું !

અન્નપૂર્ણા : (ગંભીરતાથી) તમે હવે કલ્પના જોડે રમવા માંડયું !

શકુન્ત : મને ખાત્રી છે કે તમે મારી એક પણ વાત સાચી નથી માનવાના. (ફિક્કો પડી) હું નાહક બધા ઉભરા તમારી આગળ ઠલવવા દોડયો આવું છું.

અન્નપૂર્ણા : (ચાવીને) નાહક જ ! (નજીક સરતી) અરે, મિસ્તર ! તમે જેની પાછળ રખડયા કરો છો, એ બિચારી તમારા માટે જયા બહેનને ત્યાં ત્રણ ધક્કા ખાઈ ગઈ.

શકુન્ત (ચમકી) ત્રણ ધક્કા ? જયા બહેનને ત્યાં ? (ભાન ભૂલતો હોય તેમ) એ–એ અહીં આવે ? મારા માટે ! (ડોક લંબાવી) તમે સ્વપ્નમાં તો નથી ?

અન્નપૂર્ણા: તમે વાતને ઠીક ચગળવા માંડી. (ઊંચી થઇ) શકુન્તલાલ ! માણસને જાગતાંય સ્વપ્નાં આવતાં હશે ?

શકુન્તઃ (ગુંચવાયો હોય તેમ) અરે, અરે, કદાચ. (અનુકંપા પામતો) સાચું કહો છો ! એજ હતી ? મેં કહી હતી તેવી અપ્સરા ! તમે એને જોઇ !

અન્નપૂર્ણાઃ હું જાતે જોયા વિના માનું ખરી? (હળવેથી) શકુન્તલાલ તમે કહ્યું કે જોયું છે એવું જ એનું રૂપ હતું. મને તો તમારા જેવું સુંદર વર્ણન નહિ આવડે! પણ એ દૃશ્ય હું કદિ નહિ ભૂલી શકું. (વાર્તાની જેમ) હું ને જયા બહેન બેઠાં હતાં. જરાય અવાજ વગર સામેનું દ્વાર ઉઘડયું ને તેજસ્વી આકૃતિ બહારના અંધકારને વીંધીને ધીમે ધીમે અમારી નજીક આવવા લાગી. એનાં પગલાંમાં એટલી ચપળતા હતી! વાળ તમે જોયા હતા તેવા છુટ્ટા હતા. પાંપણો ઢળેલી હતી, ને બીડાયેલી પાંખડીઓની જેમ હોઠ બીડેલા હતા. હૃદયના ધબકારા સંભળાય એવી અપાર શાંતિ હતી. આવીને તે અમારી સાથે ઉભી રહી. કોઈ કંઇ બોલ્યું નહિ. અમે બંને મીણનાં પૂતળાંની જેમ એને જોઈ જ રહ્યાં.

શકુન્તઃ (અપાર વેદનાથી–વચ્ચે) તમે એને કંઈ પૂછયુંજ નહિ?

અન્નપૂર્ણા : ધીરા પડો. અમે કંઈ બોલવાનો વિચાર કરીએ તે પહેલાં તેણે બોલવા માંડયું. વાણીમાં અપૂર્વ મિઠાશ હતી. શબ્દે શબ્દે જાણે જલતરંગ વાગતું હોય તેમ લાગ્યું. તે શું બોલે છે એ સમજવાનું અમને ભાન રહ્યું નહિ. તે આવું સરસ કેવી રીતે બોલી શકે છે એજ અમે જોઇ રહ્યાં!

શકુન્તઃ (હતાશ હૈયે) કેટલી મૂર્ખાઈ કરી?

અન્નપૂર્ણા : (દૃષ્ટિ સ્થિર રાખી) સાંભળો તો ખરા! એના કેટલાક છેલ્લા શબ્દો હું યાદ રાખી શકી છું. એણે કહ્યું કે સ્ત્રીઓના પ્રતિનિધિરૂપ કહેવાતા એ પુરુષને મારે જરા જોઇ લેવો છે. સ્ત્રીઓ પ્રત્યે જાહેર પક્ષપાત બતાવનારા, ઘણેભાગે પુરુષસુલભ એવી પેલી સનાતન ઝંખનાનાજ પૂજારી હોય છે. એવા અસ્થિર

હૃદયને સહાનુભૂતિ અર્થે પંપાળવું એમાં પણ હું સ્ત્રીસન્માનનો વિનાશ જોઈ રહી છું.

શકુન્ત : (ઊંચા મને) આ બધા એના શબ્દો છે ?

અન્નપૂર્ણા: એટલો વિશ્વાસ તમારે મારા ઉપર રાખવો જોઈએ. (ઉતાવળે) જતાં જતાં એણે ઉમેર્યું કે પુરુષોને આપણે ચાહીએ, એનાં દુઃખની વચ્ચે આવીએ, પણ પૂજા તો ન જ કરીએ. આપણી પૂજા પતિદેવને પિશાચ બનાવી દે છે.

શકુન્તઃ (નિરાશાથી) મારામાં તેને એવી પિશાચવૃત્તિનાં દર્શન.....

(જીભથી શબ્દો ન ઉપડતા હોય તેમ તે બોલતાં બોલતાં અટકી જાય છે.)

અન્નપૂર્ણા: (ભારે હૈયે) તે તો કોણ જાણે પણ–

(બહારથી ઓચિંતો "અન્નપૂર્ણા બહેન" ! એવો સ્પષ્ટ અવાજ સંભળાય છે. અન્નપૂર્ણા ચમકી ઉભી થઇ જાય છે.)

અન્નપૂર્ણા: (બારણાં આગળ જતી) અવાજ જયા બહેનનો છે. (આંખો ચમકાવતી) શકુન્તલાલ ! મને લાગે છે કે અત્યારે પણ તમારાં પેલાં મનોમૂર્તિ પધાર્યાં હોવાં જોઇએ !

શકુન્તઃ (ઉભો થઈ) ફરી અત્યારે? આવી ઠંડીમાં ? બહાર કેટલું અંધારૂં છે ? (આગળ આવી) અન્નપૂર્ણા ! ચાલો હું તમારી સાથે આવું છું.

અન્નપૂર્ણા : તમે નિરાંતે બેસો. હુંજ તેને અહીંયા બોલાવી લાવું.

[તે ઝડપથી અંધારામાં અલોપ થાય છે. શકુન્તલાલ નિરાશાના ઢગલા જેવો નીચે બેસી જાય છે. તેના મનમાં હજાર તરંગો કુદરડી ફરતા હોય છે.]

શકુન્ત : (મનમાં) અન્નપૂર્ણા ને જયા બ્હેને આ શું તોફાન માંડ્યું છે! શું એ સાચેજ આવી હશે? સ્વર્ગનાં પગથિયાં મૂકીને મારા જેવા પામરને બારણે એ શા સારુ ફેરા ખાય! એનો ઢળકતો સફેદ પાલવ, ગર્વઘેલી ચાલ, મસ્તીખોર આંખો મારી નજર સામેથી ખસતાંજ નથી! (આંખો મીંચી) દેવી! મારો અમાનુષી સ્વભાવ, અપાર તૃષ્ણા, અસ્થિર મનોવૃત્તિ, તારા પવિત્ર સ્પર્શનેય લજવે એવાં ક્રૂર છે. (ગળગળો થઈ) અરેરે, મારી પામરતા શબ્દાડમ્બરથી, ભારેખમ વિદ્વતાથી, અર્થશૂન્ય આકર્ષણથી શે ઢંકાશે?

[વિચારો મૂર્છા પામતા હોય તેમ તે મૂંગો બેસી રહે છે. તેની ભીની આંખો બારણાં ભણી દોરાઇ રહી છે. પાએક કલાક પછી પવનની મીઠી ફૂંક લાગતી હોય તેમ બારણું ધીમે ધીમે ઉઘડતું હોય છે.—ને એ અર્ધ ઉઘડેલા દ્વાર વચ્ચે, પેલી અપ્સરા ગંભીર વદને ટટ્ટાર ઉભી છે. પુનમની ખીલેલી ચાંદની તમે જોઇ છે? એ ચાંદનીની બધીયે કળા એના આખા શરીરમાં પથરાઇ વળી છે. બત્તીના ઝાંખા પ્રકાશને ખસેડી ઓરડામાં નવું તેજ પ્રવેશ્યું હોય તેમ લાગે છે. કોઇ મધુર સ્વપ્નસૃષ્ટિ જોતો હોય તેમ શકુન્તલાલ આસને થંભાવી તેને જોઇ રહ્યો છે.

શકુન્ત : (ઘેનમાં હોય તેમ) હજાર હજાર વર્ષથી હું તમારી રાહ જોઈ રહ્યો છું, પધારો.

પેલી સ્ત્રી : (જરાક નજીક આવી) પુરુષોને સંવનન ઉપરાંત બીજું ઘણું શીખવાનું છે.

શકુન્ત : (યાચનાની જેમ) મારામાં અસંખ્ય ત્રુટીઓ છે. હું પામર માણસ એને શે પૂરી શકું? એ બધીનું સમારકામ તમારા સિવાય—

પેલી સ્ત્રી : આમ પામરતા જાહેર કરીને તમે આશ્વાસનનીયે આશા રાખી હોય તો વ્યર્થ સમજજો. (ખડ્ગ ફેંકતી હોય તેમ) કલ્પનાના માનવી! તમે મને હજી ઓળખી નથી.

શકુન્ત : [ન સમજ્યો હોય તેમ] જુઓને, હું જાતિભેદમાં માન-નારો પુરુષ નથી. આંખોએ આપણાં બંનેનો પરિચય અરસપરસને સોંપી દીધો, ને પછી બહારના આ કેવળ લાગણીવેડા–

પેલી સ્ત્રી : લાગણીવેડા એ પરિચયબંધન માટે સારો ઉપચાર છે. (અટકી) તમને ખબર નહિ હોય પણ–

શકુન્ત : (સાશ્ચર્ય) પણ ?

પેલી સ્ત્રી : (કંઈ ન હોય તેમ) એવું કાંઈ ખાસ તો નથી પણ અત્યાર સુધી જેમને જેમને મેં મારા અંતર નજીક આવવા દીધાં છે, તેમને આંખની ઓળખાણ ઉપરાંત કેટલીક એવી પણ છૂટ–

શકુન્ત : (ભયભીત થઈ) એવી છૂટ? તમારી જોડે ?

પેલી સ્ત્રી : મિત્રો મિત્રો વચ્ચે એવું તો બને જ છે. કયારેક હસતાં હસતાં બંને જણ તમાચાની લેવડદેવડ કરી લે. કયારેક હાથને ગળાની આસપાસ ગૂંથીને અંગેઅંગને ભટકાવવાના પ્રસંગો પણ બને છે. અને હોઠેહોઠના બૂચકારા પણ–

શકુન્ત : (વચ્ચે) તમે આ શું બોલો છો ? આવી ભયંકર મૈત્રી ? લાગણીવેડામાં ય કાંઇક મર્યાદાનો અંશ તો હોવો જોઇએને ?

પેલી સ્ત્રી : (નચિંત ભાવે) મર્યાદા એ પણ જાતિભેદ જેવો એક ભેદ નથી ? આપણે આજની દુનિયાના વતનીઓ કોઈ પણ ભેદને શા માટે નમતું આપીએ ? (કટાક્ષપૂર્વક) મેં તો અત્યાર સુધીમાં અનેક યુવાન મિત્રોની છાતીપર માથું રાખી મહાલી લીધું છે!

કેંકને પૂજ્યા છે ને કેંકને પૂજારી બનાવ્યા છે ! મને રમકડું માનનાર ઘણા જણે તો મારા સ્વભાવની દુર્ગંધથી ત્રાસી જઈને આપઘાત પણ કર્યો છે.

શકુન્ત : (ભડકી) ત્યારે તો તમે કોઈ ભયંકર સ્ત્રી–

પેલી સ્ત્રી : (વચ્ચે) કોઈને ભયંકર ગણવું ને કહેવું એતો ચાલુ સ્થિતિનું ભારે રમતિયાળ વિશેષણ છે. હું તો એવા વિશેષણોને ફગાવીને સાચા સ્વરૂપે વિહરનારી છું. સાહેબ, હવે મારી ઓળખાણ પડી ?

[હૃદય ઉપર કોઇ બેસી ગયું હોય એવું ભારે દબાણ શકુન્તલાલ અનુભવે છે. પેલી સ્ત્રીના હોઠ પરથી સ્મિત ક્યારનું ચાલ્યું ગયું છે ને આંખો દેવતા જેવી લાલચોળ બની છે. શકુન્તલાલ કોકડું વળી ગયો હોય તેમ બેસી રહે છે.]

પેલી સ્ત્રી : કેટલાક પુરુષો સ્ત્રીઓને ખાઈ જાય છે, ને કેટલીક સ્ત્રીઓ પુરુષોને. હું પુરુષોને ખાઈ જનારી સ્ત્રી છું. (ક્રૂર હસી) રૂપ એ મારું શસ્ત્ર છે. સ્મિત પર પ્રલયનું નૃત્ય ને નેત્રોમાં વિનાશની વિજળી છે. અજાણ્યા પુરુષ !

શકુન્ત : (આંખો ઢાંકી) મારે કશું નથી સાંભળવું.

પેલી સ્ત્રી : અત્યારથી અકળાશો તો કેમ ચાલશે ! હું તમને મારા રૂપમાં સ્નાન કરાવવા આવી છું. હજારો પુરુષો એ સ્નાનથી પાવન થયા છે. (અટ્ટહાસ્ય કરી) ને તમારી જેમ હજી અસંખ્ય પતંગિયા મારા માર્ગ ઉપર દૃષ્ટિ પાથરી બેઠા હશે !

શકુન્ત : (આંચકો લાગ્યો હોય તેમ) ત્યારે તો–તમે–તમે–

પેલી સ્ત્રી : (એક ડગલું નજીક આવી) હું બજારમાં બેસનારી સ્ત્રી છું એ તમે જાણી ગયા ? (સકારણ નરમ બની)

સારું કર્યું. એ ઓળખાણની પણ જરુર હતી. (આંખો નચાવી) તે વિના ઓ પ્રિયતમ! હું તમારા હૃદયને શી રીતે જીતી શકું?

શકુન્ત : (ઊભો થઈ) મારા હૃદય સુધી પહોંચવાની હવે તમારે જરૂર નથી. તમારૂં ચારિત્ર્ય–

પેલી સ્ત્રી : (વચ્ચે) ભલા માણસ, તમારે ચારિત્ર્યને કરવું છે શું? મારું રુપ તમને સંતોષ આપવા બસ નથી?

[પેલી સ્ત્રી બે ડગલાં નજીક આવે છે.]

શકુન્ત : (પાછળ ખસી જઈ) મહેરબાની દાખલ મને અડકશો નહિ! તમે બજારુ સ્ત્રી—

પેલી સ્ત્રી : (હોઠે આંગળી મૂકી) અમારા ચારિત્ર્યના વિચાર કરી કરીને જ તમે સુકાઈ જાઓ છો. તમારા પોતાના ચારિત્ર્ય વિશે તમને કદી વિચાર આવ્યો છે?

[શકુન્તના માથામાં હજારો જંતુઓની વેદના શરૂ થાય છે.]

પેલી સ્ત્રી : (તેના ખભે હાથ મૂકી) મેં કહ્યું એમાં સમજણ પડી? રૂપ એ કંઈ ચારિત્ર્ય નથી. ચારિત્ર્ય વગરનું આકર્ષણ એ પ્રેમ નથી. મોહ એ માણસ માત્રની નબળાઇનું ઝેર છે.

શકુન્ત : (આડું જોઈ) મારે એ ઝેર નથી પીવું. તમે અહીંથી જતા રહો.

પેલી સ્ત્રી : (હાથ ખસેડી) હું અહીંથી હવે જઇ શકું નહિ. તમે મને હૃદયથી પૂજી છે. કલ્પનાની મનોમૂર્તિ માની છે. હજારો સ્ત્રીપુરુષ વચ્ચે મને અપ્સરા તરીકે ઓળખાવી છે. (નજીક સરતી) હવે મને શા માટે તરછોડો છો?

શકુન્ત : (ગભરાટથી) મારા ઘરમાં રહીને લોકોની નજરે મને હલકો પાડવો છે? હું અન્નપૂર્ણા સિવાય—

પેલી સ્ત્રી : (ખભા હલાવી) વળી અન્નપૂર્ણા તરફ લલચાયા ? દમયંતી હંસના વચને નળ તરફ દોરવાઈ હતી, તેમ હું અન્નપૂર્ણાના વચને અહીં આવી છું. (હાથ લંબાવી) મારા નળરાય—

શકુન્ત : (આઘો ખસી) હું નળ નથી, તમે દમયંતી નથી, અન્નપૂર્ણા હંસ નથી. (માથું ઢાળી) નાહક મારો માર્ગ શાને રોકી ઊભા છો ? હું ને અન્નપૂર્ણા-(ઉછળી જઈ બૂમ પાડી) ઓ, અન્નપૂર્ણા ! અન્નપૂર્ણા !

પેલી સ્ત્રી : (તેનો હાથ પકડી) અન્નપૂર્ણા અહીં કદી નથી આવવાની. (શકુન્તલાલને કંપતો જોઈ) શકુન્તલાલ ! તમારી અન્નપૂર્ણા હું છું. કલ્પના હું છું, ને પેલી અપ્સરા પણ હુ જ છું !

[બેશુદ્ધ થવાની તૈયારી કરતો શકુન્તલાલ પેલી સ્ત્રી તરફ ટગર ટગર જોઇ રહે છે.]

પડદો

મોતી વિનાની છીપ

પાત્રો

શોભા	સંતોષ
ટણુડી	માધુ
ભીખુ	ગંગા
જમુ	રેવા

જાંખુડી અને બીજાં

દર્શન પહેલું

[સંધ્યા નમી ગઇ છે.]

તખ્તા પર ઝાંખું અંધારું. દૂરથી સાગરનો ઘુઘવાટ સંભળાય છે. અનેક વહાણ ઉભાં હોય એમ ઊંચા શઢની લાંબી લાંબી હારદોરી ઉપરથી કળાય છે. ક્ષિતિજ-માંથી સુરજનો લાલ રંગ પાણીમાં સીધી રતુંમડી રેખા લંબાવી રહ્યો છે. કાંઠે ઉભેલાં વૃક્ષો છાયાચિત્ર જેવાં દેખાય છે. છુટાંછવાયાં બે ત્રણ વૃક્ષોની વચ્ચે એક પુરૂષાકૃતિ સુકાં ઝાડને કુહાડી વતી ફાડતી હોય, એમ અવાજ ઉપરથી લાગે છે. કયારેક કયારેક પેલો પુરૂષ થાકથી લોથપોથ થઇ કુહાડી પર કાયાને ટેકવી વિસામો લેતો દેખાય છે. એનું આખું શરીર ઉઘાડું છે. કમરે કછોટો માર્યો છે. કુહાડી અને તોતીંગ વડ પરસ્પર વિરોધી અવાજ કાઢે છે; ફડાક્! ફડાક્! ફડાક્!

થોડી વાર પછી મજમુદારનાં ચિત્ર જેવી, તસ-તસતા યૌવનવાળી એક યુવતી પ્રવેશે છે. એણે આડી સેંથીથી લલાટ કમાન પર ફૂલ ગુંથ્યાં છે. મખમલના તંગ કબજામાં બદન સંતાડયું છે. કમરથી ગોઠણ સુધીના ભાગ પર પચરંગી ગરમ ધાબળી વીંટી છે. હાથના પોંચા અને પગનાં કાંડા પર ફૂલદોરા બાંધ્યા છે. એના એક હાથમાં ફળની છાબ છે, અને બીજે હાથે દૂધનું પવાલું પકડયું છે. અવાજ ન થાય એટલી કાળજીથી એ પેલા પુરુષની છેક નજીક ધીમે ધીમે

આવે છે. એના મોં પર યૌવનનો મુશ્કેરાટ છે. અંગ-અંગના ડોલનમાં વિષધરને વશ કરવાની માદકતા છે. એનાં એક એક પગલે સાગરનો કર્કશ અવાજ પ્રેમનાં સંગીતમાં પલટાઇ જતો લાગે છે. દેવમંદિરે પૂજા ધરવા આવી હોય એવી અત્યંત મીઠાશ એની પ્રત્યેક ક્રિયા-માંથી વછૂટે છે. આવીને એ ગોઠણ પર નીચે બેસે છે ને ફળછાબ તથા દૂધનું પવાલું જમીન પર મૂકે છે. સંધ્યાનો કેસરિયા સાળુ શાહીના ડાઘા જેવાં ઊંચાં તાડવૃક્ષોને લપેટાય છે. પથરાતાં અંધારાની કાળાશ રંગબેરંગી બને છે. એ કેસરિયા આકાશ અને અંધારી ભોં વચ્ચે પેલા એકમેકથી અજાણ્યાં—અણદીઠાં સ્ત્રી–પુરૂષ નિજનિજના કાર્યમાં રત દેખાય છે. પુરૂષ હજી લાકડાં જ કાપતો હોય છે, સ્ત્રી એને બોલાવવાની ઉત્સુકતાનાં ઘેનમાં પડેલી દેખાય છે.

કુહાડીનો અવાજ એકાએક બંધ થાય છે ને પેલો થાકેલો પુરુષ એના હાથા પર કાયાને ટેકવી દૂર દૂર સાગરમાં ચાલ્યાં જતાં વહાણોને જુએ છે. પાણીની ગૂઢ લાલાશ ધીમે ધીમે પીળી પડતી હોય છે. પવનને ઝપાટે ઊંચાં તાડવૃક્ષની કુંણી ડાળીઓ પાતળી કાયા પર અર્ધી નમે છે. ક્ષિતિજના પીળા રંગોને જોઇને થાકેલી પેલા પુરૂષની આંખો ચડતી ચડતી પેલી ડાળીઓ ઉપર બેસે છે. ડાળીઓનું હલનચલન જાણે પોતાની કાયાને પણ હીંચકાવી રહ્યું હોય એમ તે અનુ-ભવે છે. અચાનક કાયામાં જાગ્રતિ પ્રવેશે છે. બંને હાથે કુહાડી ઉપાડી તે ફરી પોતાનાં કાર્યમાં ગુંથાય છે. પેલી સ્ત્રી નજીક આવી એના ખભે હાથ મૂકે છે. સ્ત્રીનું નામ છે શોભા અને પુરૂષનું સંતોષ.]

શોભા : હું અહીં ક્યારે આવી છું તેની તને ખબર છે સંતોષ ?

[કાંઈ સાંભળ્યું ન હોય તેમ સંતોષની કુહાડી અવિરત પછડાતી જ હોય છે.]

સુરજ પણ થાકીને ઘેર જતો રહ્યો. તારું આખું અંગ પરસેવે ભીંજાઈ ગયું છે. હવે તો કુહાડી હેઠી મૂક.

[સંતોષ નિરૂત્તર રહે છે.]

અહીં આવતાં આવતાં માર્ગમાંથીજ મેં આ ફળફૂલ તોડયા છે ને ભરેલા આંચળે ઘેર પાછી વળતી ગાયોનાં દૂધથી આ પવાલું ભર્યું છે. મારા હાથ પણ હજી દૂધવાળા જ ભર્યા છે. જો તો ખરો સંતોષ!

[સંતોષ નિજકાર્યમાં પ્રવૃત દેખાય છે.]

અંધારું કેટલું ગાઢ થયું છે? કુહાડી તું લાકડાંને બદલે ક્યાંક પગમાં વગાડી બેસીશ. (પટાવતી) જરાક આ તરફ તો જો! મેં આજે નવાં લૂગડાં પહેર્યાં છે. મખમલની તંગ કબજાપેટી ને ગરમ કમરબંધનું આ ભરત તને ગમે છે સંતોષ?

[હજી યે નિરૂત્તર]

ઘણા મહિના પછી હું તને મળવા આવી છું એનું તું વેર લે છે? હું તને રોજ ઝંખતી હતી. સાસરું મને કડવું ઝેર લાગતું હતું. મને ન ગમતા ઠેકાણે પરણાવી માબાપે શો લ્હાવો લીધો? અંતે મારે ઘર અને વર બધું તજીને અહીં નાસી આવવું પડયું. તારું મોં જોવાની આંખોને તાલાવેલી હતી, હૈયાને તારી હૂંફ સિવાય ક્યાંય ચેન પડતું નહિ. તનતોડ મહેનત કરી કરી કાયાને કદરૂપી કરી નાખનાર પરણ્યાને આ રૂપ, યૌવન અને મન શી રીતે સોંપી દઉં? એ આખો દિવસ વહાણની પીઠ પર બેસી માછલીઓને રમાડ્યા કરતો ને રાતે ઘેર આવી હરિકીર્તનમંડળીઓમાં ભળતો. મને વિલાસ ગમતો. એને ભક્તિ. તારી સાથે ભોગવેલા દિવસો—

[સંતોષ કુહાડી ફેંકી ખૂબ થાકી ગયો હોય તેમ નીચે બેસી જાય છે. અંધારૂં ખૂબ ગાઢ થયું છે. તારાઓના મંદ મંદ તેજમાં આટલું દેખાય છે. દૂર પડેલી કુહાડીનું ચમકતું પાનું, અત્યંત ઉદ્વિગ્ન થયેલો સંતોષ, વિલાસની મૂર્તિ જેવી શોભા, અને ફળ-દૂધનાં વાસણો.]

તારી પત્ની દેવકીનેય ક્યાં તારી પરવા છે ? તારા જેવા રસિક પતિને કેમ સાચવવો એનું ભાન એ બિચારીને ક્યાંથી હોય ? એ એનાં સીવણમાંથી નવરી થાય ત્યારે તને જુએ ને ? (સંતોષના ખભાને પકડી) તું આજે ખૂબ થાકી ગયો હો એમ લાગે છે. ખભાનો પરસેવો બરડા પર થઈ ભીના કછોટાને વધુ ભીનો કરે છે ને (ખેદથી) સફેદ દૂધ જેવી ચામડી સીસમ જેવી કેમ બની ગઈ છે ? આખો દિવસ તું તાપમાં રખડ્યા કરે છે, ખરું ?

[સંતોષ ઊંડો નિસાસો લે છે.]

તું એક અક્ષર બોલતો નથી, છતાં ઉંડા નિસાસામાં તું તારા સંસારની વેદના મને કહી રહ્યો હોય એવું હું અનુભવું છું. તનેય જ્યાં નહોતું પરણવું ત્યાં પરાણે પરણાવવામાં આવ્યો છે, એ મારાથી અજાણ્યું નથી. પણ હવે એ લગ્ન ફોક પણ શી રીતે કરી શકાય ? તેમ છૂટાછેડા કરી નાખવા એ પણ તારા જેવા શૂરવીર પુરુષને શોભે એવું જ નથી. (સંકોચ પામી) પણ ના, ના, તારી પત્નીની હત્યામાં હું શા માટે ભાગીદાર બનું ?

[અચાનક દૂરથી ખારવાઓના હાકોટા ને ચીચીઆરીઓ સંભળાય છે. પર્વત અધવચ્ચેથી તૂટી પડતો હોય એવો જબ્બર કડાકો પણ સંભળાય છે. સાગરનું રૌદ્ર રૂપ અંધકારને વધારે બિહામણો બનાવે છે. ચીચી-

આરીઓ અને કોમળ ચીસો વધારે ને વધારે સંભળાય છે. મગરમચ્છના ફુંફાડા અને શઢના પછડાટ એકમેકમાં ભળી વાતાવરણ ભયભીત કરી મૂકે છે. બેબાકળી બનેલી શોભા સંતોષના શરીરે વીંટાઇ જાય છે. થોડી વાર પછી કિનારા પર અનેક ઝાંખાં ફાનસો દેખાય છે ટોળે વળેલા લોકો અનેક મૃત શરીરો ઊંચકી રડતાં રડતાં પાછાં ફરતાં હોય તેમ લાગે છે. શોભા ફરી ઊભી થાય છે. સંતોષ એ જ નિશ્ચલતાથી બેઠેલો દેખાય છે. શોભા એની સામે બેસે છે.]

ચાલને આપણે કયાંક નાસી જઈએ સંતોષ! ખારવાની જિંદગીથી હું ગળે આવી ગઈ છું. રાત ને દિવસ પાણી સાથે કામ જમવાનું પાણીમાં ને ઊંઘવાનુંય પાણીમાં. નાનીનાની માછલીએ ખાવી અને મોટી માછલીઓનો કયારેક આપણે પણ ખોરાક બની જવું. (ધ્રૂજી ઊઠી) હમણાં મડદાં ગયાં તે તેં જોયા? એમ ત્રણ સ્ત્રીઓ હતી. ઊઘડેલાં ફૂલ જેવી એમની કાયા કેવી પ્રફુલ્લ હતી? જાણે હમણાં આંખો ઉઘાડીને બોલશે!

[ગોઠણ ઊભા કરી સંતોષ એમાં મોં છુપાવી દે છે. ઊગતા ચંદ્રનું ઝાંખું અજવાળું પથરાય છે.]

તને યે રડવું આવી ગયું? સ્ત્રીઓના મૃતશરીરોની વાત કરી એમાં તને ઝળઝળીયાં આવી ગયાં? વધુ રૂપાળાં શરીર પર મૃત્યુ પહેલી નજર નાખે છે. દેવકી કુંવારી હતી ત્યારે એના પિતા જોડે એક વખત જાત્રાએ ગઈ હતી. રસ્તામાં વાવાઝોડાને લીધે ત્રણ વખત વહાણ તૂટયું, ત્રણે વખત દેવપાલે એને ઉગારી. અને પછી–

[સંતોષ ઝડપથી ઊંચું જુએ છે.]

(તેની આંખોમાં આંખો માંડી) દેવપાલને તું નથી ઓળખતો? દેવકીના પિતા યાદવને ઘેર જ એ ઉછરી મોટો થયો

હતો. યાદવ દરેક મુસાફરીમાં એને સાથે રાખતો. દેવકી ને દેવપાલ વચ્ચે કાંઈક છાનો સંબંધ છે એવી વાત જ્યારે લોકોની જીભે આવી ત્યારે યાદવે એને મધદરીએ ડુબાવી મારી નાખ્યો. દેવકી એની પાછળ મરવા તૈયાર થઈ પણ બાપની ધાકે તે તેમ કરી શકી નહિ. જાવેથી આવ્યા પછી તરત તારી જોડે એનાં લગ્ન કરી નાખ્યાં.

[સંતોષ દયા શોધતો હોય એવા કરુણ ભાવે શોભા સામું જુએ છે.]

(તેના વાળ સાથે રમતી) તને સ્ત્રીઓના સ્વભાવની શી ખબર પડે પ્રિયતમ? સ્ત્રી હસે ત્યારે સમજવું કે તે પુરુષને ઠેબે ચડાવે છે. રડે ત્યારે એનાં આંસુમાંથી જ્વાળામુખી ફાટી નીકળવાની તૈયારી હોય છે અને મીઠા શબ્દોની પાછળ સંતાડેલું ઝેર તો વિધિ પણ નથી પારખી શકતો.

[સંતોષ તેના સામે અર્થસૂચક હસે છે. શોભા પામી જાય છે.]

મારામાં આ અપલક્ષણો શોધવાની મહેનતમાં ન પડીશ હં! હું તારા સંસારની પતિવ્રતા ઢીંગલી નથી બનવા માગતી : હું તો ભેરુ તરીકે રહીશ. તું થાકી જઈશ ત્યારે તને ઉપાડીશ, હું થાકી જઈશ ત્યારે તારે ખંભે ચડી બેસીશ. (વાતને પલટો આપી) હું તો તને દેવકીનાં જીવનની રૂપરેખા જણાવતી હતી. એણે બાપની ઈચ્છાથી તારું ઘર માંડયું પણ એમાં એનું ચિત્ત પરોવાયું નથી, સ્ત્રી, સ્ત્રીહૃદયની વાત સમજે છે. મેં એની આંખમાં અસંતોષ જોયો છે. એણે સૂયા અને દોરાથી તારા સુખી દિવસો સીવી લીધા છે: તે રાત દહાડો અથાક મહેનત કરી–કરાવી બંનેની કાયા ધૂળધાણી કરી રહી છે. કામથી થાકે છે ત્યારે ખાધા–ખવરાવ્યા વિના એમને એમ સાદડી પર સૂઈ જાય છે. તને આટલાથી સંતોષ

છે ? નથી. તું હા કહીશ તો પણ હું માનવાની નથી. હું સાસરે ગઈ ત્યારનું અને અત્યારનું તારું શરીર મને મારા પ્રશ્નોના જવાબ આપે છે. તારે અંગે અંગે વીજળી હતી. આંખોની મોહિની તો હજી પણ યાદ આવ્યા જ કરે છે. અને તું કેટલું સુંદર બોલતો હતો ? પેલી પૂનમની રાતે નર્મદાના સંગેમરમર વચ્ચે થઈ ને આપણી હોડી ચાલી ત્યારે તું શું બોલ્યો હતો એ સાંભરે છે ? એ એક એક શબ્દ મેં સાચાં મોતીની જેમ સાચવી રાખ્યો છે. (તેના ખોળામાં માથું રાખી) મારાથી તને દુઃખી જોઈ શકાતો નથી કારણ કે મારા અંતરમાં મેં તારું સિંહાસન રાખ્યું છે. એક દેવકીનો વિચાર જ મને તારામાં સમાઈ જતાં રોકે છે. એ ન હોય તો—

[એ બાકીના શબ્દો બોલતી નથી પણ આંખો વાટે સંતોષની આંખોમાં એ ઝેર આંજી દે છે. સંતોષ હોઠ નીચે લાવી એના ઊના લલાટને અડાડે છે. શોભા પ્રસન્ન થઇ હોય તેમ બેઠી થઇ જાય છે. સંતોષ નીચું જુએ છે. એની આંખો ભીની બને છે.]

(ફૂલદડાથી એનાં આંસુ લૂછતી) તું શા માટે અંતરમાં કચવાય છે સંતોષ ? હું બધું સમજું છું. દેવકીને દૂર કરવાની સલાહ મારે દેવી પડશે એવું મેં ધાર્યું નહોતું. એમાં તો હું મારા જાતિધર્મનું સમૂળ નિકંદન કાઢી રહી છું એમ મને લાગે છે. પણ તારે ખાતર નર્ક પણ સ્વીકારવા તૈયાર છું. (ધીમેથી) તમે બંને ક્યારેક હોડીમાં બેસી સાથે ફરવા જતાં હશો, ખરું ? સાંજે પણ ઘણીવાર જાઓ છો એમ મેં જોયું છે. કાલે પૂનમ છે. દેવકીને લઈ તું દરિયામાં દૂર દૂર નીકળી જજે; લગભગ સાત—આઠ માઈલ. આટલા વખતમાં થાકીને લોથ થયેલી દેવકી તો ઊંઘી પણ ગઈ હશે. પછી–(અત્યંત સાવચેતીથી) પછી શું ? તું હોડી ને

ઊંધી વાળી પાણીમાં કૂદી પડજે ને તરતો તરતો પશ્ચિમ તરફ જજે. ત્યાં હું અધવચ્ચે હોડી લઈ સામે આવીશ. આપણે ત્યાંથી જ પરબારાં નાસી છૂટીશું.

[દૂર કોઇક ફાનસ સાથે નજીક આવતું દેખાય છે. સંતોષ ને શોભા ઊભાં થઇ ઝાડની ઓથે લપાય છે. ફાનસવાળી વ્યક્તિ બધે આમતેમ જોઇ જતી રહે છે. બંને ફરી ઝાડની ઓથેથી નીકળી મૂળસ્થાને આવે છે.]

(સંતોષના ખભા હલાવી) કોણ હતું એ? ઓળખાણ પડી? મારા પતિરાજ હતા. (હસે છે.) ફાનસ લઈ અધરાતે બૈરીને ગોતવા નીકળ્યા લાગે છે, અજવાળિયાંમાં.

[સંતોષ કુહાડીને ખભે નાખે છે ને બીજે હાથે શોભાને બાથમાં લે છે.]

(સંતોષને લપેટાઇ) તું ઘેર જાય છે? જા. પણ મારા શબ્દેશબ્દનું મૂલ્ય સમજજે.

સંતોષ : (પહેલી વાર બોલે છે) મારા સંસારને, સ્વભાવને, જીવનને દેવકી કરતાં તું વધારે અનુકૂળ થઈશ એમ મને લાગે છે. હું તારું જ કહ્યું કરીશ પ્રિયતમા !

શોભા : (નાચતી) અને આ પ્રતિજ્ઞાની સાક્ષી રૂપે મારી આટલી પ્રસાદી—

[શોભા ફળ અને દૂધ આગળ લાવે છે: ધીમે ધીમે ખાતાં બંને ચદ્રનાં અજવાળામાં આગળને આગળ ચાલ્યા જાય છે. પડદો.]

દર્શન બીજું

[સંતોષની ઝૂંપડીનો એક ભાગ: ઉપરનો ગોળાકાર ખૂબ ઊંચો દેખાય છે. સામે એક માણસ આવી જઈ શકે એવડી બે બારીઓ છે. વચ્ચે બાંધેલી દોરી પર જૂનાં નવાં લૂગડાં ટાંગ્યાં છે. જમણી બારી આગળ માંચી ઉપર દેવકી બેઠી બેઠી ઝભલું સીવે છે. એની નિર્દોષ આંખોમાં વીસેક વસંત સમાઈ ગઈ છે. દોરાના બુટાનવાળો સાદો કબજો અને પાની સુધી ઢળકતો ચણીઓ એની નિખાલસતાને ઓર દીપાવે છે. સેંથી પાડ્યા વિનાના છૂટા વાળ પર સફેદ રૂમાલ બાંધ્યો છે. વારેઘડીએ તે બારીમાંથી દૂર દૂર જોયા કરે છે. ઝૂંપડીના મધ્ય ભાગમાં ટાંગેલાં પીંજરાંમાં મેનાના પીંછાંનો ફફડાટ સંભળાય છે. સીવવાનું પડતું મૂકી દેવકી પીંજરાં આગળ આવી અત્યંત હેતથી મેનાની ચાંચને મોં અડાડી 'બૂચ–બૂચ' બોલાવે છે. પ્રસન્ન થઈ હોય તેમ મેના ઝુલા પર ચઢી આખા પાંજરાને જોરથી હલાવે છે, દેવકી ખિલખિલાટ હસી પડે છે.]

દેવકી : (ઝૂલતું પાંજરું પકડી) આખા સંસારમાં તું જ મને સૌથી વધારે વહાલી છે. સંતાનવિહોણાને પશુ પંખી પાળવાં કેમ બહુ ગમતાં હશે?

[બારીની વચ્ચે એક નાની છોકરી ઊભેલી દેખાય છે. તેને જોઈ.]

દેવકી : ટબુડી, ત્યાં કેમ ઊભી છું? અંદર આવ (નજીક જઈ) રડે છે કેમ બેટા?

ટબુડી : (ડૂસકાં લેતી) દેવકી માસી!

દેવકી : (પંપાળતી) શું છે બેટા? તને ભૂખ લાગી છે?

ટબુડી : મારી માએ મને માર્યું, કહે કે નવુંનકોર ઝભલું ક્યાં ફાડી આવી? નીકળ મારા ઘરમાંથી.

દેવકી : ક્યાં ફાટ્યું છે ઝભલું! (વાંસાનો ખાંપો જોઈ) આટલું જ ને? લાવ, સીવી આપું. હવે રડીશ નહિ હં!

[દેવકી ફરી માંચી પર બેસે છે ને ટબુડીને ઊભી રાખી ઝભલાંના ખાંપાને સમો કરતી હોય છે.]

ટબુડી : અને દેવકી માસી! (શરમાઈ) મને માએ ખાવા પણ ન આપ્યું.

દેવકી : ફીકર નહિ બેન, તું મારે ઘેર ખાજે હો. તને શું ભાવે છે ટબુડી?

ટબુડી : ચોખા અને ગોળ; ઉપરથી સેવમમરા.

(દેવકી કાંઇ જવાબ આપે તે પહેલાં ટબુડીની જ ઉમરનો એક છોકરો બારીમાંથી અંદર આવે છે. એના હાથમાં તરબૂચની એક ચીર અને બે નાનાં જામફળ છે.)

દેવકી : આવ માધુ, શું લાવ્યો આટલું બધું?

માધુ : (પીંજરા સામે જોઈ) મેના સારુ નાસ્તો લાવ્યો છું.

દેવકી : નાસ્તો આમ હાથમાં લઈ અવાય? તારા પહેરણને ગજવું નથી?

[દેવકી ટબુડીનું ઝભલું સમું કરી રહી હોય છે. દાંતથી દોરો તોડી થીગડું જોઇ રહે છે. ટબુડી છટકી પીંજરાં આગળ જઇ રમે છે. માધુ નિરુત્તર ઊભો હોય છે.

(યાદ લાવી) હં, મેં શું કહ્યું? તારે ગજવું નથી?

માધુ : મને ગજવું કોણ ચોડી આપે? મારી મા તો હવે દેખતી પણ નથી.

દેવકી : લાવ, હું ચોડી આપું (બચકીમાંથી લૂગડાંનો કટકો લે છે) આપણી શેરીનાં બધાં છોકરાં–છોકરીની હું મા છું હં માધુ! કાંઇ પણ કામ હોય ત્યારે મને આવીને કહી જવું.

ટબુડી : (હસી) બધાંની મા?

દેવકી : હા, બેન, તું મારી દીકરી થઈશને?

[માધુ દેવકીના ખોળામાં ચડી બેસે છે] .

માધુ : સૌ પહેલો હું તમારો દીકરો. ટબુડી પછી.

ટબુડી : ના, હું પહેલી.

[ટબુડી માધુનો હાથ પકડી નીચે ઉતારતી હોય છે. દરમ્યાન બહારથી ભીખુ, ગંગા, જમુ, રેવા ઝૂંપડીમાં દોડી આવે છે. દેવકી સૌને હરખાતી હરખાતી જોઇ રહે છે.]

ભીખુ : દેવકી ફૈબા, આજે અમે એક એવડી મોટી માછલી પકડી, એવડી મોટી (હાથ પહોળા કરી) કે બસ.

દેવકી : કેવડીક મોટી ભીખુ ?

ગંગા : મોટી હોડી જેવડી. ચાર જણાથી તો માંડ કાંઠે આવી.

દેવકી : એવડી મોટી ?

રેવા : કાંઠે આવી એમાં શો દિ' વળ્યો ? રેતીમાં લપસતી લપસતી માછલી તો પાછી પાણીમાં સંતાઈ ગઈ. અમે રહ્યાં હાથ પછાડતાં.

જમુ : (આગળ આવી) દેવકી માસી, માછલી કાંઠે આવ્યા પછી પાછી જાય ખરી ? એમાં બધો વાંક હતો રેવાનો. એણે જ પાછી હડસેલી દીધી. (ચાળા પાડતો) ધરમની પૂંછડી ન જોઈ હોય તો.

[ગંગા નજીક આવી દેવકીના હાથમાં મખમલનું પડીકું મૂકે છે, દેવકી પડીકું છોડી દોઢેક વાર જેટલાં જાંબલી મખમલને સાશ્ચર્ય જોઈ રહે છે,]

ગંગા : આ મખમલ હું તમારા માટે લઈ આવી છું. તમે એનો કબજો સીવીને પહેરશો તો એવા રૂપાળા લાગશો–એવા કે બસ, જેની વાત નહિ.

દેવકી : મને મખમલનો કબજો પહેરવો નથી ગમતો ગંગા !

રેવા : દેવકી માસી ! હજી તમે ક્યાં ઘરડાં થયાં છો ? પેલી શોભા તમારા કરતાં પાંચ વર્ષ મોટી છે, છતાં ઊન, રેશમ અને મખમલ જ પહેરે છે.

દેવકી : (ધ્રૂજી) હવેથી કોઈએ અહીં શોભાનું નામ ન લેવું હં. (સૌ છોકરાંને ભેગાં કરી ધીમેથી) તમને કોઈને કાંઈ ખબર નથી. જુઓ, શોભા તો માણસનાં લોહી ઉપર જીવે છે. એને માણસનું લોહી બહુ મીઠું લાગે છે.

[બધાં છોકરાં હેબતાઇ જાય છે]

ગંગા : (ગાલ વગાડી) ઓય મા ! ઈ તો જીવતી ડાકણ.

દેવકી : ડાકણ બાકણ કહેશો મા એને; નહિતર તમને ય ખાઈ જશે. એ તો ભૈરવની પૂજારણ છે; રોજ તાજું લોહી પીએ છે.

ટબુડી : મને એવી ગંદી વાતો નથી ગમતી દેવકી માસી ! કોઈ બીજી વાત કહોને. (યાદ લાવી) અને સેવમમરા આપવાનું તો તમે ભૂલી જ ગયાં, મને એવી ભૂખ લાગી છે !

[દેવકી ટબુડીને તેડી લે છે.]

દેવકી મારી બચુડી, સેવમમરાની વાત તો હું ભુલી જ ગઈ. (સૌને) ચાલો, સૌ હારબંધ બેસી જાઓ. આજે સેવમમરાની ઉજાણી છે.

બધાં : (નીચે બેસતાં) ચાલો, ચાલો, આજે તો ખૂબ મજા પડશે.

[સૌ છોકરાં હારબંધ બેસી જાય છે. દેવકી બાજુના ખૂણામાં જઇ સેવમમરાની ટોપલી લઈ આવે છે ને એક એક મુઠી બધાંની ખોઈમાં નાંખે છે. સૌ આનંદથી ખાવા માંડે છે. પાંજરામાંથી મેનાનાં પીછાંનો ફડફડાટ સંભળાય છે.

ભીખુ : મેના પણ ભૂખી થઈ લાગે છે. દેવકી માસી, એને એક જામફળ આપોને.

દેવકી : તેં ઠીક સંભાર્યું ભીખુ, હું તો સાવ ભૂલી ગઇ હતી.

[દેવકી પીંજરાનુ દ્વાર ઉઘાડી એમાં તરબૂચ અને જામફળની ચીર મૂકે છે. આનંદમાં આવી હોય તેમ મેના મીઠો કિલકિલાટ શરૂ કરે છે.]

ગંગા : (નિર્દોષ ભાવે) દેવકી માસી, તમારે એકકે ય છોકરું નથી, ખરું ?

દેવકી : (ઘૂટડો ગળી) આ મારી મેના છે ને.

જમુ : છોકરું ન હોય એટલે ઘરમાં ઘોડિયું પણ ક્યાંથી હોય ?

દેવકી : (ખોખરા સાદે) મારી મેનાનું પીંજરું એ મારું ઘોડિયું.

રેવા : ને હેં દેવકી માસી, તમે તે દિવસે કેમ રડતા હતાં ?

[દેવકી કુતૂહલપૂર્વક રેવા સામું જુએ છે.]

દેવકી : કયે દિવસે ? હું તો ક્યારે ય રડતી નથી.

રેવા : મારા સંતોષ કાકા અહીં હોય છે ત્યારે તમે આટલા આનંદમાં નથી રહેતાં. મૂંગાં મૂંગાં સીવ્યા કરો છો ને ક્યારેક રડો છો પણ ખરાં. (તાળી વગાડી) હું એક દિવસ જોઈ ગઈ હતી.

[બધાં ખડખડાટ હસી પડે છે.]

ભીખુ : સંતોષ કાકા તો એવા છે જ. માસીને દિવસમાં એક વખત રડાવે નહિ તો એમને ખાવું ભાવે નહિ. એમનું મોં જોઈને હું તો હેબતાઈ જ જાઉં છું.

માધુ : કાકા અહીં હોય ત્યારે મને અહીં આવવું ગમતું જ નથી.

ટબુડી : ને કાકાની આંખો હમેશાં લાલઘૂમ હોય છે.

દેવકી : ટબુડી, તારા કાકા દેખાવે બિહામણા હશે, પણ એમનો સ્વભાવ બિહામણો નથી; એ તો સાવ બાળક જેવા છે.

માધુ : ત્યારે કાકા અમારી જોડે રમતા કેમ નથી ?

દેવકી : એ બહુ ઓછાબોલા છે. મૂંગાં મૂંગાં બધું જોયા કરે. દિવસમાં ભાગ્યે એક અક્ષર બોલતા હશે.

[દેવકી છેલ્લો શબ્દ પૂરો કરે છે ત્યારે સંતોષ જમણી બારી આગળ ઊભેલો દેખાય છે. એનું આખું અંગ અસ્વાભાવિક રીતે ધ્રુજતું હોય છે. આંખો લાલચોળ બની ગઈ છે. હાથમાં પકડેલી કુહાડી જોરથી ઝૂંપડીના એક ખૂણામાં ફેંકે છે. છોકરા–છોકરીઓ ધીમે ધીમે ઊભાં થઇ ગુપચૂપ ડાબી બારીમાં થઇને બહાર ચાલ્યાં જાય છે. આવા પ્રસંગોથી ટેવાઇ ગઇ હોય તેમ દેવકી આગળ આવી, સામે ઊભી રહી, અત્યંત મીઠાશથી તેના ખભે હાથ મૂકે છે. સંતોષ ઊંચું જોયા વિના દેવકીનો હાથ ખસેડી લથડતે પગલે ખૂણામાં ઢગલો થઇને પડે છે. પીંજરામાં મેનાનો ફફડાટ સંભળાય છે.

સંતોષ ખૂની આંખોએ મેના સામું જુએ છે. દેવકી ધીમેથી મેનાનું પીંજરું ઉતારી બહાર મૂકી આવે છે.]

દેવકી : (બારણામાં ઊભી ઊભી) ગઇ કાલની આખી રાત તમે ક્યાં હતા એ હું તમને પૂછતી નથી. તમે કાંઈ ખાધું પીધું છે કે નહિ એટલું જ મારે જાણવું છે, તમે આખી રાત ઊંઘ વિના ગાળી છે. એટલી વાત આંખો કહી રહી છે અને થાક પણ ખૂબ ચડયો લાગે છે.

[સંતોષ ઉત્તર આપ્યા વિના નીચું જુએ છે]

(નજીક આવી) તમે આવ્યા પહેલાં ઘરમાં કેટલો આનંદ હતો? પાડોશીનાં છોકરાં કિલકિલાટ કરતાં રમતાં હતાં. તમને જોઈને સૌ નાસી ગયાં. આટલી બીક તો લોકોને રાક્ષસની પણ નહિ લાગતી હોય.

[સંતોષ નિરુત્તર હોય છે.]

(તેની સામે, નીચે બેસી) જરાક મારી સામું તો જુઓ. હું કેટલી દૂબળી પડી ગઈ છું? આખો દિવસ તમારા વિચાર કરી કરીને હું અર્ધી થઈ ગઈ છું? આખો દિવસ તમે ઘેર આવીને કશું ખાતા નથી ને મારો ભાગ હું છોકરાંને વહેંચી દઉં છું. તમે અંગ ઉપર એક ચીંથરું વીંટીને ફરો છો તેથી હું પણ નવાં લૂગડાં પહેરતાં સંકોચાઉં છું. પાડોશની સ્ત્રીઓ સહાનુભૂતિ ખાતર ઊન ને મખમલના કટકા મોકલાવે છે પણ જ્યાં સુધી હું તમને ન ગમું—

[દેવકીની આંખોમાં ઝળઝળીઆં ભરાઈ આવે છે. સંતોષ ઊંચું જુએ છે તે દયા બતાવવા નહિ, પણ આંખો વડે ઠપકો આપવા.]

(આંસુ લૂછી) તમારી આંખોને હું ન ગમતી હોઉં તો મને મારે પિયર જવાની રજા આપો. હું તમારી પાસે મારા જીવન-

નિર્વાહ માટે કશું માગતી નથી. પારકાં લૂગડાં સીવીશ, એમાંથી મારું પેટિયું નીકળી આવશે. હું તમારા તમામ દોષ ભૂલી જઈશ. લોકો તમને ઠપકાનો એક અક્ષર પણ ન કહે એવી રીતે સાદાઈથી રહીશ. મારી કરતાં તમારી ઈજ્જતને સાચવવા હું બધું કરી છૂટીશ. (ભૂતકાળમાં જતી) આપણે પરણીને આ ઘરમાં રહ્યાં તે પછી અરસપરસ અસંતોષ વધતો જ ગયો છે. મેં મારા સ્રીહૃદયની બધી યે ભીનાશ તમારા પગ આગળ મૂકી દીધી છે. હવે હું રડું છું ત્યારે આંખો પણ ભીની થતી નથી. મારા બાપુએ પથ્થર પર અમૃત ઢોળી દીધું છે. નહિતર હું તો ક્યારની યે દેવપાલ જેવાની—

[છેલ્લા શબ્દથી આંચકો લાગ્યો હોય તેમ સંતોષ ઝડપથી ઊભો થઇ જાય છે. તે આખાં અંગમાં વીજળીનો સંચાર અનુભવે છે. તેને ફૂંકાતા પવનમાંથી શોભાના શબ્દો સંભળાય છે: 'દેવકી એના પિતાની ઇચ્છાથી તને ભલે પરણી પણ એનું અંતર હજી દેવપાલને ઝંખે છે.' તેની આંખો કુહાડીના ચકચકતા પાના પર મંડાય છે ને એને ઊંચકવા હાથ લંબાવે છે ત્યાં શોભાનો રતિના સ્મિત જેવો અવાજ ફરી સંભળાય છે. 'તું તરતો તરતો પશ્ચિમને માર્ગે જજે હું તને હોડી લઈને અધવચ્ચે મળીશ, ત્યાંથી આપણે બંને નાસી જઈશું' અંતર ભાંગી પડતું હોય એટલી જલદ નિરાશાથી અને ખિન્ન વદને ભીંતને અઢેલી ઊભો રહે છે. ગભરાયેલી દેવકી, સંતોષના આવા ક્ષણક્ષણના માનસિક પરિવર્તનોને અત્યંત વેદનાથી જોઈ રહે છે.]

દેવકી : [મમતાથી] તમને શું થાય છે, પ્રિયતમ ! ચાલો પથારી કરી આપું; સૂઈ જાઓ.

[કાંઇ ન બન્યું હોય તેમ નજીક આવી સંતોષ દેવકીના ખભે માથું મૂકે છે]

સંતોષ : મારા અંગઅંગમાં આજે બેચેની ભરી છે. દેવકી, ચાલો, આપણે હોડીમાં બેસી ફરવા જઈએ.

[નાગના ફૂંફાડા જેવું પવનનું એક મોજું ઝૂંપડીને હલાવી નાખે છે.]

દેવકી : (નીચું જોઇ) તમે જ્યાં કહેશો ત્યાં આવવા તૈયાર છું, દેવ !

[દેવકી ખૂણામાં પડેલી ચટાઈ અને કામળી ખભે નાખે છે ને સંતોષની પાછળ પાછળ બહાર નીકળે છે. ઊંચે ચડેલા ચંદ્રનું અજવાળું ત્રિકોણકારે બારીમાં થઈને ઝૂંપડીમાં પ્રવેશે છે. પડદો.]

દર્શન ત્રીજું

[ઊંચે આકાશમાં ચંદ્રનું વિમાન ચાલ્યું જાય છે. પ્રકાશનું પ્રદર્શન ભરાયું હોય તેમ તારાઓ પણ નાહી ધોઈ ચોખ્ખા થઈ બેઠા છે. ઝાંખો અંધકાર ક્ષિતિજથી પૃથ્વીની કિનારી સુધી સપ્રમાણ રીતે છવાયો છે. પહેલા દર્શનમાં હતો એ જ દરિયાકાંઠો. ચંદ્રવિમાનને પકડવા ડોક લંબાવતાં હોય એમ ડુંગર ડુંગર જેવડાં મોજાં ઊંચે ઉછળે છે. પ્રલયના અટ્ટહાસ્ય જેવો પવન ફૂંકાતો હોય છે. સપાટી પર થોડું થોડું ધુમ્મસ પણ છંટાયું છે. ધીમેધીમે તોફાન શરૂ થયાનાં ચિહ્નો પણ ચારેકોર દેખાય છે. ઊંચા તાડવૃક્ષો નાગફણાની જેમ ડોલી ડોલી અર્ધા વાંકાં વળી જતાં હોય છે. પૃથ્વી ઝપાટાબંધ શ્વાસ લેતી હોય તેમ આખો મહાસાગર અવ્યવસ્થિતપણે હાંફી રહ્યો છે.

કિનારાની રેતી ઊડી ઊડી ધુમ્મસને વધારે ગાઢ કરતી હોય છે. રાક્ષસોનું કટક કિકિયારીઓ કરતું દોડતું હોય એવો પવન ગાંડોતૂર બન્યો છે. પૂનમનાં દૂધ જેવાં અજવાળાંને ઝાકળ મેલું કરી રહી છે. ભયભીતતા ચારેકોર એક સરખી રીતે ઘૂમે છે. કોઇ રાક્ષસી અજગર આખી સૃષ્ટિને ચૂડમાં લેતો હોય એવી ગભરામણ ધરતી, દિશાઓ અને આકાશ અનુભવી રહ્યાં છે.

દૂર દૂર એક હોડી દેખાય છે, માણસ વિનાની ખાલી હોડી મોજાંની હથેળીમાં ઝીલાઇ ઝીલાઇ એ નીચે પછડાતી હોય છે. હોડીની પડખે બે મનુષ્યાકૃતિ પણ તણાતી હોય છે. અસાધારણ શક્તિથી આજે મહાસાગર ધરતીને પાછી હઠાવતો હોય છે ! વાવાઝોડું વધારે ને વધારે ઉગ્ર બનતું જાય છે. પેલી હોડી કોણ જાણે ક્યાં અદૃશ્ય થઇ જાય છે. થોડી વારે કિનારા નજીક પેલી બે મનુષ્યાકૃતિ એકમેકને ટેકે ઊભેલી દેખાય છે. એક છે પુરૂષ અને બીજી સ્ત્રી. પુરૂષ બેશુદ્ધ છે, સ્ત્રી શુદ્ધિ–બેશુદ્ધિની વચ્ચે ઝોલાં ખાતી હોય છે. સ્ત્રી પેલા પુરૂષને ધીમેધીમે રેતી તરફ લઇ આવે છે. અનેક સ્ત્રીપુરૂષો ફાનસ સાથે ત્યાં દોડી આવે છે ને તેમને ઘેરી લે છે. થાકેલી સ્ત્રીના હાથમાંથી પુરૂષનું શરીર નીચે પડી જાય છે–પોતે પણ અચેતન થઇને પડે છે.

પહેલો પુરૂષ : (મોં ઓળખી, રાડ નાખી) અરે, જાંબુડી, જાંબુડી, આ તો આપણો સંતોષ. રામ, રામ, રામ.

જાંબુડી : (દેવકીને ઓળખીને) ને આ તો દેવકી બેન છે. (ગળગળી થઇ) અટાણે બેઉ માણસ ક્યાં રખડવા ગયાં હશે ? ઓ, ભગવાન !

[બે ત્રણ માણસો સુકાં પાંદડાં એકઠાં કરી તાપણું કરે છે. કેટલાંક નજીક આવી તેમનાં ઠંડા શરીર પર ગરમ કામળીઓ ઓઢાડે છે. કેટલાક ફાનસ આગળ લાવી તેમનાં મોં ઓળખવા યત્ન કરે છે.]

[પવનના સૂસવાટા ધીમેધીમે શાંત થતા હોય છે.]

બીજો પુરુષ : ઉગમણી કોરથી બેઉ જણા સાંજે મછવો લઈ નીકળ્યાં'તાં. દેવકી ચટાઈ પર સુતી'તી; સંતોષ પાણી કાપતો'તો.

ત્રીજો પુરુષ : પણ આવા વાવાઝોડામાં રખડવા જવાય? વખત તો જોવો જોઈ ના.

[માણસો તાપણું નજીક લાવી બંનેના શરીરને શેક આપે છે.]

એક વૃદ્ધ : (સંતોષની છાતીએ કાન માંડી) હજી જીવ છે હો.

જાંબુડી : દેવકી તો અહીં સુધી ભાનમાં હતી, કાં મોરાર કાકા! આંહી આવીને પડી.

[દેવકી ભર ઊંઘમાંથી જાગતી હોય તેમ બેબાકળી બેઠી થઇ જાય છે.]

દેવકી : (ચીસ નાસી) સ્વામીનાથ! દેવ! મારા પ્રાણ!

[માણસો એને ચારેકોર ઘેરી લે છે.]

જાંબુડી : (એને હૈયે હાથ મૂકી) સૌ સલામત છે દેવકી બેન! તું કાંઈ ચિંતા ન કરીશ. હમણાં સંતોષને સારું થઈ જશે માડી!

દેવકી : [ઊભી થઈ] કયાં છે એ મને મોં જોવા દો.

[દેવકી હડી કાઢી સંતોષની નજીક આવી તેના શરીર પર નમે છે.]

વૃદ્ધ પુરુષ : ફીકર ન કરીશ બેટા! હમણાં આંખો ઉઘાડશે. જો કાન માંડ છાતી કેટલા જોરથી ચાલે છે?

[દેવકી સંતોષની છાતી પર માથું રાખી ધબકારા સાંભળે છે. એનાથી ધ્રુસકે ધ્રુસકે રડી પડાય છે.]

જાંબુડી : [આશ્વાસન આપતી] જો પાછી ગાંડી થઈ? હમણાં સંતોષને સુવાણ થઈ જશે. દિલને જરાક કાબૂમાં રાખ મારી બેન !

[સંતોષના હાથ ઊંચા નીચા થાય છે. શરીર જરાક હાલે છે. આંખો ધીમેથી ઉઘડે છે.]

સંતોષ : (ઊંડાણમાંથી બોલતો હોય તેમ) દે વ કી !

[દેવકી હર્ષાવેશમાં એના શરીરને લપેટાઈ જાય છે.]

દેવકી : હું અહીં જ છું પ્રાણ !

[સંતોષ દેવકીના માથા પર ધીમે ધીમે હાથ ફેરવે છે; બંનેને જોવા ચારેકોર સ્ત્રીપુરુષોનું વર્તુલ રચાય છે.]

જાંબુડી : (નજીક આવી) દેવકી, કહે તો ખરી તમારી હોડી કેમ કરતાં ઊંધી વળી ?

દેવકી : અમે ઉગમણી દિશાએથી વળ્યાં ત્યારે તો દરિયો ધરતી જેટલો શાંત હતો. હોડીનું મોં ઉત્તર તરફ કર્યું ને પવનનો સપાટો શરુ થયો. હું તો નિરાંતે ઊંઘી ગઈ હતી. હોડી ઊંધી વળી ને હું પાણીમાં પડી ત્યારે જ મારી ઊંઘ ઊડી ગઈ. મેં મારા પતિને શોધવા યત્ન કર્યો પણ એ તો ઘણે આઘે નીકળી ગયા હતા. મેં દૂરથી એમની તરવાની ગતિ જોઈ હતી. મોજાંમાં ઊંચે ચડીને એ નીચે પછડાતા હતા. જરા વાર હું મોડી પહોંચી હોત તો એમનું શરીર હું હાથ કરી શકત નહિ. [સંભારતી] મેં નાનપણમા મોતના ફુંફાડા જેવો જાવાનો સમુદ્ર જોયો હતો એટલે આ તોફાનની અસર મારા પર ઝાઝી થઇ નહોતી. એમના બેશુદ્ધ શરીરને ઘસડી હું કિનારા સુધી આવી ત્યારે મારા જીવમાં જીવ આવ્યો.

[ઢંકાયેલાં પાપથી શરમાતો હોય તેમ સંતોષ સૂતાં સૂતાં મોં ફેરવી જાય છે. એની લાલચોળ આંખમાં ઝળઝળિયાં આવે છે.]

જાંબુડી [સંતોષની નજીક જઈ] તમારા શરીરને હવે કેમ છે ભાઈ?

[સંતોષ ઉત્તર આપતો નથી. લોકો પોતપોતાના ફાનસ લઈ વિખરાઈ જવા માંડે છે. દેવકી સંતોષનું માથું ખોળામાં લઈ હળવે હળવે દબાવે છે.]

દેવકી : (મીઠાશથી) તમારાથી ચાલી શકાય એમ હોય તો ચાલો, આપણે પણ ઘેર જતાં રહીએ. પવન હજી વધારે ને વધારે ઠંડો થતો જાય છે.

[સંતોષની આંખોમાંથી અશ્રુ પ્રવાહ વછૂટે છે. કાંઇ ન સમજતી હોય તેમ દેવકી સ્વામીનું રડું રડું થયેલું મોં જોઇ રહે છે ને ધીમેધીમે આંસુ લૂછે છે, દૂર બેત્રણ જણ તાપણાં નજીક બેઠાં છે. સાગર થાકી ગયો હોય તેમ ધીમેથી હાંફતો હોય છે. ચંદ્રનું મોં અત્યંત મોહક લાગે છે. થોડી વારે દૂરથી કાળી ચાદરમાં આખું અંગ લપેટીને એક સ્ત્રીઆકૃતિ ધીમે ધીમે નજીક આવતી દેખાય છે. આંખોની બે કીકીઓ સિવાય એણે આખું મોં છૂપાવી દીધું છે. હળવે હળવે ઉપડતાં પગલાં ચંદ્રના અજવાળામાં 'શરમાતાં સસલા' જેવાં લાગે છે. આવીને તે સંતોષની થોડે દૂર ઊભી રહે છે. દેવકીનું શરીર એને જોઇને કંપી ઊઠે છે. સંતોષ પથારીમાં સહેજ ઊંચો થાય છે.]

સંતોષ : દેવકી, આપણી સામે આ કોણ ઊભું છે?

દેવકી : (પેલી વ્યક્તિને) તમે કોણ છો, મા?

[પેલી વ્યક્તિ ખડખડાટ હસી પડે છે.]

સંતોષ : (બેઠો થઈ) આ તો શોભાનું જ હાસ્ય. (બૂમ મારી) શોભા, શોભા !

[ભયભીત બનેલી દેવકી મોં સંતાડી દે છે. શોભા નજિક આવે છે : સંતોષનું આખું અંગ ધ્રૂજી ઊઠે છે.]

શોભા : (અમાનુષી અવાજે) સંતોષ, તારાં વચને હું મધરાતે પ્રશ્ચિમને માર્ગ રખડી, પણ તારો પત્તો મળ્યો નહિ. ત્યાંથી પાછાં ફરતી વખતે મેં કેવાં મંથનો અનુભવ્યાં હશે એની કલ્પના તને આવે છે? લાગણીની હુંફમાં તને વચન પણ યાદ ન આવ્યું, ખરું ?

સંતોષ : (કાંઈ ન જાણતો હોય તેમ) તું આ બધું કોને સંભળાવે છે શોભા? મેં કોઈને વચન આપ્યું નથી.

શોભા : (તીખા સાદે) ગઈ કાલની વાત આજે ભૂલી જાય એવો ભોળો તું ક્યારથી થયો ? ને દિવસભરમાં એક અક્ષર બોલનારો તું–

[શોભા મોં પરથી વસ્ત્ર ખસેડે છે. એનું ક્રોધથી લાલચોળ થયેલું મોં જોઇને દેવકી સંતોષની સોડમાં લપાય છે. સંતોષનો ચહેરો હતો એવો જ શાંત હોય છે.]

સંતોષ : (શાંતિથી) એ ભૂતકાળનો આખો ઇતિહાસ મેં વર્તમાનના પાણીથી ધોઈ નાખ્યો છે. હું ભોળો હતો એ સાચું. આટલા દિવસ મૂંગો અપરાધી પણ હતો. આજે સાગરની ગર્જનાએ મને વાચા આપી છે. ચંદ્રકિરણોએ હૃદય આપ્યું છે; દેવકીની માનવતાએ મને માનવી કર્યો છે. તું તારે ઘેર પાછી જા બહેન !

[દૂર બળતું તાપણું હોલવાઇ જાય છે. પવનની ઠંડક વધુ ને વધુ વેધક બનવા માંડે છે. દેવકીના શરીરને ટેકો દઇ સંતોષ દૂર દૂર ચાલ્યો જતો હોય છે. પથ્થરની મૂર્તિ જેવી શોભા એમને એમ ઊભી રહે છે.]

પડદો

પતનના પાડોશીઓ

પાત્રો

શામકોર

પુરણ	નથુ
ખીમો	વસ્તો
દારૂડિયો	શામજી
જીવકોર	સિપાઇ અને બીજાં

[સાંજ નમી ગઈ છે, મિલમજૂરની ઓરડીનો આગળનો ભાગ. બારણાં આગળ સરિયામ રસ્તો દેખાય છે. પથરાતાં અંધારામાં ઓરડીનું રાચરચીલું કશું દેખાતું નથી. વાતાવરણમાં શાંતિ છવરાણી છે, મનની આશાને રહેંસી નાખે એવી ભયાનક શાંતિ. બારણામાં ત્રણ નાનાં બાળકો, બાર વર્ષની અંદરના,—નામ અનુક્રમે પુરણ, નથુ, ખીમો—ને પડખાંમાં લઈ તેમની મા શામકોર દૂર સુધી જોઈ રહી છે.]

શામકોર : (નિસાસો નાખી) : હજી કોઈ નો આવ્યું.

પુરણ : બીજું કોણ આવવાનું છે! મારા બાપા જ કની? ઈ તો બહુ મોડા આવશે. દારૂવાળાની દુકાન દસ વાગ્યે બંધ થાય છે.

નથુ : દારૂવાળાની દુકાન બંધ થાય તયેં બાપા ઘરે આવે.

ખીમો : તેય ગુંજામાં એક પૈસો ન બચે તયેં.

નથુ : સવારે સૂરજની કોર નીકળે તયેં મારા બાપા મજૂરીએ જાય છે, ને રાતે ચંદરની સવારી આવે ત્યારે એની સવારી આવે છે. આખો દિવસ લોઢાં ઘસવાનાં, તેલ મૂકવાનું, ચાકિયું ભીડવાની, સાંજ પડે તયેં તો મોઢું દીપડા જેવું થઈ જાય. મારગમાં મળે તયેં તો હું ઓળખું પણ નહિ હો, મા!

પુરણ : હું તો બાપાનું મોઢું સાવ ભૂલી ગયો છું.

ખીમો : ને બાપા આપણાં મોઢાં નહિ ભૂલી ગયા હોય?

[શામકોર નિસાસો નાખે છે.]

શામકોર : (ધમકાવતી) : છાનાં રિયો છાનાં, મારાં રોયાંઉં. કો'ક સાંભળશે તો દાંત કાઢશે.

પુરણુ : (આળસ ખાઈ) મા, મને તો ઊંઘ આવે છે; આપડે તો સૂઈ જાવાના.

શામકોર : ખાધા વિના સૂઇ નોં જવાય, ભાઈ!

નથુ : ભૂખ્યાં પેટ ઊંઘ પણુ શે આવે?

પુરણુ : મને તો ખાધાપીધા વિના બહુ નીંદર આવે.

ખીમો : હા ભઇ, હા; પેટ ખાલી હોય તયેં સપનાં પણુ એવાં મજાના આવે! ભાત ભાતનું જમવાનું મળે સપનામાં.

નથુ : હું સપનામાં રોજ જબેલીના ખૂમચા જોઉં છું. પીળી ધમરક જેવી જબેલી. ઓઇલા વાણિયાનો છોકરો મરી ગયો તે દિ' સૂંડલા ભરી ભરીને કૂતરાને ખવડાવી હતી એવી ઊની ઊની જલેબી. બાપા કયેંક એક લઈ આવે, પણુ સાવ ટાઢી, ઊકરડે નાખી દીધા જેવી.

ખીમો : જલેબીનાં સપના તો મને યે આવે છે.

પુરણુ : (નિરાશ થઇ) મને તો રોજ રોટલો ને છાશ જ સપનામાં આવે છે. જલેબીનું નામ લઈને સૂઈ જાઉં, ભગવાનને કરગરું, પણુ જલેબી કોઈ દિવસ સપનામાં આવતી નથી. જૈયે જુઓ તૈંયે બસ રોટલો, મરચું ને છાશ.

નથુ : સપનામાં રોટલો દેખાય ઇ સારું નહિ, કાં ખીમલા! સપનામાં રોટલો દેખે એને દિ'ના કાચા ચણા પણુ ન મળે, ફુઇ જો માને.

શામકોર : શું છે, પુરણિયા?

પુરણુ : (ગભરાઈ) કાંઈ નથી મા, ઈ તો અમે સપનાની વાત કરીએ છયેં.

નથુ : મા, પુરણુને સપનામાં રોટલો ને છાશ દેખાય છે.

શામકોર : મારો પુરણુ મોટો થાશે તયેં એને રાજગાદી મળશે.

[નથુ ને ખીમો તાળી વગાડે છે.]

ખીમો : એમ તો કયેંક મને છત્તરપલંગ પણુ સપનામાં આવે છે. જાણે કોઈ ઊંચી ઊંચી અગાસી હોય, ભાઈશાબ પલંગ માથે સૂતા હોય, ઉપરથી ચાંદરણાનું તેજ ટપકતું હોય, પવન વાંસળી વગાડતો હોય! બસ, જાણે ઈંદ્રાપુરી.

નથુ : હં, આ તો ઓલી રામસીતાની છબીની વાત. બચ્ચા! એમ તો બંદો સપનાની રેલગાડીમાં પણુ સેલ કરી આવ્યો છે.

પુરણુ : સપનામાં તો જયાં જવું હોય ત્યાં જવાય. એક વખત હું વિમાનમાં પતરાં ઉપર ચડીને આખું આકાશ જોઈ આવ્યો' તો.

નથુ : (ખીજાઈને) વિમાનમાં તો મોટા મોટા લોક જ બેસે. આપણું ગજું નહિ, કાં ખીમલા? એવું સપનું આવે ઇ ખોટું ગણુવું.

પુરણુ : ને જલેબીનું આવે ઈ સાચું કાં? કેમ જાણે સાચુકલી જલેબી મોંમાં આવી જાતી હોય!

શામકોર : (રાડ પાડી) હવે તમારો પટપટારો મૂકશો કે ધબ્બા ખાવા છે?

નથુ : ખાવા માટે બીજું આપવા જેવું કાંઈ નથી?

શામકોર : કાળજું છે, કાઢીને ખાઈ લ્યો.

ખીમો : મા, હવે ભૂખ બરાબર લાગી છે હો ! ઓલા વાટકામાં ચણા પડયા છે ઈ ખાઈ લઉં ?

નથી : (છાતી ચાબડી) એટલા ચણા તો મેં કયુંના ખલાસ કરી નાખ્યા.

[ખીમો રડવા જેવો થઇ જાય છે.]

શામકોર : (ખીમાનું માથું ખોળામાં લઈ) ઈ નથુડો હરામખોર એવો જ છે; જો બેટા, રડાય નહિ હો. હમણાં તારા બાપા બજારમાંથી કાંઇક લાવશે. (અંગૂઠો બતાવી) નથુડાને એમાંથી એક ચપટી નહિ મળે.

નથુ : મારા બાપા બજારમાંથી લાવી લાવીને શું લાવશે? બહુ બહુ તો સેવમમરા, પતાસાં ને કાં ખજૂરના ઠળિયા. કાંઈ ઊની ઊની જલેબી નહિ લઈ આવે.

શામકોર : (ચીડવતી) આજે તો મીઠાઈનો આખો કરંડિયો આવવાનો છે. એમાં શું શું હશે, ખબર છે?

ખીમો }
પુરણ } : શું શું હશે, મા ?

શામકોર : એમાં હશે સૂતરફેણી, મેસુર, ગુલાબજાંબુ, ધારીપુરી, મોહનથાળ, બદામપાક, પીસ્તાપાક, હલવો.

નથુ : (ચાળા પાડતો) બસ, બસ, મા ! આટલાં બધાં વાનાં નહિ ભાવે.

શામકોર : તને એક બટકું ય નથી મળવાનું; જોઈ રાખજે.

[એક ગાડીવાળો બળદ લઇને ત્યાંથી પસાર થાય છે.]

ઊભા રહો વસ્તાભાઈ, તમે પુરણના બાપાને ક્યાંય દીઠા? મજૂર તો કેંયુના છૂટી ગયા છે.

વસ્તો : ઈ ઓલા પીઠામાં પડયો પડયો ગાયન ગાય. શામ-કોર ભાભી, તમે શામજીભાઈને કાંઈ નથી કે'તાં ?

શામકોર : (ફિક્કી પડી) શું કહું ભાઈ, એની લત છૂટે એવી નથી.

[એક વૃદ્ધ ડોશી લાકડીને ટેકે પ્રવેશ કરે છે.]

આવો, આવો, જીવકોર મા !

જીવકોર : મારો નારણિયો ક્યાંય આટલામાં છે ?

વસ્તો : તમારો નારણિયો ને ? ઈ તો જીવકોર મા ! ઈ તો—

[વસ્તો બોલતો બોલતો અટકી જાય છે.]

જીવકોર : કોણ બોલ્યું ઈ ?

વસ્તો : ઈ તો હું વસ્તો છું, માડી !

જીવકોર : (ઉતાવળે) મારા નારણના કાંઈ વાવડ ? ગઈ કાલ્યનો ઘરે નથી આવ્યો.

વસ્તો : તમારો નારણ તો માડી, પોલિસચોકીમાં પડયો છે.

જીવકોર : (રાડ પાડી) હેં, પોલિસચોકીમાં ? મારો નારણ ?

[જીવકોર ડોશી નીચે બેસી જાય છે.]

શામકોર : નારણને પોલિસચોકીમાં કેમ બેસાડયો, વસ્તાભાઈ ?

વસ્તો : ભાભી, ભાઈસાહેબ દારૂ પીને બજારમાં તોફાન કરતા'તા; ત્યાંથી પોલિસ પકડી ગઈ.

જીવકોર : (ઊભી થઈ) ભાઈ વસ્તા, તું મારી ભેળો હાલ્ય. આપણે નારણને છોડાવી આવીએ.

વસ્તો : હા માડી, હાલો.

[બંને જાય છે]

પુરણ : મા, હાલ્યને આપણે મારા બાપાને પીઠામાંથી ઘરે લઇ આવીએ.

શામકોર : (નિરાશાથી) ઈ આપણું માને એવા નથી, બેટા!

નથુ : ઈ તો પીઠામાં પડયા પડયા અલકમલકની રાગણિયું છેડતા હશે. ઘરે આવવું એને શેં ગમે?

ખીમો : મારા બાપાને ગાયન ગાતાં બહુ સરસ આવડે છે, કાં મા?

શામકોર : (કંટાળી) તને ને તારા બાપાને ખબર, ભાઈ!

નથુ : ને તે દિ' ખીમલા, બાપા સબજપરીની વાર્તા કહેતા હતા, યાદ છે? સબજપરી આખો પલંગ ઉપાડીને ઓતરથી ઊડીને દખ્ખણમાં ગઈ.

પુરણ : (અચરજથી) આખો પલંગ ઉપાડીને?

નથુ : હા, બચ્ચા, ઈ વારતા કાચાપોચાને તો બીવડાવી દિયે એવી છે. પછી શું થાય છે, ખીમલા?

ખીમો : (છટાથી) પલંગની માયલીકોર રૂપરૂપના અંબાર જેવા કુંવર ને કુંવરી સૂતેલાં. પલંગ અંકાશથી ઉપર થઈને ચાલ્યો તોય એમાંથી એકેયની આંખ ઊઘડતી નથી. પરીએ મારગમાં ને મારગમાં બેઈનાં લગન કરી નાખ્યાં. સવાર પડી ત્યાં તો કાંઈ ન મળે. કુંવર કુંવરને ઘેર. કુંવરી કુંવરીને ઘેર. અને પરી તો કોણ જાણે કયાં અલોપ થઈ ગઈ.

પુરણ : (જિજ્ઞાસાથી) પછી શું થયું, ખીમાભાઈ?

ખીમો : (ચાળા પાડી) લ્યો, ભાઈ સાહેબ બોલ્યા પછી શું થયું? વારતા તો કોણ જાણે કેવડી યે મોટી હતી, કાંઈ સાંભળ્યું એટલું બધું યાદ રહે? હવે તો બાપાને ય યાદ નહિ હોય.

પુરણ : વાર્તા કહેનાર વાર્તા ભૂલી જાય નહિ.

નથુ : કેમ જાણ્યું કે નોં ભૂલી જાય ? બાપાને સવારની વાત સાંજે યાદ ક્યાં રહે છે ?

[એક દારૂડિયો લથડિયાં ખાતો પ્રવેશ કરે છે.]

નથુ : આ વળી કયું જનાવર નીકળ્યું ?

દારૂડિયો : (બૂમ પાડી) છોકરાઓ, આંહી આવો. કાંઈક આપું.

[નથુ અને ખીમો દોટ મૂકી તેને ઘેરી લે છે. પુરણ દૂર ઊભો ઊભો જોયા કરે છે. શામકોર ઓરડીમાં જતી રહે છે. દારૂડિયો ખોબામાંથી રેવડીની મૂઠી ભરી બેઉને આપે છે.]

નથુ : (રેવડીને ગજવામાં મૂકી) મને બહુ ભૂખ લાગી છે, કાકા, હજી એક મૂઠી વધારે.

ખીમો : મને ય એક મૂઠી વધારે.

દારૂડિયો : (પુરણને) તું આઘે શું કામ ઊભો છે, બચ્ચા ! લે લે, તું યે ઉડાવ.

નથુ : (વચમાંથી પડાવી) એને ભૂખ નથી લાગી કાકા, એના ભાગની મને આપો.

પુરણ : (શાંતિથી) હા, કાકા ! મારા ભાગની એમને આપો. મને મુદ્દલ ભૂખ નથી લાગી.

દારૂડિયો : (અશાંતિથી) તને ભૂખ નથી લાગી ? મુદ્દલે ભૂખ નથી લાગી ? તારા ગાલ તો બેસી ગયા છે. મોઢું ફિક્કું પડી ગયું છે. (લથડતો) તને ભૂખ નથી લાગી એમ ઇશ્વર ભલે માને, હું નહિ માનું. આ શેરીનું એક પણ છોકરું પેટ ભરીને કોઈ દિવસ જમતું નથી. (ઘેનમાં) મજૂરના છોકરાઓને ભૂખ નથી લાગતી એમ ધનલોભી પરમેશ્વર ભલે માને, હું નહિ માનું.

નથુ : (પોટલી પડાવી લઈ) તમારી પાસે હજી રેવડી ઘણી છે, કાકા, મને બધી આપી દિયો.

પુરણ : (નજીક આવી) જાવા દિયો હવે ઇ બાપડાને. આપણે એની બધી રેવડી લઈ લેશું તો ઘેર એનાં છોકરાં શું ખાશે ?

શામઠાકોર : (ઝૂંપડામાંથી બહાર આવી) પથરા ખાશે પથરા. દારૂડિયાનાં છોકરાં પથરા ખાવા માટે જનમે છે.

દારૂડિયો : શું તેં કીધું, બાઈ ?

[દારૂડિયો શામઠાકોરની નજીક આવે છે.]

શામઠાકોર : મેં કીધું ઈ તને નહિ સમજાય, ભાઈ, એને માટે બીજો અવતાર લેવો પડશે.

દારૂડિયો : (છેક નજીક આવી) શું કે છ ? નવો અવતાર ?

શામઠાકોર : (આઘી ખસી) તારા ઘર ભેગો થઈ જા, ભાઈ, સિપાઇ આટલામાં ફરતો હશે.

દારૂડિયો : ભલે ને ફરતો. મને કોઈ હાથ અડાડે નહિ. મેં કાંઈ દારૂ નથી પીધો, ઓલા નારણિયાની જેમ.

[દારૂડિયાને લથડિયું આવે છે.]

નથુ : કોણ કહે છે કે તમે દારૂ પીધો છે, કાકા ? મારી મા તો જુઠ્ઠું બોલે છે.

દારૂડિયો : દારૂ પીધો હોય ઈ છાનું રહે ? ક્યારનો ગટર ભેગો થઈ ગયો હોય દીકરો. (નથુની પીઠ ઠોકી) કેમ બચ્ચા !

[તેને એક મોટું લથડિયું આવે છે. તે ગોથાં ખાતો ખાતો જમીન ઉપર ચતોપાટ થઇને પડે છે. કોટનાં ગજવામાં ભરેલી પાંચ છ નારંગી આમતેમ વેરાઈ જાય છે.]

ખીમો : આટલું બધું શું ઢોળાઈ ગયું, કાકા?

દારૂડિયો : રેવડી ખલાસ થઈ હવે. આ નારંગીની મોજ ઉડાવો.

નથુ : (ખાતાં ખાતાં) નારંગી તો બહુ ખાટી લાગે છે, કાકા, (ફેંકી દેવાનો ડોળ કરીને) ઉંહ.

ખીમો : અને ઉપરની છાલ તો કડવી કડવી.

દારૂડિયો : નારંગી કડવી લાગે છે, કાં બચ્ચા? હં, જલેબીનું પડીકું જોઈ ગયા લાગો છો!

નથુ : તમે જલેબી લઈ આવ્યા છો? (સંતોષથી) હાશ, મારી જીભે ક્યારની ચળ આવતી'તી. લાવો પડીકું આ તરફ.

પુરણુ : (દયાથી) હવે એટલું એનાં છોકરાં સારુ રહેવા દે, ભાઈ!

ખીમો : (તિરસ્કારથી) તું તારે માળા ફેરવ્યા કર ને, ભગતડા!

[જલેબીનું પડીકું છોડી નથુ ને ખીમો હાથ મારવા માંડે છે.]

નથુ : (ખાતાં ખાતાં) ઓહો, જલેબી ઈ જલેબી, જાણે સોનાની વીંટી,

ખીમો : (પુરણુને) આવ, તું યે બે બટકાં ઉપાડી જા. પછી નિરાંતે ઊંઘજે.

પુરણુ : મને છાશરોટલા વિના બીજું કાંઈ નથી ભાવતું.

ખીમો : કરમ તારાં.

[જલેબીનો ખાલી કાગળ પવનમાં ઉડાડી બેઉ જણ નાચે છે. દારૂડિયો જવા માંડે છે.]

નથુ : (તેને પકડી) કાકા, હવે કાંઈ નથી રહ્યું ?

શામકાર : (બંનેના વાંસામાં એકેક ધબ્બો મારી) મારા પીટયાઓ, હવે જાવા દિયો એને, બિચારાને ઘેર છોકરાં ભૂખ્યે ટળવળતાં હશે.

દારૂડિયો : (પાછો ફરી) બાકી રહી સેવમમરાની પોટલી ને આ જૂનો ડગલો.

ખીમો : તમારો ડગલો તો બહુ જૂનો થઈ ગયો છે, હો કાકા ?

દારૂડિયો : તો ય કાચું સોનું છે. વાણિયાની દુકાને જઈને વેચો તો પાંચશેર સેવમમરા આવે.

[દારૂડિયાને ખભે પડેલો ડગલો ખેંચી નથુ ઓરડીમાં દોડી જાય છે.]

શામકાર : આપી દે એનો કોટ, પાછો આપી દે. ટાઢથી મરી જાશે બચ્ચારો.

[દારૂડિયો લથડિયાં ખાતો ખાતો જતો રહે છે.]

નથુ : રોજ ઘણાય દારૂડિયા મરે છે તેમાં આ એકનો વધારો નહિ જણાય, મા !

શામકાર : (ધક્કો મારી) આઘો મર્ય, મારા રોયા કસાઈ!

[ડાબી કોરથી લથડિયાં ખાતો ખાતો શામજી પ્રવેશે છે. એનું પહેરણ ફાટી ગયું છે. બાબરી વીંખાઇ ગઇ છે. આખું મોં મેશ મેશ ભર્યું છે. જમણા પગમાં એક જ પગરખું છે.]

શામજી : (હાંક પાડી) કયાં મરી ગયાં બધાં ?

શામકાર : (ઓળખી) પુરણુ, તારા બાપા આવ્યા.

[ત્રણે છોકરાં કૂદતાં કૂદતાં શામજીને ઘેરી લે છે.]

નથુ : બાપા મને બહુ ભૂખ લાગી છે. ઊની ઊની જલેબીનું પડીકું ક્યાં?

ખીમો : બાપા, તમે સવારે કીધું'તું ને કે હું નારંગી લેતો આવીશ. લાવો, ક્યાં છે નારંગી?

શામકોર : જરા થાક ઉતારવા તો દિયો એને, અભાગિયાઓ?

પુરણુ : બાપા, તમે નીચે બેસો. હું તમારા પગ દાબવા માંડું.

[શામજી નીચે બેસે છે. પુરણુ એના પગ દાબે છે.]

નથુ : (ઈર્ષ્યાથી) હા, હા; ચાકરી કર્યે બાપાની એટલે તને સૌથી સવાયું મળે.

ખીમો : ભલે ને સવાયું લ્યે. એની પાસેથી પડાવી લેવું ઈ આપણા હાથમાં છે ને?

શામજી : કજિયા કરો માં. હું આજ કાંઈ નથી લાવ્યો.

નથુ : કાંઈ કેમ નથી લાવ્યા? તમે કીધું'તું ને!

શામજી : (એને માથે હાથ ફેરવી) તે કીધું તો હતું બેટા, ને મેં બજારમાંથી લીધું પણ હતું. પણ—

શામકોર : પણ શું? કોઈ લઈ ગયું!

શામજી : ઓલો ધરમશી, નવી મિલમાં કામ કરે છે ઈ. મારો બેટો બધુંય ઉપાડી ગયો.

[શામકોર, પુરણુ, નથુ, ખીમો કંઇક સમજ્યાં હોય તેમ એકમેક સામું જુએ છે.]

શામકોર : હવે ખબર પડી. તમારો ચોર હમણાં આંહીથી નીકળ્યો'તો.

શામજી : (ઊછળી) નીકળ્યો'તો આંહીથી! તયેં પકડવો'તોને. મારો ડગલોય ઉપાડી ગયો છે.

નથુ : ડગલો તો મેં પડાવી લીધો છે, બાપા, જુઓ આ રહ્યો.

[નથુ ડગલો લાવી આપે છે.]

પુરણ : ને બાપા, તમારું એક પગરખું ક્યાં ?

શામજી : કૂતરું ઉપાડી ગયું હશે. પીઠાંમાં કૂતરાં પણ એટલાં ભેગાં થાય છે !

શામકોર : ને માથાંમાં સુંડલોએક ધૂળ કોણે ઘાલી ? પાઘડી ક્યાં ?

શામજી : (માથે હાથ ફેરવી) માથા ઉપર પાઘડી પણ નથી એમ ? (માથું ખંજવાળી) તયેં ઈ તો પીઠાવાળાએ લઈ લીધી હશે.

શામકોર : વળી તમારી પાઘડી યે વેચી ખાધી ?

શામજી : ટીપું ટીપું કરીને શરીર આખાનું લોહી વેચી ખાધું છે. હવે પાઘડીનો હરખશોક શું કામ કરછ ?

શામકોર : હું હરખશોક ક્યાં કરું છું ? પણ આ છોકરાં સવારનાં ભૂખ્યાં ટટળે છે એનો તમે કાંઈ વિચાર કર્યો ? ઘરમાં એક ટંકનું અનાજ નથી.

શામજી : એમાં હું શું કરું ?

શામકોર : પેટનાં જણ્યાં ભૂખ્યાં હોય તયેં દારૂમાં પૈસા બગાડતાં આપણો જીવ કેમ ચાલે !

શામજી : છોકરાં ભૂખ્યાં રહેવા ટેવાઈ ગયાં છે એટલે તો હું પીઠાંમાં જાઉં છું ને ઢીંચું છું. એને ભૂખ્યાં રહેવાની ટેવ પડી ગઈ છે; મને લથડિયાં ખાવાની.

[ત્રણે છોકરાં છાનાંમાનાં એક કોર ઊભાં રહી જોયા કરે છે.]

શામકોર : (રડવા જેવી થઈ) આજ કેટલા દિ' થયા મેં ચૂલો સંધરૂકયો નથી, ખબર છે? બે દિવસ તો કાચા ચણા ખાઈને કાઢયા છે. તમને તેર આના રોજ મળે છે, એમાંથી રોજ ત્રણ આના બચાવતા હો, તો અમારે અનાજ માટે તરફડવું પડે નહિ. અમારી તો માગણ કરતાં યે બૂરી હાલત છે. કોઈને કહેવાય નહિ ને સહેવાયે નહિ. સુખે રેવું ને ભૂખે મરવું.

[શામકોરની આંખો ભીની થાય છે.]

શામજી : હું ઘરે આવું છું એટલે તું રોવા બેસે છે. જેંયે આવું તેંયે રોટલાની જ વાત. આ તે સાળી કોઈ જિંદગાની છે?

શામકોર : માથે પડે એને ઉપાડયા વિના છૂટકો નહિ.

શામજી : આપડે તો હવે ગળે આવી ગયા છેં તમારાથી. ભગવાન મોતે નથી મોકલતો.

પુરણ : એવું શું કામ બોલો છો, બાપા! ભગવાન તો દયાળુ છે.

શામજી : (ચાળા પાડી) ભગવાન દયાળુ છે, બહુ દયાળુ છે. સંચામાં રોજ બેચાર જણની ચટણી કરી નાખે છે. તારો ભગવાન ભારે દયાળુ છે, પુરણ!

શામકોર : (હેબતાઈ) બેચાર જણની? રોજ?

શામજી : એક નહિ, બે નહિ, ચાર ચાર ને છ છ જીવનો સંચા રોજ ભુકકો ભરી જાય છે. ભૂખ્યું પેટ ભરવા માણસ બિચારો જેમ જેમ ઊંચે ચડતો જાય છે, તેમ તેમ ધરતી એને નીચે ખેંચે છે–ખેંચી જ રાખે છે, ને કચડી કચડી રોટલો કરી નાખે છે.

[કોઇ ભારે વસ્તુ કોઇના શરીરને કચડતી હોય એવી કારમી ચીસ નજીકમાં સંભળાય છે. મોટરહોર્નના ભયસૂચક અવાજો ઉપરાઉપરી થવા માંડે છે, 'કોઇ કચડાઇ ગયું કચડાઇ ગયું' કરતાં લોકો દોડાદોડી કરી મૂકે છે.]

શામકોર : (દોડતા લોકોને) શું થયું છે ભાઈ, કોણ કચડાઈ ગયું ?

પહેલો અવાજ : ધરમશી લધરિયો કચડાઈ ગયો.

બીજો અવાજ : આખું અંગ ચેપો થઈ ગયું છે, મોઢું ય ઓળખાતું નથી.

ત્રીજો અવાજ : મોટરલોરી હતી, નક્કર પૈડાંવાળી !

[આઠ દસ માણસો ધરમશીના શરીરને ઊંચકી લાવે છે.]

નથુ : અરે, આ તો જેણે આપણને રેવડી ખવડાવી હતી તે છે! શું આનું નામ ?

ચોથો અવાજ : એનું નામ ધરમશી લધરિયો.

પુરણ : એના હાથમાં હજી સેવમમરાની પોટલી પડી છે. (ગળગળો થઈ) અરેરે, બિચારાનાં છોકરાં શું ખાશે ?

શામકોર : (બૂમ પાડી) પુરણ, નથુ, ખીમા ! ભાઈ, તમે ઘરમાં જાતા રહો. મોટર–ગાડિયું હડિયાપાટી કરે છે.

પાંચમો અવાજ : અરે, એને કો'ક પાણી તો પાઓ.

છઠ્ઠો અવાજ : દાંત બીડાઈ ગયા છે. પાણી ગળા નીચે ઊતરે એમ નથી.

[લોકોને ખસેડી શામજી ધરમશીના શરીર આગળ આવીને બેસે છે.]

શામજી : હજી એનો શ્વાસ ચાલે છે. હાલો એને કો'ક દાક્તર પાસે પહોંચાડીએ.

સાતમો અવાજ : મજૂરોની દવા કરનારા બધા દાક્તરો રૂપિયાની રેલમાં તણાઈ ગયા.

[એક સિપાઇ સોટી પછાડતો પછાડતો રોફબંધ પ્રવેશ કરે છે.]

સિપાઇ : (સોટી ફટકાવતો) કયા હય? અય જંગલી લોક! કયૂં જમા હુવે હો? હટ જાઓ યહાંસે.

[લોકો મારની બીકે નાસવા માંડે છે. થોડી વાર પછી સિપાઈ જતો રહે છે. ધરમશીના અચેતન શરીરને વીંટાઇને શામજી, શામકોર અને એનાં ત્રણ છોકરાં બેસી રહ્યાં હોય છે.]

શામજી : (ઊભો થઈ) બધાં ભલે નાસી ગયાં; પણ આપણી પીઠાંની દોસ્તી મારાથી ભૂલાય એમ નથી. ચાલ, હું જ તને તારે ઘેર પહોંચાડવા આવું છું, ભાઇ!

[ધરમશીના અચેતન શરીરને ખભે નાખી શામજી જવા માંડે છે. શામકોર, પુરણ, નથુ, ભીખો વગેરે નીચું જોઇ તેની પાછળ પાછળ ધીમે ધીમે જાય છે.]

[પડદો]

અજાણી મોહકતા

: પાત્રો :

રાજા

રાણી

વનેચંદ   કાનજી

નથુ

પ્રતાપ

[રાજમહેલનો એક ભાગ : રંગથી ચકચકીત દિવાલો અને તેને અઢેલીને ઊભેલું ભવ્ય ફરનીચર. જમણીકોર પહોળા પડખ બે બારણાં. બારણાં આડે બનારસી કંતાનના ચાક નાખેલા છે. આજુબાજુ ભોં પર ત્રણ ચાર જુઇનાં કુંડાં મહેકે છે. ફૂલગુલાબી જાજમપર પડેલી આરામખુરશી પર હાથમાં ચીરૂટ સળગાવીને બેઠેલા હજૂર સાહેબ, અને એમની ઉપરવટ થઇને બેદરકારપણે ફુંકાતો પવન : શાંત વાતાવરણને પજવતો ઘોંઘાટ અને ઘોંઘાટને લજવતી અનુચરોની અવ્યવસ્થા]

રાજા : [બૂમ પાડી) કાનજી, કાના, કાનિયા !

કાનજી : (ઝડપથી પ્રવેશ કરી) આવ્યો અન્નદાતા !

રાજા : હજી વનેચંદ નથી આવ્યો ? તું બોલાવવા ગયો ત્યારે ઈ શું કરતો'તો ?

કાનજી : (હાથ જોડી) મને કહ્યું કે હું શીરાવીને આ આવ્યો.

રાજા : બધાં બેવકૂફો. (ટટાર થઈ) હું પૂછું છું કે ત્યારે ઈ શું કરતો'તો ?

કાનજી : (ધ્રૂજતો) પેટીમાં લૂગડાં ગોઠવતો'તો, બાપુ !

રાજા : અને શીરાવતાં બે કલાક ! જા, એને કહી આવ કે મને મળ્યા પછી જજો.

[કાનો બે ડગલાં ભરે છે ત્યાં સામેથી વનેચંદ આવતો દેખાય છે. એણે ધોયેલું અંગરખું ને ધોતિયું પહેર્યાં છે. માથા પર આંટીબંધ ગુલાબી ફેંટો છે. મોં પર

આવેલું બનાવટી હાસ્ય કળાઇ આવે છે. કાનજી
જતો રહે છે.]

વનેચંદ : (નમીને) કાંઈ જરુરી કામ હતું, બાપુ?

રાજા : (ખુરશી બતાવતાં) અહીં બેસ. મેં સાંભળ્યું છે કે તું મુંબઈ જાય છે?

વનેચંદ (બેસતાં) મારે દુકાન સારુ થોડું કાપડ ને પરચુરણ ચીજ વસ્તુ લેવી છે. કેમ કંઈ મંગાવવું છે?

[રાજા ભયથી આમતેમ જુએ છે.]

રાજા : તે વિના તને બોલાવું? (ધીમેથી) મારા માટે બે વીંટી હીરાની–

[હેબતાઇ ગયો હોય તેમ વનેચંદ આઘો ખસે છે.]

એમાં તને બીક શેની લાગે છે? જો, બે વીંટી હીરાની– સાચો હીરો, કોઈ જાણીતા પારેખ પાસે કિંમત કરાવીને લેજે. બોલ લાવીશ ને?

વનેચંદ : (ઊંચે જોઈ) સાચા હીરાની બે વીંટી?

રાજા : કેમ ? તને નવાઇ લાગે છે?

વનેચંદ : (ભાનમાં આવ્યો હોય તેમ) હા, હા, શું કહ્યું? બે વીંટી સાચા હીરાની, બોલો બાપુ, બીજું કાંઈ?

રાજા : ના, બીજું કાંઈ નહિ. પણ વનેચંદ ! તું હીરાનો પારખુ તો છું ને? જોજે ક્યાંક–

વનેચંદ : (હસતો) ના, રે બાપુ ! એમ હું કોઈનો છેતર્યો છેતરાઉં એવો નથી, પણ—

રાજા : મને વિશ્વાસ છે એટલે તો તને આ કામ સોંપું

છું. પણ સાથે તારે એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું. (આજુબાજુ જોઈ) આ વાત કોઇને કાને ન જાય.

[જમણાં બારણાંનો ચાક પવનથી જરાક હાલે છે.]

વનેચંદ : હું બધું સમજું છું. (વિચાર કરી) પણ બાપુ! તમારી પાસે વીંટિયુંનો તો પટારો ભર્યો છે; કેટલીક ભેગી કરશો?

રાજા : (ચીડાઈ) પાછો વાણિયો થયો? કહું છું કે વાતને ચોળી, ચીકણી નથી કરવી. હું ને તું બે જણ સમજીએ.

વનેચંદ : (વેવલાઇથી) પણ બાપુ, મને તો વાત કહો, હું ક્યાં પારકો—

રાજા : (ભોળવાઈ) જો મનમાં રાખજે. જાણે વાત એવી છે, ભાઈ વનેચંદ, કે આવતી સાતમે મારો જન્મદિવસ છે, તે દિવસે એ વીંટીની મારે–

[ફરી પેલાં બારણાંનો ચાક ઊંચોનીચો થાય છે.]

વનેચંદ : (વચ્ચે) રાણીસાહેબને ભેટ દેવી લાગે છે, કાં બાપુ!

રાજા : (અર્ધા રોષમાં) રાણીસાહેબને ક્યાં ખોટ છે? એ વીંટી તો તારાની આંગળીએ પહેરાવવી છે.

[વનેચંદ એક આંખ નાની કરી રાજાને સાશ્ચર્ય જોઇ રહે છે.]

વનેચંદ : (ન જાણતો હોય તેમ) તારા? ઈ ક્યાંનાં રાજકુંવરી છે?

રાજા : (નિરાશાથી) ઓય અક્કલવગરનો! રાજકુંવરી વળી ક્યાંથી ખોદી કાઢી? હું તો આપણી તારાની વાત કહું છું. ભૂલી ગયો તારાને?

વનેચંદ : (કાન પકડી) હા, હા, યાદ આવ્યું. આપણી તારા એટલે ઓલી જીવી વડારણની છોકરી, ખરું ?

[રાજા મૂંઝાઈને ફરી પેલા હાલતા ચાક તરફ જુએ છે.]

રાજા : (નાકે આંગળી મૂકી) શૂશૂ. એ બધું વંશપુરાણ ક્યાં વાંચવા બેઠો ! કોઈ—

વનેચંદ : (સાંભળ્યા વિના) પણ બાપુ ! એવડી ભારે કિંમતની વીંટી રાણીસાહેબ તારાની આંગળીએ જોશે ત્યારે પૂછશે નહિ કે તેં ક્યાંથી કાઢી ?

રાજા : (કંટાળી) અરે ભગવાન ! આ વાણિયો તો જબરો માથાકૂટિયો ! પણ તારે તેનું શું કામ છે? પૂછશે ત્યારે તારા માટે જવાબ આપણે ઘડી કાઢશું.

વનેચંદ : શો ?

રાજા : તારા કહેશે કે મારો ભાઈ મુંબઈમાં છે, તેણે વનેચંદ જોડે વીંટી મોકલાવી.

વનેચંદ : તારાનો ભાઈ? મુંબઈમાં ?

રાજા : (વાત સંકેલવા મથતો) હા, ભાઈ હા, મોટરડ્રાઇવર છે. પોણોસોનો તો પગાર મળે છે.

વનેચંદ : પોણોસોનો પગારદાર ચારસોની વીંટી ખરીદે ?

રાજા : ચારસોની શું બારસોની ખરીદે. પાઈ પાઈ ભેળી કરનારા પચીસ રૂપરડીના પગારમાંથી મેડીઓ બંધાવે છે.

વનેચંદ : એ તો ભારે નવાઇ જેવું !

રાજા : આજે તને બધું નવાઈ જેવું કેમ લાગે છે ! (ગજવામાં હાથ નાખી) લે પૈસા ગણી જો.

[નોટનું બંડલ રાજા વનેચંદના હાથમાં મૂકે છે : વનેચંદ ગણે છે : સો, બસો, ત્રણસો, ચારસો—નોટોનું પડીકું વાળી તે અંગરખાનાં અંદરનાં ગજવામાં સંભાળથી મૂકે છે.]

રાજા : (લહેરથી) ગણી જોયા? બરાબર છે ને?

વનેચંદ : હા, બાપુ!

રાજા : વનુ, તું પાછો ક્યારે ફરીશ?

[રાજા ઠરી ગયેલી ચીરૂટ બારીવાટે ફેંકે છે.]

વનેચંદ : પંદર દિવસની અંદર.

રાજા : સારું. પણ પૈસા સંભાળજે. વખત છે ને—

વનેચંદ : (ઉભો થતાં) એમાં કહેવાનું હોય?

[વનેચંદ ઊઠે છે ને સલામ ભરી ચાલતો થાય છે. રાજા તેને જોઇ રહે છે, રૂવાબથી, સંતોષથી, ભાવિના આનંદથી. તે જ વખતે પેલું ચાકવાળું બારણું ભટાક દઈને ઉઘડે છે ને અંદરથી રાણી ધીમે પગલે તખ્તા વચ્ચે આવે છે. એની આંખોમાં ઠપકો છે, બીડેલા હોઠમાં તિરસ્કાર છે, અંગના પ્રત્યેક હલનચલનમાં કંપારી છે. તેના પગના અવાજથી ચમકી રાજા પાછળ જુએ છે.]

રાણી : (ઈઝીચેરની વાંસે ઊભી રહી) હમણાં કોની સાથે વાતો કરતા હતા?

[રાજા મનોમંથન છૂપાવવાની જગા શોધે છે.]

રાજા : અહીંયાં કોઈ નથી? દિવાલો છે, ખુરશીઓ છે, જુઈની કુંડીયો છે. વાતો કરવાની આ સામગ્રી થોડી છે? તમે

લહેરથી બગીચામાં ફર્યા કરો. (ફટકાવતો) અહીં શા માટે આવવું જોઈએ ?

રાણી : (કડવું હસી) સાચું કહ્યું, મારે અહીં આવવાની જરુર નહોતી, હમણાં તારા આવશે.

(રાજા ચમકી રાણી સામે જુએ છે.]

રાજા : (ખિજાઈ) તારા, તારા, તારા, દિવસમાં પચીસ વખત એ એક જ પાઠ પઢયા કરો છો. એ તારા છે કોણ ?

રાણી : ભૂલી ગયા ? સાચે જ રાજાઓ ભુલકણા હોય છે. પોતાના જન્મદિવસે બિચારીને વીંટી ભેટ આપવી પડે, એટલે અત્યારથી ઓળખાણ ન રાખવું એ સૌથી સારો રસ્તો છે.

[રાજા ઝેરનો ઘૂંટડો ગળી જાય છે.]

રાજા : જન્મદિવસ, વીંટી, ભેટ એ બધું છે શું ? તું ગાંડી તો નથી થઈ ?

રાણી : ગાંડી ક્યારે નહોતી ? પરણીને આવી ત્યારથી તમે મારે માટે એ એક વિશેષણ જતન કરી જાળવી રાખ્યું છે, (કટાક્ષથી) અને ગાંડી ન હોઉં તો ચાકની ઓથે છુપાઈ રહીને એ ચારસોની વીંટીનો અનેકાર્થી ઇતિહાસ હું કયાંથી સાંભળી શકું ?

રાજા : (અજાણ્યો થઈ) ચારસોની વીંટી ?

રાણી : હવે શા માટે છાનું રાખો છો ? આવા ફૂતનદિવાળિયાના ધંધા કરી કરી તમે કઈ સ્થિતિએ પહોંચ્યા છો એ જાણો છો ? કરજ કેટલું વધી ગયું છે તેનો તમને વિચાર આવે છે ? કાલે દેણામાં ગામ માંડી દેવા પડશે, ઠાકોર !

રાજા : કયા ફૂતનદિવાળિયાના ધંધા ? મેં શું લુંટાવી દીધું ?

રાણી : (મોટા અવાજે) હજી મને ઉડાવો છો ? તમે વનેચંદ જોડે જે વાતો કરી તે બધી મેં કાનોકાન સાંભળી છે. જ્યાંથી શરૂ કરીને બંધ કરી ત્યાં સુધી. તમે વનેચંદને બોલાવ્યો ત્યારથી હું જાણી ગઈ હતી કે આપ શ્રીમાનને શું કામ છે !

રાજા : તેં બધું સાંભળ્યું ? (વ્યર્થ હોઠ કરડી) બધું ? અક્ષરે અક્ષર ? કેટલી શંકા !

રાણી : તમે કહો છો તેમ પ્રથમ હું વહેમમાં જીવતી. પણ એ નગ્ન સત્યનો સ્પર્શ કાનોએ કર્યો; હવે તો આંખોનો, રોજનો એ પ્રિય વિષય થઈ પડયો છે.

રાજા : જુઠ્ઠી વાતને શબ્દોની સાકરથી કેટલી સુંદર રીતે ગલોપી શકાય છે ! આખરે તને પણ એ વહેમની દુનિયાએ ભરખી લીધી, ખરું ? ખરેખર સ્ત્રી એટલે જ શંકા.

રાણી : (ગર્જી ઊઠી) એટલે સાચી વાતને પણ મારે જુઠી જ માની લેવી, એમ ? તારા અને તમે આખો દિવસ ઢેલ ને મોરની જેમ સાથે નાચ્યા કરો અને હું ચૂપચાપ જોયા કરું તો સારું, કેમ ?

રાજા : કેવું અર્થ વગરનું બોલે છે ? તારા ઢેલ અને હું મોર ! આવાં અનુમાન કરતાં તું કયાંથી શીખી ? વિનય, ચતુરાઈ, ડહાપણ બધું કયાં ગુમાવી દીધું ?

રાણી : મને શા માટે છંછેડો છો ? મેં તો સાંભળ્યું છે કે...

[તે અટકે છે. રાજા ઉભો થઇ જાય છે.]

રાજા : તેં શું સાંભળ્યું છે ?

રાણી : (નિડરતાથી) મેં શું સાંભળ્યું છે ? હજૂર સાહેબ,

મેં સાંભળ્યું છે કે રાજા જોડે શરીર અડાડીને મોટરમાં બેસનારી તારાને હવે સિંહાસને બેસવાના કોડ જાગ્યા છે !

રાજા : (માથું પકડી) 'શરીર અડાડીને' 'સિંહાસને બેસવાના કોડ !' કેટલા અસભ્ય શબ્દો ? તારે બોલતાં પહેલાં થોડોક વિચાર કરવાની ટેવ પાડવી જોઈશે.

રાણી : સભ્યતા અને અસભ્યતા તમે કે હું સાચવી રાખીશું. લોકોને એની દરકાર નથી. કેટલાક તો એમ પણ કહે છે કે...

રાજા : (વચ્ચે) અમુક માણસો વાતો કરે એટલે માની લેવું ? તેં મારામાં કાંઈ પરિવર્તન થતું જોયું ?

રાણી : સ્વચ્છંદી પતિ પત્નીને આમ જ પટાવે.

રાજા : સ્વચ્છંદી પતિ ? હું ? (નીચું ઘાલી) અરે, તને પણ....

રાણી : (વાતાવરણ તપાસતી) ના, ના; આમાં મારો પોતાનો એક પણ શબ્દ નથી. લોકો જે રીતે વાતો કરે છે તે રીતે–

રાજા : લોકો ચોમેર આવી જ કથાઓનો પ્રચાર કર્યા કરે છે એમ ? અને બીજી કઈ રીતે મને વગોવે છે ?

રાણી : (ધીમેથી) કેટલાક એમ પણ કહે છે કે ઠામ ઠામ રખડનારી એ વેશ્યા જેવી ખવાસણ–

[રાજા તેના મોં આડે હાથ દાબી તેને બોલતી અટકાવે છે.]

(હિંમતપૂર્વક) મને ખબર છે કે તમે ઉશ્કેરાઈ જશો, પણ રૂપરાણી તારાના સંબંધમાં એવું ઘણું છે.

રાજા : (હતાશ થઈ) તારાના સંબંધમાં ? કેવું જુઠાણું ?

રાણી : (આગળ આવી) ઠાકોર, તમારી તારા દિવસના બાર કલાકો ક્યાં–કોની સાથે ગાળે છે, તેની તપાસ સરખી યે તમે ક્યારે ય કઢાવી છે ?

રાજા : (મોં ફેરવી) તારા ઉપરનો એક પણ આક્ષેપ હું નહિ સાંભળી શકું. હું એનાં ફૂલથી યે કોમળ અંતરને જાણું છું. મને એની પવિત્રતાની ખાતરી છે.

રાણી : તમને કોની ખાતરી નથી ? એકથી વધારે પત્ની પરણનારાએ એવી ખાતરી રાખ્યે જ છૂટકો.

[રાજા કંટાળી ગયો હોય તેમ ફરી આરામખુરશીમાં પડે છે.]

રાજા : આ વાતને અહીંથી સંકેલી લઈએ તો સારું.

રાણી : શા માટે ? શહેરનાં સ્ત્રીપુરુષો બેસતાં ને ઉઠતાં આ જ વાત કરે છે. કૂવે પાણી ભરતી પનિહારીઓ પણ પરસ્પર તાળીઓ ઝીલી આ જ વાત ઘેર ઘેર પહોંચાડે છે. ધૂળમાં આળોટતાં નાનાં છોકરાં પણ આ વાત ઉપર મોટાંને હસતાં જોઈ ને હસે છે.

રાજા : નગરને ખૂણે ખૂણે બધાં અમારી જ વાત કર્યા કરે છે એમ ?

રાણી : જનાવરો સુદ્ધાં : તમે વહેવારુ ડહાપણનાં ઘેનમાં આંખો બંધ રાખી વિચારો છો કે હું કોઈને જોતો નથી, માટે મને કોઈ ન જુએ. [મર્મમાં હસી) ઠાકોર, વિચારશક્તિ એ અંતરની દૃષ્ટિ હશે, નિંદા વિશ્વસમગ્રની દૃષ્ટિ છે.

[રાજા પળ વાર મૂંગો મૂંગો વિચાર્યા કરે છે. એની નજર સામે હાસ્યના ખિખિયાટા, નિંદાની ધૂળનો વરસાદ ને જાહેર અપમાન આવીને ખડાં થાય છે. અત્યાર સુધી મહેનત કરી મેળવેલી કીર્તિના શિખરને એ ભોંયમાં પેસી જતું જુએ છે. તેની બંધ આંખો જરાક ભીની પણ થાય છે.]

રાજા : (છાની જિજ્ઞાસાથી) તારી શંકા કંઈક વિચારવા જેવી તો છે. પણ તારા જે પુરુષની જોડે કલાકો ગાળે છે, તેનું નામ તેં મને કહ્યું નહિ.

રાણી : તમે ક્યાં નથી ઓળખતા? તારાને મોંએ એ પુરુષની હજાર વાર પ્રશંસા કરનાર–

રાજા : (ચમકી) કોણે? મેં?

રાણી : (ઠાવકાઈથી) હા. તમારી દશેરાની સ્વારી વખતે હાથીની પાલખીમાં તમારી પાછળ કોણ બેઠું હતું? અને તે જ સવારે નગર ચોકની યુદ્ધની હરીફાઈમાં કોણે એકલે હાથે આખાં લશ્કરને હરાવ્યું હતું? ત્યારે તમે, હું અને તારા ઝરૂખામાં બેસી એ બધું જોઈ રહ્યાં હતાં, સાંભરે છે?

રાજા : (યાદ કરી) હા, હા; કંઈક ઝાંખું ઝાંખું યાદ આવે છે ખરું. શું એનું નામ?

રાણી : નામ તો હું યે ભૂલી ગઈ છું. અમલદારોનું ઓળખાણ શરુ થયું ત્યારે એ અમલદાર વિશે તમે તારાને અસાધારણ વાતો કરી હતી. તમે તો એ બધું ભૂલી ગયા હશો. પણ એ બધું સાંભળ્યા પછી, હમેશાં ફિક્કું રહેતું તારાનું મોં રતુમડું બની ગયું હતું. અજાણતાં તમારા ખોળામાં પડેલો હાથ પણ એણે સંકોચપૂર્વક પાછો પાલવમાં સંતાડી દીધો હતો. એના હોઠ ઉપર, નમેલી

પાંપણો ઉપર અને હસું હસું થઈ રહેલાં મોં પર કંઈક જાદુઈ અસર થઈ હતી. પછી તો એ એને પડછાયે પડછાયે દોરાતી.

રાજા : (અચાનક) હવે યાદ આવ્યું. એનું નામ તો પ્રતાપ. પ્રતાપથી એ (અટકી)—પણ તારા એની પાછળ ભમે એ માની શકાય જ નહિ !

રાણી : (ખિજાઈ) ત્યારે હું જૂઠું બોલું છું ?

રાજા : (ઉશ્કેરાઇ) સાવ જૂઠું. તેં જાતે જોડી કાઢેલી આ આખી કથા કાલ્પનિક છે.

[રાણી આંચકો અનુભવે છે.]

રાણી : બીજાની થઈ શકે નહિ એટલે ?

રાજા : (ભાનમાં આવી) ના, ના; એવું તો કશું જ નહિ. પણ મને પૂછ્યા વિના—

રાણી : (ધૂંધવાઈ) શા માટે જીભની સોગઠીથી મને રમાડો છો ? ઠાકોર, હું કાંઈ નથી જાણતી એમ ? હું તમારા એક એક પગલાંની સાક્ષી છું. તમારો આખો ઇતિહાસ મેં જતનપૂર્વક જાળવી રાખ્યો છે.

[રાજા ઉશ્કેરાઈને છેક તેના શરીર નજીક આવે છે.)

રાજા : (ત્રાડ નાખી) તારી પાસે બીજું કાંઈ કહેવા જેવું નથી ?

રાણી : (ભય વિના) ઘણુંયે છે. પણ તમે મારું માનવાના નથી. આ બધી સંસ્કારભ્રષ્ટ મહેફિલ માણ્યા પછી....અંધારી રાત તમને જંપવા નહિ દે.

[રાણી ઝપાટાબંધ ઓરડો છોડી જાય છે. રાજા તેના પગલાંમાં કાંઇક શોધતો હોય તેમ નીચા નમી અર્થ વિના જોઇ રહે છે.]

રાજા : (મનમાં) રાણી શું બોલી ગઈ? તારા ઉપરના એના એકેએક આક્ષેપો સાચા હશે? મેં એને પ્રતાપ જોડે ઘણી વાર જોઈ છે. પણ તેથી એમ કેમ માની લેવાય કે તેના પ્રેમમાં હશે? શંકા લાવવી એ એક વાત છે. (જરા થોભી) મારા અંતરનું જરાતરા પાપ પણ લોકોની જીભ ઉપર જઈ બેઠું. એ નઠારી બધી વાતોના પ્રચારક તરીકે જવાબદાર હું છું. લોકોએ ચાવી ચાવીને નજીવી વાતને કથાના રુપમાં લાવી મૂકી છે, પણ તારાનાં અંતરને એની લગીરે અસર કેમ નહિ પહોંચી હોય? અમે બંને નિત્ય સહવાસમાં આવીએ છીએ. છતાં એનામાં ઓતપ્રોત બની જાઉં એવો એક પણ શબ્દ એ બોલતી નથી. (માથું ઢાળી) મારા પ્રત્યે એનું કઈ જાતનું આકર્ષણ હશે એ મને કોણ સમજાવે?

[તે ઊભો થઇ આખા દિવાનખાનામાં લટાર મારે છે. જુઇના કુંડાં એકમેકને કંઇક પૂછતાં હોય તેમ નાનકડી કાયા આમથી તેમ નચાવે છે. એટલામાં કંઇક ખડખડાટ થાય છે. પ્રતાપ પ્રવેશ કરે છે.]

રાજા : (ઊંચું જોઈ) કોણ પ્રતાપ? ઘણે દિવસે?

પ્રતાપ : (નમી) હું તો આપની હજૂરમાં જ છું.

રાજા : (દાઢમાં) એમ?

પ્રતાપ : શરીરે કેમ છે, બાપુ? મેં સાંભળ્યું હતું કે આપની તબિયત–

[રાજા તેના સામું આશ્ચર્યથી જુએ છે.]

રાજા : (ન માનતો હોય તેમ) મારી તબિયત? કોણે કહ્યું કે હું માંદો છું?

પ્રતાપ : (ફિક્કો પડી) રાણીસાહેબે.

રાજા : રાણીસાહેબ કહે એટલે માની લેવું ?

પ્રતાપ : (રોનકમાં) રાણીસાહેબ પણ જૂઠું બોલી શકે ?

રાજા : તારા અને મારા કરતાં વધારે સહેલાઈથી, વિશેષણોનાં પૂછડાં સાંધીને !

પ્રતાપ : (અંત લાવી) ત્યારે હવે મારે માની લેવું કે તમે તંદુરસ્ત છો.

રાજા : સંપૂર્ણ, (યાદ લાવી) પણ પત્તુ, મેં સાંભળ્યું છે—

પ્રતાપ : (વચમાં) કે મારા લગ્ન થવાનાં છે, એટલું જ ને ?

રાજા : (ઉકળાટ દાબી) તું પરણે છે એ વાતની મને તો ખબર પણ નથી.

પ્રતાપ : મેં હજી કોઈને જણાવ્યું નથી. આ વાત પ્રથમ તમારી જ કને—

રાજા : (હસી) નાના ભાઈ તરીકેનો તારો શિષ્ટાચાર તું હજી ભૂલ્યો નથી.

પ્રતાપ : મોટાભાઈ તરીકેનું તમારું કલ્યાણછત્ર પણ તમે હજી ક્યાં ઉપાડી લીધું છે ?

[પરસ્પર બંને ખૂબ હસે છે.]

રાજા : પત્ત, તું પરણે છે એ વાત તેં હજી અધૂરી રાખી.

પ્રતાપ : (સંકોચાઈ) તમે એ નહિ સાંભળી શકો.

[રાજાના મગજમાં યુદ્ધ શરૂ થાય છે.]

રાજા : (આશ્ચર્યથી) એવું શું છે ?

પ્રતાપ : હું ગાંધર્વ લગ્ન કરવાનો છું.

રાજા : ગાંધર્વ લગ્ન ? એમ કેમ ?

પ્રતાપ : (નીચું જોઈ) હું જેને પરણવાનો છું તે કન્યાનો જન્મ ખવાસને ઘેર થયો છે !

રાજા : તું શું લવે છે ?

પ્રતાપ : સાચું જ.

રાજા : (શંકાની ધ્રૂજારી અનુભવતો) એક રાજપૂત બીજી—

પ્રતાપ : (વચ્ચે) ખવાસ જાતિની શાખા રાજપૂતીનાં થડમાંથી ફૂટી છે ને ?

રાજા : એમ ગણીએ તો ઢેડની પણ.

પ્રતાપ : (ભાષણકારની છટાથી) એ તમામનો પુનરૂદ્ધાર આપણે કરવો રહ્યો.

રાજા : એટલે તારો આ પ્રયત્ન એના મંગલાચરણરુપે હશે !

પ્રતાપ : (ચીવટથી) જગતની દૃષ્ટિએ; બાકી છાનાં પાપ કેટલાં નથી કરતાં ?

(રાજાના અંગાંગમાંથી વીજળી પસાર થાય છે.)

મેં થોડાક દિવસ પહેલાં સાંભળેલું કે—

રાજા : (બધું પ્રકાશમાં આવી જવાની બીકે) મેં તને હમણાં ન કહ્યું કે સાંભળેલું બધું માનવા માટે નથી હોતું ?

પ્રતાપ : પણ આ તો—

રાજા : (ઉતાવળો) હા ભાઈ, હા. નજરે જોયેલુંય જૂઠું નથી ઠરતું ?

પ્રતાપ : (જીદથી) પણ આ વાત મને તારાએ જાતે કહેલી.

રાજા : (છાના ગભરાટથી) તારાએ ?

પ્રતાપ: હા. તેણે કહ્યું કે આપણા મહારાજા સાહેબ પણ એ વાત કબૂલ કરશે.

[રાજાના માથામાં હજારો જંતુઓની વેદના શરૂ થાય છે.]

રાજા: (ભૂલી ગયો હોય તેમ) તેં હમણાં શું કહ્યું, પ્રતાપ?

પ્રતાપ: તારાએ કહ્યું કે ખવાસ અને રાજપૂત અરસપરસ આંધવું લગ્નથી જોડાઈ શકે. એ વાતમાં બાપુ પણ સંમત થશે.

રાજા: (ખંધાઈથી) તારા કોણ? હું તેને ઓળખતો પણ નથી.

પ્રતાપ: (હસી) કેવા ભૂલકણા! અહીંયાં રોજ આવે, તમારી સાથે કલાકો સુધી તો વાતો કરે, અને કેવું રૂપાળું હસે છે? આ બધું ભૂલી શકાય?

[રાજાની આંખે અંધારા આવે છે; તે આંખો મીંચે છે ને ઉઘાડે છે. પછી કંઈક યાદ આવ્યું હોય તેમ.]

રાજા: (ઢીલો પડી) મારી યાદશક્તિ બહુ ક્ષીણ થઈ ગઈ છે, પ્રતાપ! આજે જોયેલું હું કાલે ભૂલી જાઉં છું.

[છુપાવવા જતાં તેના મોં પર હાસ્ય તરી આવે છે.]

પ્રતાપ: તારાની પ્રત્યેક ક્રિયાપ્રક્રિયામાં રાજપૂતીના ગુણો પ્રધાનપદે છે. અમે રાજકુમાર કૉલેજમાં ભણ્યા છીએ અને એ ઘરને ખૂણે ભણી છે, છતાં એના જેટલી સંસ્કારદૃષ્ટિ અમારી પાસે નથી. એ કહેતી કે મહારાજાએ મને તમારા વિષે ખૂબ પ્રશંસાત્મક વાતો કહી છે, એટલે હવે તમને મૂકી હું બીજા કોને પરણું? (અજાણતાં) અને વળી કહે કે મહારાજાને હું મારા પિતાને સ્થાને ગણું છું!

[રાજાના શરીરનું લોહી ઠરી જાય છે.]

પ્રતાપ (ઉભો થઈ) બાપુ, હું હવે જાઉં છું. અમારા લગ્નમાં તમારી સંમતિની જરુર હતી તે મળી ગઈ !

[રાજામાં બોલવાની શુદ્ધિ રહી નથી. પ્રતાપ જાય છે, રાજા ચિંતાભરી આંખે તેની પાછળ જોઇ રહે છે.]

રાજા : (મનમાં) આ બધી બાજી કોણે રચી હશે? રાણીએ કહ્યું ત્યારે હું માનતો નહોતો. (આંખો ઢાળી) મારી નિર્બળતાનો ભોગ હું પોતે જ બન્યો. તારા સાવ નિર્દોષ હતી. મારા રાજભભકાથી હું તેને આંજી નાખવા મથતો : એ સાચું શૂરાતન શોધતી, મારા શબ્દે શબ્દે એને પિતાના વાત્સલ્યનાં દર્શન થતાં. (ખિન્ન બની) એને પુત્રી તરીકે જોવાની મારી દૃષ્ટિ ઘણી મોડી જાગી. (ઊંચું જોઈ) હું એક મહાન પાપ કરતો બચી ગયો છું. આ બધું કોના પ્રભાવે ?

[ઓચિંતા બારણું ઉઘાડી એક અનુચર પ્રવેશે છે.]

(આશ્ચર્યથી) કેમ આવ્યો, નથુ ?

નથુ : (હાથ જોડી) રાણીસાહેબે વેલડામાં બેઠાં બેઠાં કહાવ્યું છે કે હું પિયર જાઉં છું : મહારાજાને મળવું હોય તો આવી જાય.

રાજા : (ગભરાઇ) પિયર ? અત્યારે આમ ઓચિંતાં ! આ બધું શું છે ? (ઉતાવળે) નથુ ! દોડ, દોડ, તારાં રાણીસાહેબને કહે કે વેલડું પાછું વાળે !

[નથુ જાય છે. રાજા ગભરાઇને બહાર દોડી જાય છે.]

પડદો

અનામિકા

પાત્રો

અશોક

અનામિકા

કંચનકાકા	સવિતા
દાદીમા	પુરી
તુલસી	લખમી
કરુણાશંકર	ઇન્દ્રવદન

પાડોશીઓ

•

દર્શન પહેલું

[ઉજ્જડ લાગતું ઘર: સામાન વેરણ છેરણ પડયો છે. ઓરડાની વચમાં એક ઊંચા ટેબલ ઉપર ઊભો રહી અશોક એક પછી એક ચીજનું લીલામ કરે છે. એની નાની બહેન અનામિકા ખૂણેખૂણેથી ચીજો એને લાવી આપતી હોય છે. અનેક સ્ત્રીપુરુષો એકઠાં થયાં છે.]

અશોક : (થાળી ઊંચી કરી) હવે ખુરશી અને કબાટો ખલાસ થઈ ગયાં, વાસણો બચ્યાં છે, તેમાંથી પહેલો વારો આ થાળીનો, બોલો એકવાર.

પહેલો અવાજ : ત્રણ આના.

બીજો અવાજ : પાંચ આના.

અનામિકા : થાળી કાંઈ જૂની નથી, હજી ગયે વર્ષે જ અમે ખરીદી હતી.

ત્રીજો અવાજ : આઠ આના.

અશોક : બસ, બસ, આઠ આના ઘણા કહેવાય. એક થાળીના આઠ આના એ કાંઈ ઓછો ભાવ નથી, ને લોકો પાસે તો પૈસા પણ ક્યાં છે?

[થાળી આપી દે છે.]

એક વૃદ્ધ : (આગળ આવી) એલી અનુડી, ને એલા અશોક, ખુરશી ટેબલ તો ઠીક, પણ વાસણ વેચવાં એ કાંઈ સારું કહેવાય નહિ, તમારાં મા બાપની આબરુનો તો વિચાર કરો બેટા!

અનામિકા : માબાપ તો ગયાં, હવે અમેયે ભાઈબહેન જવાનાં છીએ. શીખામણ અમને શીદ આપોછો? ઘરધણીને સમજાવોને. સવાસો રૂપિયા ભાડું ચડી ગયું છે એટલે તો ઘરવખરી વેચીએ છીએ.

અશોક : અને કાકા, આટલું બધું રાચરચીલું અમને ભાઈ બહેનને ઉપયોગમાં પણ શું આવવાનું હતું?

[કેડે વાંકી વળેલી એવી એક ડોશી પ્રવેશે છે.]

અનામિકા : આવો ગંગા મા!

ગંગા : આ શું માંડયું છે દીકરી!

અનામિકા : કાંઈ નથી માંડયું. આ તો એમ બન્યું છે ને ગંગામા, કે ઓલો ઘરધણી કંચનલાલ છે ને, એણે અમને ઘર ખાલી કરવાનું કહ્યું છે અને ચડેલું ભાડું પણ માગ્યું છે. એટલા બધા પૈસા અમારી પાસે કયાંથી હોય? એટલે આ વાસણ–કુસણ વેચીએ છીએ.

ગંગા : કેટલું ભાડું ચડયું છે?

અશોક : સવાસો રૂપિયા, બાર આના.

ગંગા : અરર, આપણે ગરીબ માણસ; આટલું બધું ભાડું ચડાવાય? તારો બાપ તો બેટા, કરજનો ડુંગર ખડકી ગયો છે તારા માથે. દેશસેવા કાંઈ આવી હોય? ઘર બાળીને તીરથ?

અનામિકા : એવું બોલશો નહિ, મારા બાપુજીને કોઈ આમ બોલે ત્યારે એમને રીસ ચડતી.

ગંગા : અને તમનેય ચડે છે કાં ? (જતાં જતાં) સારું હું તો આ ચાલી. મારે શું ? કર્યાં ભોગવો.

[ગંગામા રોષમાં ચાલ્યાં જાય છે.]

પેલો વૃદ્ધ : જોયુંને અશોક, હરેક માણસ તમારી આવી જ વાતો કર્યા કરે છે. દેશસેવાની ધૂન તો પૈસાદાર હોય એને શોભે. ગરીબ માણસો એને ચીલે ચાલવા જાય તો ધાન ભેળાં થઈ રહ્યાં !

અનામિકા : કાકા, હવે તમારે અહીંથી જવું છે ?

પેલો વૃદ્ધ : આ છોકરીનું કામ ભારે છે. ભીખ માગશો તોય પેટ નહિ ભરાય સમજ્યા ?

અશોક : થયું કાકા, તમારી શીખામણ અમને કામ ન આવી, હવે સીધાવો.

[વૃદ્ધ જાય છે. પાડોશી પ્રવેશે છે.]

પાડોશી : કેમ ભાઈ અશોક, હવે બાકી કેટલું રહ્યું ?

અશોક : ભાડું પૂરું થઈ ગયું છે. કેમ મગન કાકા, તમારે આમાંથી કોઈ ચીજ લેવી છે ?

મગનલાલ : જોને આ સામે બે બાજઠ પડયા છે ને, તે મારા કામના છે પણ હમણા ખરીદી શકાય તેમ નથી, હજી પગારને વાર છે.

અનામિકા : અરે, તમારી પાસેથી પૈસા લેવાય ! લઈ જાઓ તમે એને. આપણે તો ઘર જેવું કહેવાય.

મગનલાલ : (બાજઠ ઊચકી) ભલે બેટા !

[મગન જાય છે, બીજો પડોશી પદમશી આવે છે.]

પદમશી : કેમ અશોક, તમે આજ તો ઘર ખાલી કરવાનાં જ કાં ?

અનામિકા : એમાં વળી શો શક ?

પદમશી : કોઈ ચીજ–વસ્તુ વધે ઘટે તો આપણે ત્યાં રાખી જાજો. મુંઝાવું નહિ.

અનામિકા : નારે પદમશી કાકા, તમ બેઠાં અમને વળી મૂંઝવણ શેની ?

પદમશી : આ ઘોડિયું તમને શું કામ આવવાનું હવે ? હું મારા બચુડા સારુ નવું લેવાનો વિચાર કરતો હતો, પણ હવે આવાં ઘોડિયાં સુતાર ઘડે છે જ ક્યાં ?

અશોક : પદમશી કાકા, એ ઘોડિયું તમે લઈ જાઓ, બચુડો રાજી થશે.

[પદમશી ઘોડિયું ઊચકી જાય છે. ત્યાં પાડોશમાંથી સવિતા આવે છે.]

સવિતા : ક્યાં ગઈ અનામિકા ?

અનામિકા : આ રહી સવિતા બહેન !

સવિતા : પછી ક્યાં રહેવાનો વિચાર રાખ્યો ?

અશોક : સ્ટેશનની પડખે એક નાની પતરાંની ઓરડી, માસિક એક રૂપિયાના ભાડાથી રાખી લીધી છે. ત્યાં અમને ફાવશે.

સવિતા : પણ તમારા ભાઈ–બહેનના ભણતરનું શું ? એટલે છેટે તમને ફાવશે ?

અશોક : ભણવાનું તો હવે આથમી ગયું સવિતા બહેન, મજૂરી કરીને પેટ ભરીશું.

સવિતા : મારે ત્યાં રહેવું હોય તો ના નથી. જરાક 'ઘરમાં' પૂછી જોવું પડશે.

અનામિકા : ના, ના. સવિતાબ્હેન, એવું જોખમ વહોરશો મા. અમારાં માબાપ જેલમાંને જેલમાં મરી ગયાં એટલે અમારા ઉપર સરકારી આંખ પણ ખરી, તમે નાહકના હેરાન હેરાન થઈ જશો.

સવિતા : (ગૂંચવાઈ) હા, ના. હા જરાક એવું તો ખરું. ત્યારે તમારી મરજી.

અનામિકા : આમાંથી તમારે કોઈ ચીજ વસ્તુ જોઈતી હોય તો લઈ જાઓ. હવે તો આ બધી જણસ વહેંચી જ નાખવાની છે.

[સવિતા ત્રણચાર વસ્તુઓ ઉપાડે છે.]

સવિતા : (જતાં જતાં) મારે આટલી ખપમાં આવશે. ઠીક, સારું. કયારેક મને મળવા આવજો હં !

[અશોક અને અનામિકા સસ્મિત ડોકું હલાવે છે.]

અશોક : હવે આ વસ્તુ વેચાતી લેવા કોઈ આવવાનું નથી. ભિખારીઓને ભેળાં કરી આ લૂગડાના ગાભા વહેંચી દે.

અનામિકા : (બારી આગળ જઈ બૂમ મારી) એ કસ્તુરી, એ ફૂલકુંવર, એ વીરુબાઈ, જેને જે જોઈતું હોય તે લઈ જાઓ. અમે ઘર ખાલી કરીએ છીએ.

[લોકો ઊમટે છે, સ્ત્રીઓ અને પુરૂષો: એક એક જણસ ઉપાડી જાય છે. જૂનાં પગરખાં સુદ્ધાં !]

અશોક : (નીચે બેસી) હાશ, હવે નિરાંત થઈ. 'આબરૂદાર' માણસો હવે જીવ ખાતાં અટકશે.

અનામિકા : આબરુદાર કરતાં આ વગર આબરુનાં માણસો સારાં, શીખામણ આપવા તો ન આવે.

અશોક : (પગપર પગ ચડાવી) ડહાપણ એ એક એવી જાતની જીવાંત છે કે એને કચકચાટ કર્યા વિના ચેન પડતું નથી.

અનામિકા : દાખલા કરીકે ગંગાડોશી.

અશોક : અરે, એવી તો અનેક ડોશીઓ પુરાણ અને પોથીઓ લઈને પ્લેગના ઉંદરની જેમ અહીં તહીં ભટકે છે : ને ચૂં ચૂં કરી જીવ ખાઈ જાય છે.

[એક ભિખારી આવે છે, આખું અંગ ઉઘાડું છે, કમરે ચીંથરું વીંટયું છે.]

ભિખારી : (હાથ જોડી) હું રહી ગયો શેઠ સા'બ, હું રહી ગયો. મને કાંઈ મળ્યું નથી.

અશોક : તારે શું જોઈએ છે ભાઈ?

ભિખારી : એકાદ લૂગડું આપો તો ઘણું સારું, હું ટાઢથી મરી જાઉં છું.

[અશોક પહેરેલો ડગલો કાઢી આપે છે]

અશોક : લે આ લઈજા, આટલું તારા તકદીરનું હતું.

[ભિખારી કોટને બગલમાં મારી ઝપાટાબંધ જતો રહે છે]

અનામિકા : ઉદારતાની પણ હદ હોવી જોઈએ; હવે તારી પાસે શું રહ્યું?

અશોક : એક પહેરણ અને ધોતિયું. અંગને ઢાંકવા પૂરતાં આ બે વાનાં બસ છે!

અનામિકા : (જવાની તૈયારી કરતી) ઠીક, બહુ સારું ચાલો હમણાં સાંજ પડી જશે.

અશોક : હજી કંચનલાલ કાકાને તો આવવા દે. ભાડું ચૂકતે કરીને પછી રસ્તે પડીએ.

અનામિકા : રસ્તામાં એની પેઢી આવે છે, ત્યાં આપતાં જઈશું.

અશોક : પેઢી ઉપર શા માટે ? એનો લવારો સાંભળવા ? અને બજાર વચ્ચે ?

અનામિકા : કોણ જાણે કેમ પણ તને હજી આ ઘરની માયા વળગી છે.

અશોક : (ઊંચે જોઈ) જે ઘરમાં જન્મ્યાં, ઉછર્યાં અને આનંદભર આટલી ઉમર વીતાવી, તે ઘરને છોડી જતાં આજે પગ પાછા વળે છે, જીવ વળગી રહે છે, આંખો એની માયાળુ ભીંત ઉપરથી ડગલુંય નથી ખસતી.

અનામિકા : (નરમ પડી) એટલું દુઃખ તો મને યે થાય છે, પણ અહીંથી ગયા વિના છૂટકો નથી. આ ભૂમિ પર વધારે રોકાઈશું તો માયા ન સંઘરાય એટલી વધી જશે ! (નીચું જોઈ) અને ભાઈ, નમાયા-નબાપા આપણને માયા શી ખપની ?

[અનામિકા આંખે પાલવ દાબે છે.]

અશોક : એમાં ઓછું શું લાવે છે ? લે હું આ ચાલ્યો. પણ જે જમીન પર એ નિર્દોષ આત્માઓ જુલ્મની ઠોકરો ખાઈ ખાઈ ખપી ગયા એ જમીન પર થોડાંક આંસુ તો પાડવા દે.

[હસતું મોં રડવા જેવું બની જાય છે. રોકવા છતાં આંસુ ઉભરાઇ આવે છે. અનામિકા ભીની આંખોએ પરાણે હસવાનો યત્ન કરે છે.]

અનામિકા : અંતે તને પણ લાગણીનો ચેપ લાગ્યો ખરો! પણ હવે આમ ઢીલાં થયે આપણને પાલવશે? જેટલી રખાય એટલી હિંમત તો બંનેએ રાખવી પડશે, નહિતર માબાપની જેમ આપણીયે એ દશા.

અશોક : (આંસુ લૂછી) મૃત્યુ એ કાંઈ અળખામણી દશા નથી એ તો જીવનનો સુંદરમાં સુંદર વેશપલટો છે. અને હું કાંઈ રડતો નહોતો, આ પાણી વિનાના ખાલી ઘરમાં આંખો બળે ત્યારે શું કરવું? એટલે મેં મનને ઢીલું કરીને આંસુ ઉપજાવ્યાં. કોણ કહે છે કે મારું વિજ્ઞાન ખોટું છે?

અનામિકા : તારું વિજ્ઞાન જરીકે ખોટું નથી પણ—

અશોક : (વચ્ચે) શું ? પણ—

અનામિકા : તું વૈજ્ઞાનિક થા એ સામે મારો જરીકે રોષ નથી પણ કવિ થઈશ મા!

અશોક : મારે વૈજ્ઞાનિકે થવું નથી અને કવિયે થવું નથી. મજૂર થવું છે પછી કાંઈ?

અનામિકા : મજૂર થવું પણ સહેલું નથી તો, સ્ટેશન ઉપર સામાન ઊચકી ઊચકીને વાંકા વળી જશો બાપુ!

અશોક : (વિચારે ચઢી) અને ત્યાં પણ લોકોનાં નવાં નવાં કપડાં જોઈને, સરસામાન જોઈને મનમાં એમ થશે કે આવી સાહ્યબી તો આપણે ત્યાં પણ એક દહાડો હતી.

અનામિકા : જો, વળી પાછો કવિ થયો ?

[કંચનલાલ આવે છે. એણે કાળો ડગલો પહેર્યો છે. માથા ઉપર અમદાવાદી ખોખું છે. આંખે ચશ્મા છે. હાથમાં લાકડી છે. ઉમર પંચાવન વટાવી ગઇ છે.]

અશોક : આવો કંચનલાલ કાકા, (રૂપિયા આગળ ધરી) લ્યો આ તમારો હિસાબ.

[કંચનલાલ નોટોનું બંડલ હાથમાં લે છે અને ગણે છે.]

કંચનલાલ : બધું વેચી માર્યું ? પહેરવાનાં કપડાં સુદ્ધાં ?

અનામિકા : પાથરવા માટે ચટાઈ પણ નથી રાખી.

અશોક : રાજદ્રોહીને વળી બિછાનાનો શો ખપ ?

કંચનલાલ : કર્યું એવું ભોગવો. તારા બાપાને મેં ઘણુંયે સમજાવ્યો હતો ભાઈ, કે આ કામ આપણું નથી પણ દેશ સેવાની પૂંછડી એમ ઠોકર ખાધા વિના સીધી થાય ?

અનામિકા : (બનાવતી) નાં થાય કંચન કાકા, નાં થાય. તમારી શીખામણની શી વાત ?

અશોક : ચગળ્યા કરો, એકને એક ગુણાકાર ચગળ્યા કરો; ચાર દુ આઠ, આઠ દુ સોળ અને સોળ દુ બત્રીસ.

કંચનલાલ : (ડઘાઈ) એટલે શું ? અશોક, મારી મશ્કરી માંડી છે ?

અનામિકા : મશ્કરી નહિ, તમાસો ! (આગળ આવી) શું તમે લક્ષ્મીનંદનો એમ માનો છો કે દેશને માટે ખપી જનારા ગરીબ માણસો મૂર્ખ છે ?

અશોક : ચોરે ને ચૌટે એજ વાતો થાય છે કે 'મરી જશો, આમને આમ પીલાઈને તેલ થઈ જશો તોયે કશું વળવાનું નથી.' આ વાતો કરનારા કોણ છે ? તમે–તમે ધનપતિઓ પૈસાના ખણખણાટથી અભણ અને અજ્ઞાન લોકોને બહેકાવો છો. એમને પાછાં વાળો છો.

[કંચનલાલ આઘો ખસે છે, પાછા પગે: માથા ઉપ-રથી પાઘડી પડી જાય છે. ધૂવાંપૂવાં થઇને તે લાકડી ઉગામે છે.]

કંચનલાલ : (બૂમ પાડી) હું ? હું ? બદમાશ...

અશોક : તમે નહિ કંચન કાકા, તમે તો એક તણખલું છો, લોકોની આંખોમાં ઊડી ઊડીને પડો છો ને એમને આંધળાં કરી મૂકો છો.

કંચનલાલ : ચાર આંગળાંનાં છોકરાં, રસ્તામાં રખડતાં ને ભીખ માગતાં થયાં તો ય જીભ ઠેકાણે રહેતી નથી ?

[સવિતા આવે છે. એના હાથ લોટવાળા છે. એક હાથમાં તાવીથો પકડયો છે. ને હોઠ ગુસ્સામાં બીડેલા છે.]

સવિતા : કોને ધમકાવો છો કંચનલાલ, કોણ રસ્તામાં રખડતું થયું ને તમારે આંગણે આવી કોણે ભીખ માગી ?

કંચનલાલ : તું આનું ઉપરાણું લઇને આવી છે કાં ? તને ઓળખી સવિતા, તું યે પિકેટીંગ કરવા જાય છે ખરું ? ધ્યાન રાખજે હવે.

અનામિકા : સવિતા બહેન, તમે તમારા ઘરમાં જાઓ. અમે તો હવે અહીંથી ચાલ્યા જઈએ છીએ.

સવિતા : ચાલ્યા કયાં જશો ? આવો મારા ઘરમાં, બેસો. ભાઈ–બહેનને જમાડયા વિના હું જવા દેવાની નથી. કંચનલાલ છો બકબકાટ કર્યા કરે.

[અશોક કંચનલાલની નજીક આવે છે.]

અશોક : કંચનકાકા, તમે તો નાહકના ગુસ્સે થઈ જાઓ છો. હવે આપણે વાદી–પ્રતિવાદીનો સંબંધ કયાં રહ્યો છે ? તમને

તમારા પૈસા મળી ગયા છે. ખાલી ઘર મળી ગયું છે, હવે પીંજણ શું કામ કરો છો?

અનામિકા : તમે તે દા'ડે આવીને કેટલાં કડવાં વેણ બોલી ગયા હતા, પણ અમે તમને સામો ઉત્તર દીધો હતો? અમારા મનને તો એમ કે, બાપુજીના જૂના ભાઈબંધ છે, વૃદ્ધ છે. મરણકાંઠે સૂતા છે એમને સતાવવામાં અમને શો લાભ? કેમ બોલતા નથી કંચનકાકા?

કંચનલાલ : હું મરણકાંઠે સૂતો છું?

સવિતા : નારે ભગવાન, ના. તમારા માથે મોત ક્યાં છે?

કંચનલાલ : તું શાપ દે છે? મને? લાખોના માલિકને?

અનામિકા : શાપ દીધે કાંઈ લોકો થોડા જ મરી જાય છે! કંચનકાકા, શાપ તો આશીર્વાદ છે. શાપ મળે, સાથે આવરદા પણ મળે.

અશોક : (સાશ્ચર્ય) એ કેવી રીતે અનામિકા?

અનામિકા : એમાં આશ્ચર્ય શું પામો છો? શાપ એ તો રાક્ષસ છે. એને માણસ બહુ મીઠું લાગે છે. ધીમે ધીમે એ એના આત્માને ચાટે છે ને અંતે કાગળ જેવો કરી મૂકે છે. પછી જેમ આપણે ચવાણું ખાઈએ છીએ તેમ શરીરને ખાઈ જાય છે. આવું મોત તો કંચનકાકા, કોઈને નથી મળતું.

કંચનકાકા : (દાંત પીસી) તમને તમામને કોર્ટમાં ઊભાં ન કરું તો મારું નામ કંચનલાલ નહિ.

સવિતા : ઘાંટા ન પાડો શેઠ સાહેબ, નહિતર લોકો દોડયા આવશે. ને તમે જાણો છો ને કે લોકો આવે સાથે ઘોંઘાટ પણ આવે. લાકડીઓ પણ આવે. તોફાન પણ આવે!

કંચનલાલ : મને મારની બીક બતાવો છો ? મને ? લખપતિને ? જોઉં છું કે અહીં કોણ આવે છે.

[લોકો ઘોંઘાટ કરતા દોડ્યા આવે છે સાથે લાકડીઓ છે, પાવડા પણ છે. ચારે કોર વાતાવરણને ભયભીત કરી મૂકે છે.]

અશોક : આટલાં બધા લોકોને અહીં કોણે બોલાવ્યાં છે ? જુઓને કંચનકાકા, આ લોકો તો સંભારતાંવેંત મંત્રેલી ભૂતાવળની જેમ જમીનમાંથી ઊભાં થાય છે. છે કાંઈ એમને કામધંધો ?

[ગભરાયેલો કંચનલાલ આમતેમ જોઈ નાસવાની તૈયારી કરે છે. સવિતા અને અનામિકા ખડખડાટ હસે છે.]

કંચનલાલ : આ શી ધમાલ માંડી છે અશોક, આ બધું છે શું ? શું તમે હિંદુસ્તાનના વતની છો, ને હું કામસ્ચાટકાથી આવું છું ? હું દેશદ્રોહી નથી સમજ્યા !

[કંચનલાલ તત્કાળ બહાર દોડી જાય છે.]

અનામિકા : કાકા, એટલું તો અમને કહેવા દેવું હતું, કે તમે હિંદુસ્તાનના છો કે કામસ્ચાટકાના ?

[ધીમે ધીમે બધાં જતાં રહે છે.]

પડદો

દર્શન બીજું

[એક નાનકડી ઓરડી. વચ્ચે ચટાઈ પાથરી છે અને એક ખૂણામાં કૂંજો, થોડાંક વાસણકૂસણ અને રોજની જરૂર પૂરતી ચીજો પડી છે. એક ગોખલાનો દવાના કબાટ તરીકે ઉપયોગ કર્યો છે. અનામિકા એક

વૃદ્ધ ડોશીમાને બાટલીમાં દવા ભરી આપતી હોય છે. બહારથી વારેઘડીએ એન્જિનના અને બીજા કર્કશ અવાજો આવતા હોય છે.]

અનામિકા : (બાટલી આપતી) લ્યો દાદીમા, આ દવા દિવસમાં ત્રણ વખત પીવાની; સવારે, બપોરે અને સાંજે.

દાદીમા : રાતે નહિ ?

અનામિકા : રાતે પણ દવા પીધા જ કરશો ? આરામ નહિ કરો ? અને એકાદ બે ટંક દવા ઓછી પીવાય અને આ ખોળિયું ન ટકે તો પણ શો વાંધો છે ? જીવતું રહીનેય તમારે ક્યાં માળા ફેરવવી છે ? એ તો આખો દહાડો એજ કામ. કોલસા સારવાનું !

દાદીમા : બેટા, મરું તો છૂટું હવે તો કંટાળી ગઈ છું.

[દાદીમા જાય છે. પુરી મજૂરણ પ્રવેશે છે. એની કેડે માંદુ છોકરું છે અને પોતે પણ ઉધરસ ખાય છે.]

અનામિકા : આવો પુરી બહેન !

પુરી : આજે સવારે દૂધ નથી આવ્યું અનુબહેન !

અનામિકા : ભૈયો નહોતો આવ્યો ?

પુરી : ના, હું એને ઘેર લેવા ગઈ તો કહે, આજે સ્ટેશન માસ્તરને ઘેર મહેમાન આવવાના છે માટે કોઈને દૂધ નહિ મળે.

અનામિકા : સ્ટેશન માસ્તરને ઘેર મહેમાન આવવાના હોય એમાં અમે શું કરીએ ? ઠીક પુરી બહેન, હું હમણાં ભૈયાને ત્યાં જાઉં છું. બીજું કાંઈ ?

પુરી : પછી તમે મારી દવાનું શું કર્યું ? અને આ છોકરાના હાલ જોયા ? હાડપિંજર રહ્યું છે.

અનામિકા : તમારી દવા માટે મેં અશોક પાસે અરજી તો લખાવી છે. બે ત્રણ દિવસમાં સગવડ થઈ જશે; તે દરમ્યાન તમે ખાવાપીવામાં ધ્યાન રાખશો.

પુરી : ખાવાપીવાનું તો શું હોય છે કે એમાં હું ધ્યાન રાખું ? રોજ ત્રણ ચાર આના માલ સારવાના મળે એમાંથી ઘર ચાલે ? અને આ છોકરાનો બાપ તો એક પૈસોય ક્યાં આપે છે ! ઘણા દિવસ એની પાસે માગ્યું અને માર ખાધો. હવે તો માર ખાધા જેવું શરીર પણ રહ્યું નથી. એટલે માગવાનું બંધ કર્યું છે.

અનામિકા : તમારે હમણા—તત્કાળ કાંઇ જરૂર હોય તો મને કહેજો. મેં થોડીક પૂંજી બચાવી છે.

પુરી : હોય તો બે ત્રણ રૂપિયા આપો, હું પાછા આપી દઈશ; આવશે એટલે.

[અનામિકા ગોખલામાંથી એક નાની કોથળી કાઢે છે ને એમાંથી ત્રણ રૂપિયા પુરીને આપે છે. પુરી જવા માંડે છે.]

અનામિકા : પાછા આપવાની ચિંતા કરશો મા. અમારે હમણાં કાંઈ જરુર નથી.

પુરી : (જતાં જતાં) તમારું ભલું થાઓ બહેન !

[એક આધેડ ઉમરની બાઈ તુલસી આવે છે.]

તુલસી : કેમ અનુબહેન તમે આજ સવારની ગાડીએ દેખાણાં નહિ ?

અનામિકા : મારે બે ત્રણ જણીને દવા આપવાની હતી એટલે ન આવી શકાયું, કેમ આજે કેવી ભીડ હતી ?

તુલસી : ભીડ તો સારી હતી અને સામાન સારીસારીને પણ કેડ ભાંગી ગઈ, છતાં એક દમડી પણ મળી નહિ!

અનામિકા : (નવાઈ પામી) કેમ?

તુલસી : મોટામોટા 'હફ્સરો' ઊતર્યા'તા, ગાડું એક સામાન લઈ ને. પણ સ્ટેશન માસ્તરે એમને પૈસા આપવાની ના પાડી. મારતરે અમને કહ્યું કે આતો મારા મહેમાન કહેવાય. લેશો મા એમની પાસેથી મજૂરી!

[અનામિકા ઊંડા વિચારમાં પડી જાય છે.]

અનામિકા : માસ્તરે ના પાડી? સ્ટેશન માસ્તરે?

તુલસી : હા, હા, કરુણાશંકર માસ્તરે. કેમ તમને કાંઈ શંકા આવે છે?

અનામિકા : શંકા તો બીજી કાંઈ નથી આવતી, પણ હું આ વાતનું મૂળ પામી ગઈ છું.

તુલસી : કેવી રીતે?

અનામિકા : પરમ દહાડે એક ખાલી ડબ્બાને બંધ કરાવીને માસ્તર નવાં પેસેન્જરોને એમ ભડકાવતા હતા કે એમાં કોઈ બેસશો મા. એ 'રીઝર્વ્ડ' છે. પછી કોઈ ઓળખીતા પાસેથી પાંચ રુપિયા પડાવીને એમને બેસાડયા.

તુલસી : તમે એ નજરોનજર જોયું?

અનામિકા : જોયું શું મોઢામોઢ કહી પણ દીધું કે, આજ તો હું કાંઈ બોલતી નથી, પણ જો હવે પછી આવું કરશો તો નોકરી ખોઈ બેસશો.

તુલસી : (હેબતાઈ) માસ્તર તો તમારા ઉપર ખૂબ ખીજાયા હશે.

અનામિકા : ખીજાય તોય મારે શું ? મારે તો મજૂરી કરીને કમાવું છે. એની જેમ ચોરી થોડી જ કરવી છે કે હું એનાથી ડરું !

તુલસી : (આંખો ઝીણી કરી) હં સમજી, તે દિવસનો ખાર આજે એણે અમારા ઉપર ઉતાર્યો. સમજી, બરાબર સમજી.

[ઉતાવળો ઉતાવળો અશોક પ્રવેશે છે. એના મોં પર બીકના ચિહ્નો સ્પષ્ટ દેખાય છે. એની છાતી ધમણની જેમ ચાલે છે. તુલસી અને અનામિકા સ્તબ્ધ બની એને જોઈ રહે છે.]

અનામિકા : શું છે ભાઈ, કોને શોધે છે ?

અશોક : અહીં હમણાં કોઈ આવ્યું હતું ?

અનામિકા : ના. અહીં તો કોઈ નહોતું આવ્યું કેમ ? શું થયું છે ? તું આટલો ગભરાય છે શા માટે ?

અશોક : (નીચે બેસી, માથું પકડી) : મારા ઉપર ચોરીનું તહોમત આવ્યું છે.

અનામિકા }
તુલસી } ચોરીનું તહોમત ?

અશોક : આપણા સ્ટેશન માસ્તરને ત્યાં કોઈ બહારગામના મહેમાન આવ્યા છે, એમનું ઘડિયાળ કોઈ ચોરી ગયું છે.

તુલસી : ઘડિયાળ ?

અનામિકા : (વચ્ચે) પણ....

અશોક : હા, હા, ઘડિયાળ—ઘડિયાળ. પાંત્રીસથી ચાલીસની કિંમતનું એ ઘડિયાળ છે; સોનાનું, વિલાયતી સોનાનું.

અનામિકા : પણ ભાઈ, એમાં તારો શો દોષ ? તેં ક્યાં ચોરી કરી છે ?

અશોક : ચોરી નથી કરી પણ આળ તો આવ્યું છે. માસ્તર કહે છે કે ઓફિસની સાફસુફી તારે હાથેજ થાય છે, પછી બીજો કયો નોકર ચોરી કરવા આવે ? હા, પાડ કે ના પાડ ! પણ એ ઘડિયાળ તારી ઓરડીમાંથી જ નીકળવાનું છે.

અનામિકા : આ ઓરડી પડી, ભલે જોઈ જાય.

તુલસી : તેં ક્યાં ચોરી કરી છે કે તારે બીવાનું હોય ? મારો પીટયો માસ્તર જ ઘડિયાળ હજમ કરી ગયો હશે એના ધંધા હું તો જાણુંને !

અનામિકા : ને હું યે એને ક્યાં નથી ઓળખતી ? પેલા પાંચ રૂપિયાની પરમ દિવસની વાત–

અશોક : આખું ગામ કરુણાશંકરની વિરુદ્ધજ બોલે છે. મને બેચાર જણ મળ્યાં, બધાંએ એજ વાત કરી.

[બહારથી એક કોમળ સાદ સંભળાય છે; મીઠી સતવારીનો.]

મીઠી : (નેપથ્યમાં) અનુબહેન, અનુબહેન, આ ભારો ઊતરાવોને.

અનામિકા : (બહાર જતી) કોણ મીઠી ? અત્યારે શું લઈ આવી છે ?

[મીઠી અને અનામિકા શેરડીનો ભારો લઇને આવે છે.]

મીઠી : વાઢમાંથી તો પચાસેક જેટલા સાંઠા મળ્યા હતા. મારા મનને એમ કે તમે ભાઈ બહેન ખાઈને ખૂબ રાજી થશો, પણ આમાંથી અરધા તો કરુણાશંકર માસ્તરના માણસો ખેંચી ગયા. કહે કે અમારે ત્યાં મહેમાન આવ્યા છે એને શેરડી બહુ ભાવે છે.

તુલસી : માસ્તર દાતણનાય પૈસા નથી દેતા કોઈને. એનો ઉપાડો તો હમણાં વધ્યો છે બાઈ!

અનામિકા : ભલે વધ્યો. આપણું શું લઈ જવાનો છે? ચડશે એ પડશે. કુદરતનો ધારો છે, (મીઠીને) તું આટલી બધી ખેંચ શું કામ રાખે છે? હું તો તને કાંઈ કામ નથી આવતી.

મીઠી : (આડું જોઈ) તમારી અમને ઘણી ઓથ છે.

અનામિકા : મારી ઓથ?

મીઠી : એમાં તમે શું જાણો? તમે અહીં આવ્યા તે પહેલાં સ્ટેશન ઉપર કેટલી અંધાધુંધી હતી! એક ટંકે પૂરા ચાર પૈસાય નહોતા મળતા. હવે તો રોજના આઠ દશ આના મળે છે. એ ઓછું કહેવાય?

અનામિકા : પણ એ કાંઈ મારે લીધે મળે છે એમ? મજૂરી તમે કરો છો અને કમાઓ છો પણ તમે. હું તો ઉપર દેખરેખ રાખું એટલું.

[શરમાતી શરમાતી લખમી પ્રવેશે છે.]

કોણ છે? લખમી? આવ અંદર આવ ત્યાં કેમ ઊભી છે?

લખમી : તે દિવસના ત્રણ આના પાછા દેવા આવી છું. તમારો હિસાબ સાચો હતો તોય હું તકરાર કરીને ત્રણ આના વધારે લઈ ગઈ હતી. એ પાછા લ્યો ને મને માફી આપો.

[અશોક, તુલસી અને મીઠી એને સાશ્ચર્ય જોઇ રહે છે.]

અનામિકા : ગાંડી થઈ ગઈ છે લખમી! એ તો મેં તને વાપરવા આપ્યા હતા, મારાથી આપેલું દાન પાછું ન લેવાય. તું એને લઈ જા.

લખમી : મારો અહીં આવવા પગ ઉપડતો નહોતો. મારા મનમાં તો એમ હતું કે તમે મને ધમકાવીને કાઢી મૂકશો.

અનામિકા : મારો સ્વભાવ એવો નથી. ને, આપણે એકજ ધંધો કરનારાં અંદરોઅંદર શા માટે લડી મરીએ? હવે અહીં રોજ આવતી રહેજે હં. મનમાં કશું ઓછું લાવીશ મા. (યાદ લાવી) ને ઊભી રહે હું તને એક ઇનામ આપું.

[અનામિકા અંદર જાય છે ને થોડીવાર પછી એક નાનકડી પોટલી લઈ આવે છે. ત્રણે જણા એને કુતૂહલપૂર્વક જોઇ રહે છે. અનામિકા પોટલી છોડી અંદરથી ત્રણ નવી સાડીઓ કાઢે છે.]

અશોક : (હસતાં હસતાં) અનુ, તું સાડીઓ ક્યાંથી લઈ આવી? તને પણ મારી જેમ ચોરી કરવાનો શોખ લાગ્યો છે કે શું? કહેવા દે કરુણાશંકર માસ્તરને.

અનામિકા : તું મશ્કરી માનતો હઈશ પણ આતો ખરેખર ચોરી જ કરી છે. ગઈ કાલે રાતે ટ્રેન ઉપડી અને એક ડબામાંથી આ બચકું કોઈએ ફેંક્યું. પછી જાણી જોઈને ફેંક્યું હોય કે અજાણતાં કોઈનાથી ફેંકાઈ ગયું હોય. ગમે તેમ થયું પણ બચકું મારે હાથ ચડી ગયું. પહેલાં તો વિચાર થયો કે પ્રમાણિકપણે એ વસ્તુ સ્ટેશન માસ્તરને સુપ્રત કરું, પણ માસ્તરની દાનતથી વાકેફગાર એવી હું, એવી ભૂલ કરું ખરી? (ખૂબ હસતી) એટલે એ ત્રણે સાડીઓ લઈ આવી ઘેર. મનમાં વિચાર રાખ્યો હતો કે કોઈને દાન કરી દઈશું (ત્રણે જણી સામે જોઈ) હવે તુંજ ઇન્સાફ કર કે આ ત્રણે મૂર્તિઓ આ દાનની અધિકારિણી છે કે નહિ?

[બધાં ખૂબ જોરથી હસે છે. ત્રણે સાડીઓ તુલસી, મીઠી અને લખમીને એક પછી એક આપે છે.]

અશોક : ત્રણે સુપાત્ર છે, પુણ્ય થશે.

અનામિકા : પુણ્ય થશે જેની સાડીઓ હશે એને! હું તો નિમિત્ત બનું છું.

[અચાનક બહારથી કરુણાશંકર અને બીજાં સાત આઠ માણસો ગુસ્સામાં પ્રવેશ કરે છે.]

કરુણાશંકર : (ત્રાડ નાખી) ક્યાં ગયો અશોક? ચોરી કરીને ઘરમાં ભરાઈ રહેવું બહુ ગમે છે કાં? બે કલાક થયા ક્યાં હતો?

[બધા સ્તબ્ધ થઈ ઊભાં રહે છે. અનામિકા જરાયે ગભરાયા વિના આગળ આવે છે.]

અનામિકા : ધીમેથી બોલો માસ્તર સાહેબ, મારા ઘરની દિવાલો ખૂબ કાચી છે. બૂમાબૂમ કરશો તો એ બિચારી નીચે પડી જશે, ને આપણે દટાઈ મરીશું.

કરુણાશંકર : મને બનાવવા ધારે છે? એ ચોરીમાં તારો પણ હાથ છે, એ મારાથી અજાણ્યું નથી.

અનામિકા : તમે તો પ્રભુ! સર્વજ્ઞ છો; તમારાથી કશું અજાણ્યું કેમ હોઈ શકે? આ સ્ટેશન; એનું છાપરું; ટ્રેનના ડબા, એની ચાવીઓ એ તમામ ઉપર આપ સાહેબનું પ્રભુત્વ છે. તમે એટલે તમે, બીજાં બધાં માણસ.

કરુણાશંકર : (અશોકને) હવે ઘડિયાળ રાજીખુશીથી આપી દેવું છે કે, હું થાણા ઉપરથી પોલીસને બોલાવું?

અશોક : જો પોલીસનેજ બોલાવવા હોય તો એક બેને શા માટે? આખી ફોજ બોલાવોને. અમે તો રોજના ટેવાયેલાં છીએ.

તુલસી : શું કામ કોઈને ગળે પડો છો માસ્તર? અશોક

તમારી ઘડિયાળ તો શું લાખ રૂપિયા ઉપર નજર કરે એવો નથી. કોઈ બીજાને પકડો બીજાને !

મીઠી : જે દિ'થી કરુણાશંકર માસ્તરની આ સ્ટેશન ઉપર બદલી થઈ છે તે દિ'થી કોઈને ધરાઈને ધાન ખાવા દીધું નથી. શું કામ આવતો ભવ બગાડો છો? જીવડાં પડશે જીવડાં.

લખમી : ઓલે ભવ કોણ જાણે કયો અવતાર લખ્યો હશે એના કરમમાં.

અનામિકા : (ખોટું ધમકાવી) તમે એક પછી એક આવું બોલીને માસ્તરને ધમકાવો મા. માસ્તર તો શાસ્ત્રજ્ઞ છે, અને સારી રીતે સમજે છે કે આ અવતારમાં ગમે તેટલાં પાપ કરીશું તોપણ આવતે અવતારે તો માણસ જ જન્મવાના છીએ. (સાથે હસતી) તો શા માટે આ જન્મમાં જનાવર જેવા માણસ ન બનવું?

કરુણાશંકર : (ક્રોધથી) શું હું જનાવર જેવો છું?

અશોક : નારે સાહેબ! જનાવર જ તમારા જેવું છે. તમે તો તમેજ! બીજાં બધાં માણસ.

[બે ચાર બાળકો આવે છે; એમાં છોકરા છે ને છોકરીઓ પણ છે. એમના હાથમાં એક એક પાટી છે ને પેન છે. કપડાં સ્વચ્છ છે.]

અનામિકા : (બાળકોને જોઈ) ઓહો અનુપ! તારા, શાંતિ; ભીખુ; તમે આવી ગયાં? ચાલો ઠીક થયું. આપણે ભણવાનું આજથી જ શરુ કરવાનું હતું કાં? (યાદ લાવી) ઠીક ઠીક; કાંઈ વાંધો નહિ. આ ઝઘડો તો હમણાં પતી જશે.

કરુણાશંકર : શું પતી જશે? જો અનુ, મારું ઘડિયાળ મને નહિ મળે તો હું તારી કે તારા ભાઈની લગીરે શરમ રાખવાનો નથી, અત્યારે મારા મનમાં અનેક વિચારો ઘોળાઈ રહ્યા છે.

અનામિકા : માસ્તર સાહેબ; ઘણા વિચારો માણસને ગાંડો કરી મૂકે છે. અત્યારે કોઈએ વધારે વિચારવાની જરૂર નથી. માત્ર દરેકે માણસ તરીકે જીવવું જોઈએ એટલો વિચાર કરો તો ઘણું કર્યું કહેવાશે.

અશોક : પણ સ્વાર્થના અંધારામાંથી બહાર નીકળવાની વેળા આવે ત્યારે માણસને પ્રકાશ જેવી કોઈ વસ્તુ છે એમ ખબર પડે ને? સ્વાર્થને સાચવી રાખવા બદલ માણસને માણસાઈ ભૂલી જવાની અત્યારે ટેવ પડી છે. એ ટેવ તે લોભની મડાગાંઠ—

અનામિકા : ના; દંભની. એ દંભની દિવાલ પાછળ માણસ નિજની સજ્જનતાને છૂપાવવા મંડયા છે. બીજું તો જાણે બધું ઠીક; પણ માણસ પોતાને પણ ભૂલી જવાનો યત્ન કરે એ તો ભારે કહેવાય!

[કરુણાશંકર મનમાં ને મનમાં બળીબળીને અરધો થઈ જાય છે.]

કરુણાશંકર : પણ તમે ભાઈ–બહેન આ બધું કોને સંભળાવો છો?

અનામિકા : (જાગતી હોય તેમ) અરે! તમે હજી અહીં ઊભા છો કાં? હું અને અશોક તો આ છોકરાંને શું ભણાવવું એની ભૂમિકા તૈયાર કરતાં હતાં. ચાલો હવે આપણે વાતો કરીએ.

કરુણાશંકર : એમાં વાતો શી કરવી છે? મારી ચીજ મને પાછી આપો છો કે હું આગળ પગલું લઉં?

અનામિકા : (ઉડાવતી) આગળ પગલાં લેવાય એને અમે પ્રગતિ કહીએ છીએ.

અશોક : અને પાછળ પગલાં ભરવાં એનું નામ?

કરુણાશંકર : (કરુણ બની) આમ વાતો ચગળવી એનો અર્થ શો થાય એ મને શીખવવું પડે એમ નથી. પણ વાત જો ઘરમેળે પતી જતી હોય તો હું પતાવવા તૈયાર છું. (અત્યંત ધીમેથી) ને અનામિકા, આ તો મહેમાનની ચીજ. મારી પોતાની હોત તો હું આટલી પંચાત કરત જ નહિ.

અશોક : અતિથિની વહાલી વસ્તુ યજમાનને અતિ વહાલી લાગે છે, એવું પુણ્યતીર્થ કાશીમાં મનાય છે.

કરુણાશંકર (ગુસ્સે થઈ) : ત્યારે શું ઘડિયાળ મેં ચોરી લીધું ?

અનામિકા : એટલું કહેવાની અમારી જવાબદારી, તમે સ્વેચ્છાએ સ્વીકારી લીધી એ બદલ આભાર માનીએ છીએ.

કરુણાશંકર : (હાથ પગ પછાડી) શું હું ચોર છું ? દંભી છું ?

અશોક (ધીમેથી) ના, ના. ના; એવું કશું નથી. તમારી પોતાની એ ભ્રમણા છે, એનાથી ચેતતું રહેવું જોઈએ.

અનામિકા : ના; ના; માસ્તર સાહેબ; એ પણ સાચું નથી. ભ્રમણા એ તો બહુ સાચી વસ્તુ છે. એનાથી તો માણસ ઇચ્છેલું મેળવી શકે છે ને મેળવેલું ભૂલથી આવી ગયું માનીને પાછું આપી શકે છે. ભ્રમણા તો ડાહ્યા માણસની કહ્યાગરી બુદ્ધિ છે અને પાગલની ઢાલ છે.

[બહારથી મેના હાંફતી હાંફતી પ્રવેશે છે.]

મેના (ગાંડીની જેમ) : ક્યાં છે અનુબહેન ? અરે; અનુબહેન ! સંટીગમાં એક માણસ કપાઈ મૂવું ! દોડો દોડો.

[તમામ માણસો બહાર નજર કરે છે.]

અનામિકા : એ માણસ કોણ છે મેના ? તું એને ઓળખે છે ?

કરુણાશંકર : સ્ટેશન ઉપર પેસેન્જર તો કોઈ નહોતું. ત્યારે કોણ આવી ગયું ? અત્યારે ? ગજબ થયો.

[બધાં બહાર દોડી જાય છે.]

પડદો

દર્શન ત્રીજું

[સ્ટેશન ઉપરના ફર્સ્ટ ક્લાસ વેઇટીંગ રૂમની બેવડી ચાલી. વચ્ચે બારણું છે ને બારણાની અંદર થોડે દૂર સંટીંગમાં ઘાયલ થયેલ કંચનલાલ લોઢાના પલંગ ઉપર સૂતો છે. એના શરીર પર સફેદ ચાદર ઓઢાડી છે. પડખે બે ત્રણ દાક્તરો ઊભા છે. કેસ કટોકટીનો હોય એવી ત્યાંની ધીમી અવરજવર ઉપરથી જણાય છે. કરુણાશંકર આગલી ચાલીમાં આવી સંકેતથી એક દાક્તરને નજીક બોલાવે છે.]

કરુણાશંકર : શ. શ. ડૉક્ટર, ડૉક્ટર !

[દાક્તર ઈન્દ્રવદન ધીમે ધીમે નજીક આવે છે.]

કેમ લાગે છે હવે ? ઓપરેશન સફળ નીવડયું ?

ઇન્દ્રવદન : કાંઈ કહેવાય નહિ, જરાક બીક લાગે એવું તો છે. (વિચાર કરી) પણ માસ્તર, હજી કંચનલાલને ઘેરથી કેમ કોઈ નથી આવ્યું ? બે કલાક થયા.

કરુણાશંકર : એના ઘેરથી કોણ આવવાનું હતું ? ઘેર કોઈજ નથી. બૈરી હતી તે પણ બે મહિના પહેલાં ગુજરી ગઈ ને પોતે

નિઃસંતાન છે. સ્નેહી સંબંધીઓ તો ઘણા છે પણ એમનો અત્યારે ક્યાંથી પત્તો ખાય? પાડોશમાંથી સવિતા બહેન આવ્યા છે. સાથે બીજી પણ બેત્રણ બહેનો છે. બીજું કોઈ આવે તેમ લાગતું નથી.

ઇન્દ્રવદન : પેલાં અશોક અને અનામિકા કોણ છે? શુદ્ધિમાં હતા ત્યાં સુધી કંચનલાલ એમનાં જ નામ ઝંખતા હતા.

કરુણાશંકર : બંને રઝળુ ભાઈ–બહેન છે અહીં સ્ટેશન ઉપર ભાર ઊચકે છે ને ઓફિસ વાળે છે. જરાક ચબરાક અને કહ્યાગરા છે એટલે લોકો એમને સારી રીતે રાખે છે, બાકી આ કંચનલાલ શેઠ એમને ક્યારથી ઓળખે છે એ હું જાણતો નથી.

ઇન્દ્રવદન : (ઊંડા વિચારમાંથી જાગી) પેલા યદુનંદનના છોકરાં તો નહિ હોય? જે પતિ પત્ની બંનેએ જેલમાં પ્રાણત્યાગ કર્યો હતો!

કરુણાશંકર : (બેદરકારીથી) રામ જાણે ભાઈ, આ વેજા પણ માબાપથી ઊતરે એવી નથી. મજૂરસંઘ ને કિસાનસંઘ, એવાં એવાં અનેક લફરાં અહીં પણ ઊભાં કર્યાં છે એમણે. (કંટાળતો હોય તેમ) અમે તો તંગ આવી ગયા છીએ, ડૉક્ટર સાહેબ, એમનાથી તંગ આવી ગયા છીએ.

[અંદર દરદી વધુ પીડાતો હોય એવો ધીમે ધીમે અવાજ આવે છે. સવિતા ઉતાવળે બહાર આવે છે.]

સવિતા : ડૉક્ટર ઇન્દ્રવદનભાઈ, લીધેલા ટાંકા તૂટતા જાય છે, લોહી પુષ્કળ વહી રહ્યું છે, હવે શું કરીશું?

ઇન્દ્રવદન : (શાંતિથી) પ્રભુ પ્રાર્થના કરો, બીજો કોઈ ઉપાય નથી.

સવિતા : (ગભરાઈ) શું કોઈ ઉપાય નથી? કોઈજ?

ઇન્દ્રિવદન : ઉપાય ક્યાંથી રહે મારી બહેન, દરદી ઘવાયા પછી અરધા કલાક સુધી તેની કશી માવજત થઈ નથી એટલે શરીરમાંથી જોઈએ તે કરતાં વધારે લોહી નીકળી ગયું છે હવે નવું લોહી ક્યાંથી આવવાનું હતું ?

કરુણાશંકર : માવજત તો તરત જ થઈ હતી ડોક્ટર સાહેબ, અશોક અને અનામિકા તો અત્યાર સુધી એની પાસેજ હતાં પણ લોહી બંધ જ ન થાય એમાં કોઇનો શો દોષ ?

સવિતા : (સાશ્ચર્ય) શું એ ભાઈ બહેન અત્યાર સુધી અહીં હતાં ?

કરુણાશંકર : હા, તમે અને ડોકટર સાહેબ આવ્યા પહેલાં ત્રણજ મિનિટે બંને ઘેર ગયાં. ફરી પાછા હમણાં આવવાં જોઈએ.

સવિતા : એ ભાઇ–બહેન બંને અહીં શું કરે છે ?

કરુણાશંકર : શું કરે શું ? ટ્રંકો ઊચકે છે ને સ્ટેશન સાફસૂફ રાખે છે.

સવિતા: (કપાળે આંગળાં પછાડી) અરેરે, લક્ષ્મીપતિનાં સંતાનો–

[ઇન્દ્રવદન ! ઇન્દ્રવદન ! એવી બૂમ અંદરથી આવે છે. દાકતર જાય છે.]

કરુણાશંકર : સવિતા બહેન, શું કહ્યું તમે ? એનાં માબાપ ખૂબ પૈસાદાર હતાં ?

સવિતા : હા, ભાઇ, હા. પૈસાદાર અને દેશ સેવક. એમની બૂરી વલે કરનાર આ કંચનલાલજ છે. કર્યાં એવાં ભોગવે છે.

કરુણાશંકર : (હેબતાઈ) શું કહો છો ? કંચનલાલની એવી મનોવૃત્તિ–હેં ?....

સવિતા : અમે અત્યારે રહીએ છીએ એ આખું મકાન યદુનંદનની માલિકીનું હતું. પોતે દેશ સેવામાં પડયા પછી લાગ્યું કે હવે જાનમાલની સલામતી નથી એટલે આ બંને છોકરાનું ભાવિજીવન નિર્વિઘ્ને વીતે એ માટે યદુનંદને મકાનનો કબજો કંચનલાલને સોંપ્યો. (નિરાશ થઈ) યદુનંદન અને એમનાં પત્ની બંને હોમાઈ ગયા અને પાછળથી કંચનલાલ મકાનનો માલિક થઈ બેઠો ને આ છોકરાંને ભીખ માંગતાં કર્યાં.

કરુણાશંકર : આ તો ભારે આશ્ચર્ય !

સવિતા : એવાં તો અનેક આશ્ચર્યો કંચનલાલના જીવનમાં પડયા છે. આ કાંઈ એક પાપનું ફળ નથી, એવાં તો કેટલાયે પાપો એકઠાં થઈને આજે સામે આવ્યા છે. પ્રભુ એને માફ કરે.

[અંદરથી ઇન્દ્રવદન દોડતો આવે છે.]

ઈન્દ્રવદન : (હાંફતો) : સવિતા બહેન, એક કામ ન કરો ?

સવિતા : શું ?

ઈન્દ્રવદન : અત્યારે અશોક અને અનામિકાને બોલાવી લાવોને. કંચનલાલ ઘડીઓ ગણે છે.

કરુણાશંકર : એમનું કાંઈ ખાસ કામ પડયું છે ?

સવિતા : (શંકાથી) : અને એ બંને નહિ આવે તો ?

ઈન્દ્રવદન : આવશે જરુર આવશે. એ બંનેની અત્યારે ખાસ અગત્ય છે. કંચનલાલ સંપૂર્ણ શુદ્ધિમાં છે. એ આગલી તમામ લેવડદેવડ ચૂકતે કરવા માગે છે.

સવિતા : ત્યારે તો હું જાઉં છું, હમણાં બોલાવી લાવું છું.

[સવિતા ઝપાટાબંધ જાય છે. કરુણાશંકર, દાક્તરની નજીક આવે છે.]

કરુણાશંકર : ડોક્ટર સાહેબ, આટલું બધું શું છે ?

ઇન્દ્રવદન : કંચનલાલ મરતાં મરતાં એની આખી અસક્યામત અશોક અને અનામિકાને સોંપી દેવા ઇચ્છે છે.

કરુણાશંકર : શું કંચનલાલનો કોઈ વારસદાર નથી ?

ઇન્દ્રવદન : (શંકાથી) કેમ પારકી દોલતની તમને ચિંતા થવા માંડી છે ?

[કરુણાશંકર ફિક્કો પડે છે.]

કરુણાશંકર : (પરાણે હસતો) : ના, ના. એવું તો શું પણ એ બંને રઝળુ ભાઈ–બહેન

[ઇન્દ્રવદનનો ચહેરો ગુસ્સાથી કડક થતો જાય છે.]

ઇન્દ્રવદન : તમે તમારા મનમાં શું સમજો છો માસ્તર !

કરુણાશંકર : (લેવાઈ) કશું જ નહિ, કશું જ નહિ પણ હેં ડોક્ટર સાહેબ, શું સાચેજ કંચનલાલ શેઠનો બીજો કોઈ વારસદાર નથી ? સાચ્ચેજ ?

[અશોક અને અનામિકા પ્રવેશે છે. બન્નેની બગલમાં કપડાની એક એક પોટલી છે.]

અશોક : (આવતાંવેંત) છે, કંચનલાલ શેઠનો એક બીજો વારસદાર પણ છે અને એનું નામ છે સ્ટેશન માસ્તર કરુણાશંકર.

કરુણાશંકર : (ગુસ્સામાં) આ હસવાનો વખત છે ? એક માણસ છેલ્લી પળો ગણતું હોય ત્યારે તમને હસવું આવે છે ?

[કરુણાશંકર જતો રહે છે.]

અનામિકા : અને અમેયે આજે અહીં છેલ્લી વાર હસી લેવા આવ્યા છીએ.

ઇન્દ્રવદન (ગભરાઈ) : અહીં ? છેલ્લી વાર ? અનામિકા તું શું બોલે છે ? તને સવિતા મળી લાગતી નથી.

અનામિકા : શું સવિતા બહેન અહીં આવ્યા છે ?

ઇન્દ્રવદન : હા, અને તમને ભાઈબહેનને બોલાવવાં હમણાં અહીંથી ગયાં.

અશોક : અમારું કાંઈ જરૂરી કામ હતું ? દરદીની તબિયત તો...

ઇન્દ્રવદન (વચ્ચે) : કેસે ગંભીર રૂપ પકડ્યું છે. ત્રણત્રણ ડોકટરોની માવજતનો પરાજય થયો છે. દરદી અત્યારે છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે.

અનામિકા : (સાશ્ચર્ય) છેલ્લા શ્વાસ ? દાક્તર !

ઇન્દ્રવદન : (ગળાગળ થઈ) હા, બહેન અનામિકા, અને કંચનલાલ તમારા બેઉના આવવાની રાહ જોઈ રહ્યા છે.

અશોક : અમારી રાહ ! નવાઈ જેવું.

અનામિકા : (ડોકું હલાવી) વાત માનવા જેવી નથી.

ઇન્દ્રવદન : વાત માનવા જેવી નહોતી, હવે થઈ છે. કંચનલાલની વારસ વગરની સંપત્તિ આજથી તમને સુપ્રત થવાની છે.

[અશોક અને અનામિકા આશ્ચર્ય અને ભયથી આઘા ખસે છે. એમના ચહેરા પર અનેક ભાવો રમી રહે છે.]

અનામિકા : આ તમે શું બોલો છો ?

ઇન્દ્રવદન : સાચી વાત છે બહેન, સાવ સાચી વાત છે. પાપનું પ્રાયશ્ચિત્ત આ રીતે થતું હોય એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ?

અશોક : પણ આ વાત એમને અત્યારે ક્યાંથી સૂઝી દાક્તર સાહેબ !

ઇન્દ્રવદન : આ વાત તો એમને ઘણા દહાડા પહેલા સૂઝી હતી એવું એમનું કહેવું છે. અને એટલા જ માટે એ તમારું ઘર શોધતાં શોધતાં અહીં સુધી આવ્યા હતા; ત્યાં માર્ગમાં આમ બન્યું.

અનામિકા : (અજાણતાં) કંચનકાકાની સદ્‌ભાવના અને તમારા સૌની મીઠી અનુકંપા માટે અમે ભાઈ–બહેન આભારી છીએ પણ–

ઇન્દ્રવદન : (વચ્ચે) હેં ?

અનામિકા : (ધીમેથી)એમાં આશ્ચર્ય શું પામો છો ? ધનના ઢગલા ઉપર બેસવાનું અમને ફાવતું નથી. અમારું સ્થાન તો ભાર ઊંચકનારની હરોળમાં છે. પૈસાને બથ ભીડીને પડી રહેવું અમને નહિ પાલવે.

ઇન્દ્રવદન : તારી લોકસેવા અમારાથી અજાણી નથી અનામિકા, અને એટલા માટે તો અહીંના મહાજન સંઘે તમને બંનેને એક એક સુવર્ણચંદ્રક આપવાનું પણ ઠરાવ્યું છે.

અનામિકા : એ ચંદ્રકો લટકાવી અમારે કોની વચ્ચે બેસવાનું ? આ અજ્ઞાન લોકોની વચ્ચેજ કે નાં ? તે કરતાં તો મહાજન સંઘ એટલા પૈસાના સેવમમરા ભૂખે મરતાં લોકોની વચ્ચે વહેંચે તો વધારે સારું કાર્ય કર્યું કહેવાય. (જવા માંડતી) ચંદ્રકોને અમારે શું કરવા છે ?

[સવિતા હાંફતી હાંફતી પ્રવેશે છે.]

સવિતા : અરે, અશોક અને અનામિકા, તમે અહીં છો ? હું તો શોધી શોધીને થાકી ગઈ.

અનામિકા : (સવિતાનો હાથ પકડી)અમે તો અહીંજ રહેવાનાં છીએ, છેવટની ઘડી સુધી. સવિતા બહેન, અમને શોધતાં હવે તમને ક્યારેય થાક નહિ લાગે. (તેને દોરતી) ચાલો મારા છાપરામાં. ત્યાં ખૂબ ખૂબ શાંતિ છે. સારી પેઠે વાતો થઈ શકશે.

[અશોક, અનામિકા અને આશ્ચર્યમૂઢ સવિતા ધીમે-ધીમે જવા માંડે છે]

ઈન્દ્રવદન : (ભીના સાદે) પણ.... પણ... અનામિકા...

અનામિકા : એ મરતાં જીવને મારાવતી એટલી સાન્તવન આપજો દાકતર સાહેબ, કે ઘરભાડું ચૂકવવા માટે ઘરવખરી લીલામ કરનારાં યદુનંદનનાં બાળકો પારકી લક્ષ્મીને પોતાની નહિ કરી શકે, નહિજ કરી શકે.

[અંદરથી ચીસ સંભળાય છે. ઈન્દ્રવદન અંદર દોડે છે. પેલા ત્રણ જણા ઝપાટાબંધ બહાર નીકળી જાય છે.]

પડદો.

વાંચવા લાયક શિષ્ટ પુસ્તકો

પુસ્તકોનું નામ	કિંમત
(૧) હિન્દનું ફેડરલ રાજ્ય બંધારણ અને દેશી રાજ્યો	૪—૦—૦
(૨) દેશની માયા (સુંદર નવલકથા)	૨—૮—૦
(૩) બાળકોની માવજત (ડૉ. કદમ કૃત)	૨—૦—૦
(૪) સોમનાથની સખાતે (શ્રી રાયચુરા કૃત)	૧—૮—૦
(૫) કાળિયાર અને બીજી વાતો	૧—૮—૦
(૬) પની અને બીજી વાતો	૧—૦—૦
(૭) રાસમાલિકા (રાસસંગ્રહ)	૧—૦—૦
(૮) સામાજિક ક્રાન્તિ	૧—૮—૦
(૯) આશાની પાંખે (નાટક)	૦—૮—૦
(૧૦) મેવાડની મહત્તા	૦—૮—૦
(૧૧) તાતાંતીર (નવલિકાઓ)	૦—૪—૦
(૧૨) પદવીધર (નવલકથા)	૨—૦—૦
(૧૩) જીવનરસ (નવલિકાઓ)	૧—૪—૦
(૧૪) ઊર્મિ (કાવ્ય સંગ્રહ)	૧—૪—૦
(૧૫) યુગચિત્ર (નવલિકાઓ લેખો)	૧—૦—૦
(૧૬) સૌભાગ્ય (ગદ્યપદ્યનો સંગ્રહ)	૧—૦—૦

ઉપરના પુસ્તકો પૈકી આપની પસંદગીના નીચેના સરનામેથી મગાવશો તો પોસ્ટ ખર્ચ લેવામાં આવશે નહિ.

ગુર્જર સાહિત્ય ભંડાર : લાઠી [કાઠિયાવાડ]

બીજા વર્ષના છ દળદાર ગ્રન્થોનું સરવૈયું

ફક્ત રૂપિયા પાંચમાં આવું વિશાળ વાચન
આપવાની અમારી યોજના સંપૂર્ણ વાંચી જાઓ:

ગૃહપુસ્તકાલય ગ્રન્થમાળા

૩૦

ગુજરાતના જાણીતા લેખકોના હાસ્ય નિબંધ, પત્રકથા, ચારિત્ર્ય-લેખન, રાષ્ટ્રોદ્ધાર અને સમાજ-સેવાના મર્મ સમજાવતા મનનીય ત્રીસ લેખો તમારા જીવનમાં નવો પ્રકાશ ફેલાવશે.

૨૭૫

પેજની દળદાર, હૃદયંગમ, તલસ્પર્શી નવલકથા: જેનું સર્વોત્તમ સર્જન શ્રી. કેશવ હ. શેઠને હાથે થયું છે. એના પાને પાને નવી દુનિયા, નવું જિવન, નવી આશા ચમકે છે.

૪૦

મહાગુજરાતના સમર્થ નવલિકારોની સર્વોત્તમ, કલાત્મક અને ભાવવાહી હૃદયસ્પર્શી ચાલીસ નવલિકાઓ તમારા જીગરને હચમચાવશે.

૨૭૫

મહાગુજરાતના, માનીતા સિદ્ધહસ્ત કવિઓનાં અમૃત રેડતાં, સૂરીલાં, ભાવવાહી કાવ્યોનો અપૂર્વ અને સચિત્ર સંગ્રહ તમારા હૃદયને ઝણઝણાવશે.

આ બધી સર્વોત્તમ કૃતિઓના સર્જકો મહાગુજરાતના સમર્થ લેખકો, વિદુષી બ્હેનો, પ્રખર કવિઓ, મહાન વિવેચકો અને પ્રસિદ્ધ વક્તાઓ તેમજ રાષ્ટ્રનેતાઓ છે, જેની નામાવલિ માટે અંદર જુઓ:

૧૯૪૦ના છ ગ્રંથો તૈયાર છે

જીવનરસ

રૂા. ૧–૪–૦

સિદ્ધહસ્ત નવલિકાકારોની ભાવવાહી કલાત્મક નવલિકાઓનો સંગ્રહ

યુગચિત્ર

રૂા. ૧–૦–૦

નિબંધ, પત્રકથા, ચારિત્ર્યલેખન ઇત્યાદિને લગતા મનનીય લેખો

ઊર્મિ

રૂા. ૧–૪–૦

મહાગુજરાતના આગેવાન, સિદ્ધહસ્ત કવિઓનો સચિત્ર કાવ્યસંગ્રહ

નવરાત્ર મહોત્સવ

રૂા. ૧–૮–૦

મહાગુજરાતના પ્રસિદ્ધ વક્તાઓ અને રાષ્ટ્રનેતાઓનાં ભાષણો, લેખો, ગીતો ઈ. નો સંગ્રહ

સૌભાગ્ય

રૂા. ૧–૦–૦

સ્ત્રીઓના જ સહકારે તૈયાર થયેલ સુંદર ગદ્યપદ્યનો સંગ્રહ

પદવીધર

રૂા. ૨–૦–૦

સુરેખભાવ અને તલસ્પર્શી શૈલીએ આલેખાયેલી સળંગ નવલકથા

[છપાયેલ કિંમતે પુસ્તકો છુટક પણ મળી શકશે.]

ઉપર પ્રમાણે આઠ રૂપિયાની કિંમતના ગ્રંથો ૧૨૦૦ ઉપરાંત પેજનું વાચન ફક્ત રૂ. ૫) માં: લગભગ ત્રીસ ઉપરાંત બેરંગી, એકરંગી ચિત્રો અને ફોટોબ્લૉક્સ ઈ. આપતા છ ગ્રંથો કુટુંબના જુદી જુદી રસવૃત્તિવાળા દરેકને આનંદ અને સંતોષ આપશે. વ્હેલી તકે આપના ઓર્ડર સાથે મનીઓર્ડર મોકલો. પુસ્તકો પારસલથી રવાના કરવામાં આવશે.

ગુર્જર સાહિત્ય ભંડાર, લાઠી (કાઠિયાવાડ)

"ગૃહપુસ્તકાલય ગ્રંથમાળા" વર્ષ ત્રીજું

અમારા વ્હાલા ગ્રાહકોનાં સદ્ભાવ અને લાગણીથી અમે ત્રીજા વર્ષમાં સુંદર સંગ્રહો આપવાનું નક્કી કર્યું છે, જેની નીચે આપેલી સવિસ્તર યાદી વાંચો:—

ત્રીજા વર્ષનાં પુસ્તકો (કુલ ૧૨૦૦ પેજ)નું લવાજમ અસહ્ય મોંઘવારી છતાં, પોસ્ટેજ સહિત રૂા. ૫) પાંચ જ રાખ્યું છે.

પુસ્તક પહેલું : 'અપ્સરા અને બીજાં નાટકો' લેખક શ્રી. ઇન્દુલાલ ગાંધી. [મહાગુજરાતના માનીતા નાટ્યલેખક શ્રી. ઇન્દુલાલ ગાંધીની સુંદર, સજીવ શૈલીએ લખાએલાં નાટકો આપને અંધકારમાંથી પ્રકાશમાં દોરી જશે]

પુસ્તક બીજું : 'આપણાં લગ્નગીતો' સં અ. સૌ. ધનિષ્ઠા મજમુદાર. ફક્ત સ્ત્રીઓના જ સહકારે પ્રકટ થાય એવો અમોએ પ્રબંધ કર્યો છે, જેમાં સુંદર, ભાવનામય, જુદી જુદી ઢબનાં, જુદી જુદી જ્ઞાતિનાં કલાત્મક લગ્ન–ગીતોનો સંગ્રહ મહાગુજરાતની વિદુષી બહેનોના હાથે થશે. જેનું કલામય દ્વિરંગી કવરચિત્ર પણ ગુજરાતનાં આગેવાન ચિત્રલેખા બહેન આલેખશે.

પુસ્તક ત્રીજું : 'ગુંજન' લગ્નગીતોના પુસ્તકની સાથે જ બાળકોને આનંદ આપે એવાં સુંદર બાળગીતોનો સંગ્રહ આપવામાં આવશે; જેને માટે આપણા બાલ-પ્રેમી કવિશ્રી લલિતજી કહે છે કે : 'આવાં ગીત ગાયા કરો તેમ આપણાં ઘરબાર તો દેવનાં દરબાર જેવાં થઈ જાય, માટે ખૂબ જ ગાયા કરો.'

પુસ્તક ચોથું : 'બાળકોની માવજત' લેખક શ્રી. ડૉ. રઘુનાથ કદમ (L.C.P.S.) [આ વિષયના નિષ્ણાતના હસ્તે લખાયેલ આ દળદાર ગ્રંથમાં સ્ત્રીઓની સગર્ભાવસ્થાથી માંડીને બાળક મોટું થાય ત્યાં સુધીના તેના શારીરિક અને માનસિક વિકાસને અંગે અને સાથો-સાથ માતાની તંદુરસ્તીને માટે ખ્યાલમાં રાખવા જેવી અગત્યની અને

ઉપયોગી બાબતોનો સમાવેશ કર્યો છે.] આ એક જ પુસ્તક આપના અનેક રસ્તે વેડફાઈ જતા પૈસા બચાવી લઇ, ગૃહજીવનને સુખમય બનાવશે.

પુસ્તક પાંચમું : 'છૂપાં આંસુ' એક સળંગ, સામાજિક પ્રશ્નોની તલસ્પર્શી ચર્ચા કરતી, જીવનના નવા રાહ સૂચવતી સુંદર નવલકથા.

પુસ્તક છઠ્ઠું : 'કલાપી સ્મારક ગ્રન્થ' સ્વર્ગસ્થ કવિશ્રી કલાપીનાં સ્નેહીમિત્રો, ગુજરાતના સમર્થ સાક્ષરો, સિદ્ધહસ્ત કવિઓ, અને વિદ્વાન વિવેચકોએ તેમાં સાથ આપ્યો છે કલાપીજીની કંઠસ્થ કાવ્ય–પંક્તિઓ, પત્રધારાનાં ચિન્તનપુષ્પો, અને સ્વર્ગસ્થનાં જીવન અને કવનને લગતા તલસ્પર્શી મનનીય લેખો, વિવેચનો અને કાવ્યોથી આ ગ્રન્થ સમૃદ્ધ બન્યો છે. કલાની દૃષ્ટિએ પણ તેને સમૃદ્ધ બનાવવાના પ્રયાસો શરુ થઇ ગયા છે. આ એક જ ગ્રન્થ આપનું લવાજમ વસુલ કરી દેશે.

ઉપરના છ ગ્રન્થો પ્રકટ થયા પછી ૧૨૦૦ પેજના સરવાળામાં પેજ–સંખ્યા કમી હશે તો 'ઉમ્મર ખય્યામ'ની રૂબાઇયતોનું, શ્રીમતી દિવાળીબ્હેન ભટ્ટે શ્રી. મહાકવિ ન્હાનાલાલની શૈલીમાં અનુવાદિત કરેલ પુસ્તક પ્રકટ થશે. ઉપરનાં દરેક પ્રકાશન સફાઇદાર છપાઇ, આકર્ષક ગેટ–અપ, રંગીન ચિત્રો, તેમજ સમૃદ્ધ વાચનથી પરિપૂર્ણ હશે. આપ ગ્રાહક હો તો 'પદ્મીધર' સાથે નવા વર્ષનો પહેલો ગ્રન્થ સ્વિકારીને લવાજમ ભરી આપશો. ગ્રાહક ન હો તો વહેલી તકે થઇ જશો, અને આપના સ્નેહીમિત્રોને પણ ગ્રાહક થવા ભલામણ કરશો એવી નમ્ર વિનંતી સાથે,

તા. ક. આપને અવારનવાર અમારા તરફથી સાહિત્ય–પ્રચારને લગતી પત્રિકાઓ મોકલાય તેનો પ્રચાર યોગ્ય સ્થળે કરવા કૃપા કરશો તો મહદ્ ઉપકાર થશે.

સાહિત્યસેવક
ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ
સંપાદક
ગૃહપુસ્તકાલય ગ્રન્થમાળા
લાઠી (કાઠીઆવાડ)

ખડાયતાપ્રેસ : અમદાવાદ

[લાઠી · કાઠિયાવાડ]

આદર્શ ગ્રંથમાળા

ત્રીજું વર્ષ ૧૯૪૧ના જાન્યુઆરી માસથી શરૂ થાય

અમારાં પુસ્તકો એ. એચ. વ્હીલરના બુક સ્ટોલો ઉ
મળે છે. તેમજ જાણીતા બુકસેલરો પાસેથી માગો

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ·
ગાંધી રોડ : અમદાવાદ

ગુર્જર સાહિત્ય ભંડાર લાઠી · કાઠિયાવ